## Current Affairs March -2019

## 1.March 2019

**(૧) મૌનામતી મૈત્રી યુદ્ધ અભ્યાસ – ૨૦૧૯ :**

– ભારતની બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને બાંગ્લાદેશના બોર્ડર ગાર્ડ્સ બાંગ્લાદેશ વચ્ચે યોજાયેલ ત્રણ દિવસીય યુદ્ધ અભ્યાસ પૂરો થયો.
– આ યુદ્ધ અભ્યાસનું નામ મૌનામતી મૈત્રી યુદ્ધ અભ્યાસ ૨૦૧૯ રાખવામાં આવ્યું હતું.
– મૌનામતી બાંગ્લાદેશ સ્થિત એક પર્વતમાળા છે. જે એક પ્રાચીન બૌદ્ધ સ્થાન છે.
– આ યુદ્ધ અભ્યાસનું આયોજન બાંગ્લાદેશના કોમિલા નજીક કરવામાં આવ્યું હતું.
– તસ્કરી અને અપરાધી પ્રવૃતિને રોકવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલ આ અભ્યાસમાં બંને દેશની સૈન્ય દ્વારા સંયુક્ત રીતે તસ્કરી રોક ડ્રિલ પણ કરવામાં આવી હતી.

**(૨) પ્રયાગરાજ – બસની લાંબી પરેડનો ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ :**

– પ્રયાગરાજ કુંભ મેળામાં ૨૮ ફેબ્રુઆરી યુપી રાજ્ય માર્ગ પરિવહન નિગમની ૫૦૩ શટલ બસની ૩.૨ કિ.મી. લાંબી પરેડનો ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો.
– નેશનલ હાઇવે–૧૯ પર સહસોંથી નવાબગંજ ટોલ પ્લાઝા સુધી ૫૧૦ બસની પરેડ રાખવાનું આયોજન પ્રયાગરાજ કુંભમેળાના સંચાલકો દ્વારા કરાયું હતું.
– અગાઉનો ૩૯૦ બસની પરેડનો રેકોર્ડ તાજેતરમાં જ યુએઇના નેશનલ ડે ૨ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ અબુધાબીમાં શેખ ખલિફા ઝાયેદ હાઇવે પર નોંધાયો હતો.
– જેને માત્ર ૨ મહિના ૨૬ દિવસમાં જ ભારતે તોડી નાંખ્યો છે.

**(૩) શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર :**

– પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં વર્ષ ૨૦૧૬, ૨૦૧૭ અને ૨૦૧૮ માટેના શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર એનાયત કર્યા.
– વર્ષ ૨૦૧૬ માટે એઇમ્સ બેંગ્લોરના ડૉ. ઋષીકેશ નારાયણ, ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેંટલ રિસર્ચના ડૉ. અમલેંદુ કૃષ્ણા સહિત ૧૧ વૈજ્ઞાનિકોને સન્માનીત કરવામાં આવ્યા.
– વર્ષ ૨૦૧૭ માટે જવાહરલાલ નહેરૂ વિશ્વવિદ્યાલય દિલ્લીના ડૉ. દિપક ગૌર તેમજ વિક્રમ સારાભાઇ અંતરિક્ષ કેન્દ્રના ડૉ. એસ. સુરેશ બાબુ સહિત ૧૦ વૈજ્ઞાનિકોને સન્માનીત કરવામાં આવ્યા છે.
– વર્ષ ૨૦૧૮ માટે IIT દિલ્લીના ડૉ. અમિત કૃમાર તથા IIT કાનપુરના ડૉ. નિતિન સક્સેના સહિત ૧૩ વૈજ્ઞાનિકોને સન્માનીત કરવામાં આવ્યા છે.

**શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર :**

– શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે આપવામાં આવે છે.
– આ પુરસ્કારની શરૂઆત વર્ષ ૧૯૫૭માં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક અનુસંસાધન પરિષદના સ્થાપક ડૉ. શાંતિ સ્વરૂપ ભટનાગરની યાદમાં કરવામાં આવી હતી.
– પુરસ્કાર યુવા વૈજ્ઞાનિકો અને ઇજનેરોને તેમના અનુસંસાધન ક્ષેત્રે યોગદાન બદલ દર વર્ષે આપવામાં આવે છે.

**(૪) ક્રિસ ગેલ– ૫૦૦ સિક્સ ફટકારનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન :**

– તાજેતરમાં વેસ્ટ ઇન્ડિઝના બેટ્સમેન ક્રિસ ગેલે પોતાના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેરિયરમાં ૫૦૦ સિક્સ ફટકારી.
– આ સાથે જ તે ૫૦૦ સિક્સ ફટકારનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બની ગયો છે.
– આ સિધ્ધી તેણે ઇંગ્લેન્ડ વિરૂદ્ધની મેચમાં નોંધાવી છે.
– આ મેચ દરમ્યાન તે ૧૦ હજારથી વધારે રન બનાવનાર ખેલાડીઓમાં દુનિયાનો ૧૪ મો અને વિન્ડીઝનો બીજો ખેલાડી બન્યો.
– તાજેતરમાં જ ક્રિસ ગેલે આંતરરાષ્ટ્રીય વન–ડે ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.
– તે ઇંગ્લેન્ડ ખાતે યોજાનાર આઇસીસી વર્લ્ડ કપ ૨૦૧૯ બાદ નિવૃત્તિ લેશે.
– ક્રિસ ગેલે વર્ષ ૧૯૯૯માં કેનેડાના ટોરેન્ટોમાં ભારત સામેની મેચમાં પોતાની વનડે કારકિર્દીની શરૂઆત કરી હતી.
– તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ૨૦ વર્ષમાં ૨૮૪ વનડે રમી છે.
– તેણે આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૧૦૩ ટેસ્ટ અને ૫૬ ટી–૨૦ મેચો રમી છે, જેમાં તેણે અનુક્રમે ૭૨૧૪ અને ૧૬૦૭ રન કર્યા હતા.

1. મૌનામતી મૈત્રી યુધ્ધ અભ્યાસ 2019 ક્યા બે દેશ વચ્ચે યોજાયો હતો? - ભારત અને બાંગ્લાદેશ

2.મૌનામતી પર્વતમાળા ક્યા દેશમાં આવેલી છે? - બાંગ્લાદેશ

3. તાજેતરમાં બસની લાંબી પરેડનો ગિનીઝ વલ્ડ રેકોર્ડ ક્યાં નોંધાયો? - પ્રયાગરાજ

4. તાજેતરમાં 2016, 2017 અને 2018ના શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર કોણે એનાયત કર્યા? - નરેન્દ્ર મોદી

5. શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર ક્યા ક્ષેત્રે આપવામાં આવે છે? - વિજ્ઞાન અને ટેકનોલોજી

6. ક્રિકેટમાં 500 સિકસ ફટકારનાર વિશ્વનો પ્રથમ ખેલાડી જણાવો? - ક્રિસ ગેલ

## 2.March 2019

**(૧) રાષ્ટ્રીય જળ પુરસ્કાર ૨૦૧૮ :**

- ભારત સરકારના કેન્દ્રિય જળ સંસાધન, નદી વિકાસ મંત્રી નિતિન ગડકરીએ ૧૪ શ્રેણીમાં રાષ્ટ્રીય જળ પુરસ્કાર એનાયત કર્યા.
- આ પુરસ્કારની શરૂઆત વર્ષ ૨૦૦૭માં કેન્દ્રિય જળ સંસાધન મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.
- આ પુરસ્કાર જળ સંચય ક્ષેત્રે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી એનાયત કરવામાં આવે છે.
- નવી દિલ્લી ખાતે આપવામાં આવેલ આ પુરસ્કારમાં ગુજરાતના નર્મદા જિલ્લાને ત્રીજું સ્થાન મળ્યું છે.
- નર્મદા જિલ્લાના નાયબ ક્લેક્ટરે આ પુરસ્કાર સ્વીકાર્યો હતો.
- નર્મદા જિલ્લામાં જળ સંશોધન પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો જે અંતર્ગત ૩૯ નવા તળાવનું નિર્માણ થયું હતું માટે તેની પસંદગી કરવામાં આવી છે.
- નર્મદા જિલ્લાનું વડુમથક રાજપીપળા છે.

**(૨) ડૉ. કલામ ઇનોવેશન ઇન– ગવર્નન્સ એવોર્ડ :**

- નવી દિલ્લી ખાતે યોજાયેલ ડૉ. એપીજે અબ્દુલ કલામ શિખર સંમેલનના કાર્યક્રમ દરમ્યાન ઉપરાષ્ટ્રપતિ શ્રી વેકૈંયા નાયડુએ ડૉ. કલામ ઇનોવેશન ઇન ગવર્નન્સ એવોર્ડ ૨૦૧૯ એનાયત કર્યા.
- ડૉ. કલામ ઇનોવેશન ઇન ગવર્નન્સ એવોર્ડ પ્રશાસનમાં સફળ યોગદાન બદલ સંસ્થા તેમજ વ્યક્તિગત રીતે આપવામાં આવે છે.
- આ એવોર્ડ શિક્ષણ, સ્વાસ્થ્ય સ્વચ્છતા તથા પોષણ, સુરક્ષા, મહિલા અને બાળ કલ્યાણ બેંકિંગ, ગ્રામીણ વિકાસ, કૃષિ જેવા ક્ષેત્રે આપવામાં આવે છે.
- આ અંતર્ગત અમદાવાદ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી અરૂણ મહેશબાબુને ગુગલ સ્કૂલ બનાવવા માટેની સફળ કામગીરી બદલ ડૉ. કલામ ઇનોવેશન ઇન ગર્વનન્સ ઉપરાષ્ટ્રપતિના હસ્તે એનાયત કરાયો હતો.

**(3) ઓર્ગેનાઇઝેશન ઓફ ઇસ્લામિક કો– ઓપરેશન (ઓઆઇસી) બેઠક**

- સંયુક્ત આરબ અમિરાતની રાજધાની અબુધાબી ખાતે ઓર્ગેનાઇઝેશન ઓફ ઇસ્લામિક કો–ઓપરેશન (ઓઆઇસી)ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ વખતે ઓઆઇસીની ૪૬ મી બેઠક છે.
- આ આયોજનમાં પ્રથમ વખત ભારતે ગેસ્ટ ઓફ ઓનર તરીકે ભાગ લીધો.
- ૫૦ વર્ષમાં પહેલીવાર ભારત ઇસ્લામિક દેશોના સંમેલનમાં મુખ્ય અતિથિ બન્યું છે.
- આ વર્ષે ઓઆઇસી તેનું સુવર્ણ શતાબ્દી વર્ષ ઉજવી રહ્યું છે.
- ઓઆઇસીની રચના ૨૪ મુસ્લિમ દેશોએ કરી.
- તેના રાષ્ટ્રાધ્યક્ષોની પ્રથમ બેઠક મોરોક્કોના રબાતમાં ૧૯૬૯માં થઇ હતી. ઓઆઇસીનું મુખ્યાલય સાઉદીના જેદ્દાહમાં છે.
- વિદેશમંત્રીઓની પ્રથમ બેઠક વર્ષ ૧૯૭૦માં થઇ હતી.
- આ વખતે ભારત તરફથી વિદેશમંત્રી સુષમા સ્વરાજે યુએઇમાં ઓઆઇસી વિદેશમંત્રીઓની ૨૬મી બેઠકમાં ભાગ લીધો હતો.
- ૨૦૧૧માં સંગઠનનું નામ ઓર્ગેનાઇઝેશન ઓફ ધ ઇસ્લામિક કોન્ફરન્સથી બદલીને ઓર્ગેનાઇઝેશન ઓફ ઇસ્લામિક કો–ઓપરેશન (ઓઆઇસી) કરી દેવાયું છે.
- હાલ ૫૭ દેશ સભ્ય છે. સભ્ય દેશોની જનસંખ્યા અંદાજે ૨ અબજ છે.
- ભારત દુનિયાનો ત્રીજો સૌથી મોટો દેશ છે. તેમ છતાં ભારત ન તો ઓઆઇસીનું સભ્ય છે અને તેની પાસે તેના નિરીક્ષક રાષ્ટ્રનો પણ દરજ્જો નથી.

1. રાષ્ટ્રીય જળ પુરસ્કારની શરૂઆત ક્યા વર્ષથી થઈ છે? -2007

2. નર્મદા જિલ્લાનું વડુમથક જણાવો - રાજપીપળા

3. ડૉ. કલામ ઈનોવેશન ઈન ગવર્નન્સ એવોર્ડ 2019 કોને એનાયત થયો? - અરુણ મહેશબાબુ

4. DICની 46મી બેઠકનું આયોજન ક્યાં થયું હતું? - અબુધાબી

5. OICની કેટલામી બેઠકમાં ભારતે ભાગ લીધો? - 46

## 3.March 2019

**(૧) વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન :**

- ૨૬ ફેબ્રુઆરીએ ભારતીય વાયુ સેના દ્વારા કરવામાં આવેલ એર સ્ટ્રાઇક બાદ પાકિસ્તાન વાયુસેનાએ ભારતીય સૈન્યનાં ઠેકાણાં પર હુમલાનો પ્રયાસ કર્યો હતો.
- જવાબી કાર્યવાહીમાં ભારતીય વાયુદળે પાકિસ્તાનના એક યુદ્ધ વિમાન એફ–૧૬ને તોડી પાડ્યું હતું.
- આકાશમાં થયેલી આ લડાઇમાં પાકિસ્તાને ભારતના એક મિગ ૨૧ વિમાનને એલઓસીમાં પાડી દીધું હતું.
- મિગના પાઇલટ અભિનંદન વર્ધમાને પાકિસ્તાનની સેના દ્વારા પકડી લેવામાં આવ્યા હતા.
- જાબાંઝ વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન ૧ માર્ચ ૨૦૧૯ના રોજ રાત્રે અંદાજે ૫૮ કલાક પછી પાકિસ્તાનની પકડમાંથી છૂટીને ભારત પહોંચ્યા હતા.
- વાઘા–અટારી બોર્ડર પરથી તેમણે ભારતમાં પ્રવેશ કર્યો હતો. ભારત દ્વારા વાઘા અટારી બોર્ડર પર થતી બીટિંગ રિટ્રિટ રદ કરી દીધી.
- ૧૯૬૫ પછી છઠ્ઠી વખત આ સેરેમની રદ થઇ હતી.
- વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન તામિલનાડુનો વતની છે.
- વિંગ કમાન્ડર અભિનંદ પાકિસ્તાનથી પરત ફર્યાની ખુશીમાં બીસીસીઆઇએ ટીમ ઇન્ડિયાની વિંગ કમાન્ડર અભિનંદન અને નંબર ૧ લખેલ જર્સી જાહેર કરી હતી.
- બીસીસીઆઇએ આ જર્સી અભિનંદનના સન્માનમાં જાહેર કરી છે.
- અભિનંદન પહેલા વાયુદળના ત્રણ જવાનો પાક.માં કેદ થઇ ચૂક્યા છે.
- સૌથી પહેલાં ૧૯૬૫ના ભારત– પાક. યુદ્ધ દરમ્યાન એર માર્શલ કે.સી. કેરીઅપ્પા ૪ મહિના સુધી પાક.ની કેદમાં હતા.
- ૧૯૭૧ના બાંગ્લાદેશની આઝાદીવાળા યુદ્ધમાં કોમોડોર એ.એલ ભાર્ગવ પાક.માં પહોંચી ગયા હતા. તેમણે ૧૨ કલાક પાકિસ્તાનીના નામે ઓળખ છુપાવી હતી પરંતુ પછી

પકડાઇ ગયા હતા. તેઓ સૌથી વધુ ૧ વર્ષ સુધી પાક. ની કેદમાં હતા.

- ૧૯૯૯ના કારગિલ યુદ્ધ દરમિયાન મિગ–૨૭ ક્રેશ થતાં કમ્બપતિ નચિકેતા પીઓકેમાં ઉતર્યા હતા. તેમની મુક્તિ એક સપ્તાહ પછી થઇ હતી.

**(૨) વર્લ્ડ વાઇલ્ડ લાઇફ ડે :**

- દર વર્ષે ૩ માર્ચના રોજ સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વર્લ્ડ વાઇલ્ડ લાઇફ ડે મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી વર્ષ ૨૦૧૩ થી કરવામાં આવે છે.
- વન્યજીવોના સંરક્ષણ સાથે સંબંધિત મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સંધિ ૩ માર્ચ ૧૯૭૩ના રોજ કરવામાં આવી હતી.
- ૨૦૧૯ થીમ – Life below Water : for People and Planet'.

**(૩) ઇલેક્ટ્રિક બસને લીલીઝંડી :**

- અમદાવાદમાં પ્રદૂષણને નાથવા ડીઝલ બસની જગ્યાએ ઇલેક્ટ્રિક બસ દોડાવવાની યોજનાના ભાગરૂપે પ્રથમ બે બસને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ લીલીઝંડી બતાવી હતી.
- બંને બસ આરટીઓ સરક્યુલર રૂટ પર શરૂ કરાઇ છે.
- આ ઉપરાંત ૫૦ ઈ– રિક્ષાની ફીડર તરીકે શરૂઆત કરાઇ છે.
- શહેર માટે ૩૦૦ ઇલેક્ટ્રિક બસ વસાવવાની યોજના છે.
- સ્વેપીંગ સિસ્ટમથી ચાલતી ઇલેક્ટ્રિક બસ ૩૫ થી ૪૦ કિલોમીટર અંતર કાપી શકે છે.

1. વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન ક્યા રાજ્યના વતની છે?

 - તામિલનાડુ

2. વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડે ક્યારે ઉજવાય છે? - ૩ માર્ચ

3. વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડે ની ઉજવણી ક્યા વર્ષથી કરવામાં આવે છે? - 2013

4. તાજેતરમાં અમદાવાદને ઈલેક્ટ્રિક બસ દોડાવવાની લીલીઝંડી કોના દ્વારા આપવામાં આવી?

 - ભુપેન્દ્રસિંહ ચુડાસમા

5. ગુજરાતના શિક્ષણમંત્રી જણાવો? - ભુપેન્દ્રસિંહ ચુડાસમા

## 4.March 2019

**(૧) રાષ્ટ્રીય સુરક્ષા દિન :**

- દર વર્ષે ૪ માર્ચના રોજ ભારતભરમાં રાષ્ટ્રીય સુરક્ષા દિન ઉજવવામાં આવે છે.
- નાગરિકોમાં સુરક્ષા અંગે જાગૃતતા લાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ ૧૯૬૬માં મુંબઇ સોસાયટી અધિનિયમ અંતર્ગત ૪ માર્ચના રોજ નેશનલ સેફ્ટી કાઉન્સીલની રચના કરવામાં આવી હતી.
- નેશનલ સેફ્ટી કાઉન્સીલ દ્વારા ૪ માર્ચના રોજ રાષ્ટ્રીય સુરક્ષા દિવસ મનાવવામાં આવે છે.
- દર વર્ષે ૪ માર્ચથી ૧૦ માર્ચ સુધી દેશભરમાં રાષ્ટ્રીય સુરક્ષા સપ્તાહનું પણ આયોજન કરવામાં આવે છે.

**(૨) દુનિયાની પ્રથમ સોલર ટ્રેન :**

- ઓસ્ટ્રેલિયાના બેરોન બે શહેરમાં દુનિયાની પ્રથમ સોલર ટ્રેન ચાલવા લાગી છે. આ ટુરિસ્ટ ટ્રેનનું નામ સનલાઇટ એક્સપ્રેસ છે.
- આ બેરોન બે શહેરના ૩ કિમીના દાયરામાં ચાલે છે. વર્ષ ૧૯૪૯ થી રૂટ પર ડીઝલ એન્જિન દ્વારા ટ્રેન ચલાવવામાં આવતી હતી. રેલવે રોડ કંપનીએ તેને બે વર્ષમાં સોલર એન્જિનમાં રૂપાંતરિત કર્યું.
- તેનો ઉદ્દેશ્ય હતો કે બેરોન વિસ્તાર પ્રદૂષણ મુક્ત રહે.
- ૨ ડબા ધરાવે છે તેની સ્પીડ ૧૪૦ કિમીની છે.
- સનલાઇટ એક્સપ્રેસની છત પર ૪૦ સોલર પેનલ લાગેલી છે. તે એક દિવસમાં ૩૬.૫ કિલોવોટ વીજળી પેદા કરી શકે છે.
- ભારતમાં જુલાઇ ૨૦૧૭માં પહેલીવાર ટ્રેનોમાં ફક્ત પંખા, લાઇટ માટે સોલર પેનલ લગાવાઇ હતી.
- આ ટ્રેન દિલ્હીના સફદરગંજ સ્ટેશનથી અમુક અંતર સુધી ટ્રાયલ પર ચાલી. ટ્રેનમાં ૮ ડબા હતા.

**(3) બેન્ક ઓફ બરોડના નોન એક્ઝિક્યુટિવ ચેરમેન – ડૉ. હસમુખ અઢિયા**

- માજી નાણા સચિવ ડૉ. હસમુખ અઢિયાની નિમણૂક બેન્ક ઓફ બરોડાના નોન એક્ઝિક્યુટિવ ચેરમેનપદે કરવામાં આવી છે.
- તેઓ પાર્ટ ટાઇમ નોન ઓફિશિયલ ડાયરેક્ટર પણ રહેશે.
- આ નિમણૂક ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે.
- નોટબંધી અને જીએસટીના અમલમાં મહત્વની ભૂમિકા ભજવનારા કેન્દ્રીય મહેસૂલ સચિવ તરીકે હસમુખ અઢિયા ૩૦ નવેમ્બરે નિવૃત્ત થયા હતા.
- ભારતીય વહીવટી સેવા (આઇએએસ) ના ગુજરાત કેડરના ૧૯૮૧ બેચના અધિકારી અઢિયા કેન્દ્રમાં મોદીના વડાપ્રધાન બન્યા પછી નવેમ્બર ૨૦૧૪માં તેમને નાણાકીય સેવાઓ વિભાગના સચિવ તરીકે નિમવામાં આવ્યા હતા.
- ઓગસ્ટ ૨૦૧૫માં તેમને મહેસૂલ સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેમને નવેમ્બર ૨૦૧૭માં નાણાં સચિવ બનાવવામાં આવ્યા હતા.

1. રાષ્ટ્રીય સુરક્ષા દિન ક્યારે મનાવાય છે? - 4 માર્ચ

2. દુનિયાની પ્રથમ સોલાર ટ્રેનનું નામ જણાવો? - સનલાઈટ એક્સપ્રેસ

3. દુનિયાની પ્રથમ સોલાર ટ્રેન ક્યા દેશમાં શરૂ થઈ? - ઓસ્ટ્રેલીયા

4. BOBના એકઝિક્યુટિવ ચેરમેન પદે કોની નિણૂંક કરવામાં આવી?

- ડૉ. હસમુખ ધોળકિયા

Vivekanand Academy Gandhinagar

Vivekanand Academy Gandhinagar

## 5.March 2019

**(૧) વડાપ્રધાનનો ગુજરાત પ્રવાસ :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવ્યા હતા.
- મોદી પોતાના પ્રથમ દિવસના ગુજરાત પ્રવાસની શરૂઆત જામનગરથી કરી હતી ત્યાં તેમણે સૌની યોજનાનું લોકાર્પણ કર્યું હતું.
- સૌની યોજના અંતર્ગત જામનગર ખાતે આવેલ રણજીત સાગર ડેમ અને રાજકોટના ન્યારી – ૧ ને નર્મદાના પાણીથી ભરવામાં આવશે.
- વડાપ્રધાને જામનગર ખાતેથી જોડિયા ખાતે બનેલ રાજ્યના પ્રથમ ડિ– સેલિનેશનલ પ્લાન્ટનો શુભારંભ કરાવ્યો હતો.
- આ પ્લાન્ટમાં દરિયાના ખારા પાણીમાંથી દરરોજ ૧૦ કરોડ લીટર મીઠું પીવાનું પાણી બનાવવામાં આવશે.
- આ શુદ્ધ પાણી પાઇપલાઇન દ્વારા રાપર ખાતે લાવવામાં આવશે.
- તામિલનાડુ પછી ગુજરાત એકમાત્ર રાજ્ય છે કે જ્યા ખારા પાણી માંથી મીઠું પાણી બનાવવામાં આવે છે.
- જામનગર ખાતેના ૭૧ કરોડના ખર્ચે નવનિર્મિત ગુરૂ ગોબિંદસિંગ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવ્યું.
- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત જામનગર નિર્મિત આવાસનું લોકાર્પણ કરવામાં આવ્યું.
- બાંદ્રાથી જામનગર માટે હમસફર એક્સપ્રેસ ટ્રેનને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જામનગર ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.
- જામનગર બાંદ્રા હમસફર ટ્રેનની નિયમિત સેવા ૬ માર્ચથી બાંદ્રાથી શરૂ થશે.
- આ પ્રસંગે રેલવે રાજકોટ– કાનાલૂસ ટ્રેકના ડબલિંગ પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરાવ્યો હતો.
- અમદાવાદમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન રિમોટથી તેઓ આણંદ ગોધરા ડબલિંગ પ્રોજેક્ટનો શિલાન્યાસ સહિત અન્ય પ્રોજેક્ટનું પણ વીડિયો લિંકથી લોકાર્પણ કરાવ્યુ હતું.
- વડાપ્રધાનશ્રીએ અમદાવાદના જાસપુર ગામ ખાતે વિશ્વનું સૌથી મોટું મંદિર ઉમિયા માતાજીનું ભૂમિ પૂજન કર્યું હતું.
- વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા ૧૦૦ વિઘામાં ૧ હજાર કરોડના ખર્ચે આ વિશ્વ ઉમિયાધામ મંદિર સંકુલનું નિર્માણ થવાનું છે.
- વડાપ્રધાને અમદવાદની સિવિલ હોસ્પિટલમાં પીએમ આયુષ્માન યોજનાના લાભાર્થીઓને સંબોધિત કર્યા હતા.
- બાદમાં સિવિલ હોસ્પિટલના નવા બિલ્ડીંગનું ઉદ્દ્ઘાટન કર્યું હતું.

**(૨) ગુજરાતની પ્રથમ મેટ્રોનું ઉદ્દ્ઘાટન :**

- વડાપ્રધાનશ્રીએ અમદાવાદ મેટ્રો ટ્રેનનું લોકાર્પણ કર્યું હતું.
- મેટ્રોનો પ્રથમ ૬.૫ કિમીનો વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક સુધીના રૂટનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકાર્પણ કર્યું હતું.
- ત્યારબાદ વસ્ત્રાલ ગામથી નિરાંત ક્રોસ રોડ સુધીના એક સ્ટેશનની તેઓ મુસાફરી પણ કરી હતી.
- નાગરિકો માટે ૬ માર્ચ થી એક ટ્રેન અને બીજી ટ્રેન ૧૧ માર્ચ થી દોડાવાશે.
- અમદાવાદ દેશનું એકમાત્ર એવું શહેર બન્યું છે કે, જેની પાસે સિટી બસ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS), રેપિડ બસ ટ્રાન્સ પોર્ટ (BRTS) તથા મેટ્રો રેલ (રેલ માસ ટ્રાન્ઝિટ) એમ ત્રણ પબ્લિક ટ્રાન્સપોર્ટ છે.
- ત્યારબાદ વડાપ્રધાનશ્રીએ રિમોટથી મેટ્રો ફેઝ–૨ મોટેરાથી મહાત્મા મંદિર સુધીના ૨૨.૮૪ કિલોમીટરની કામગીરીનું ભૂમિપૂજન કર્યું હતું. તેમાં ૫.૪૨ કિલોમીટર લાંબા જીએનએલયુથી ગિફ્ટ સિટી કોરિડોરનો સમાવેશ થાય છે.
- આ માટે ૬૭૬૯ કરોડ રૂપિયાના ખર્ચે એલિવેટેડ કોરિડોર પર ૨૨ સ્ટેશન તૈયાર કરવાની યોજના છે.
- શહેરમાં મેટ્રોના પહેલો પ્લાન ૨૦૦૫માં કેન્દ્ર સમક્ષ મુકાયો હતો.
- ૨૦૧૪માં રાજ્ય સરકારે નવેસરથી ડીપીઆર રજૂ કરતા કેન્દ્ર સરકારે તે જ વર્ષે ૧૯ ઓક્ટોબરે મંજૂરી આપી.
- ૨૦૧૫માં ૧૪ મી માર્ચે ફેઝ–૧ના ઇસ્ટ વેસ્ટ કોરિડોરનું ભૂમિ પૂજન ભૂતપૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે કર્યું હતું.

**(૩) પ્રધાનમંત્રી શ્રમ યોગી માન ધન યોજના :**

- વસ્ત્રાલમાં ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી માન ધન પેન્શન યોજનાનો શરૂઆત કરાવ્યો હતો.
- ગુજરાત સહિત દેશભરમાં લાખો કામદારો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. આવા કામદારોને ૬૦ વર્ષની ઉંમર બાદ દર મહિને ૩૦૦૦ રૂપિયા પેન્શન મળી રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી શ્રમ યોગી માન ધન યોજના શરૂ કરાઇ આવી છે.
- આ યોજનાની જાહેરાત બજેટ દરમ્યાન કરવામાં આવી હતી.
- અ સંગઠિત ક્ષેત્રનો ૧૮ વર્ષથી ૪૦ વર્ષની ઉંમરનો અને મહિને ૧૫૦૦૦ થી ઓછું કમાતો કોઇપણ મજૂર આ યોજનાનો લાભ લઇ શકશે
- આ યોજનામાં જોડાવા માટે કામદારોએ ઇપીએફઓ, ઇએમઆઇસી, એલઆઇસી સહિત અન્ય સર્વિસ સેન્ટરમાં જઇ ખાતુ ખોલાવી શકાશે.

**(૪) પ્રયાગરાજ કુંભનું સમાપન :**

- મહાશિવરાત્રિ પર છઠ્ઠા અને અંતિમ સ્નાન સાથે પ્રયાગરાજ કુંભનું સમાપન થયું.

- દુનિયાનો સૌથી મોટો ધાર્મિક અને આધ્યાત્મિક મેળો કુંભ પ્રયોગરાજમાં મકરસંક્રાંતિ નિમિત્તે બ્રહ્મ મુહૂર્તમાં સંગમ ઘાટ ખાતે સંતોના પ્રથમ શાહીસ્નાન કુંભ શરૂ થયો હતો.
- પરંપરાઓના મિલન સાથે આ અર્ધકુંભને તેની ભવ્યતા અને દિવ્યતાને કારણે મહાકુંભ નામ અપાયું છે.
- કુંભમાં કુલ આઠ શાહી સ્નાન હોય છે જેના માટે ૨૧ ઘાટ ઊભા કરવામાં આવ્યા હતા.
- કુંભમાં પ્રથમ વખત મેળા ક્ષેત્ર અંદાજે ૪૫ કિ.મી.માં ફેલાયેલું હતું.
- પહેલા તે માત્ર ૨૦ કિ.મી. વિસ્તારમાં જ થતો હતો.
- મેળામાં ૫૦ કરોડના ખર્ચે ૪ ટેંટ સિટી વસાવવામાં આવ્યા હતા, જેમના નામ કલ્પ વૃક્ષ, કેનવાસ, વૈદિક ટેંટ સિટીં, ઇન્દ્રપ્રસ્થમ્ સિટી હતા.
- કુંભ દરમિયાન પ્રયાગરાજમાં દુનિયાનું સૌથી મોટું અસ્થાયી શહેર વસાવવામાં આવ્યું હતું.
- આ વખતે કુંભની થીમ 'સ્વચ્છ કુંભ અને સુરક્ષિત કુંભ' રાખવામાં આવી હતી.
- મેળામાં પ્રથમ વખત ભીડનું મેનેજમેન્ટ કરવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- કુંભ ૨૦૧૯માં પ્રથમ વખત કિન્નર અખાડા પણ સામેલ થયા હતા, કુલ અખાડા ૧૫ હતા.
- કુંભ ૨૦૧૯નું આયોજન ઉત્તરપ્રદેશ વિધાનસભા દ્વારા રચાયેલી 'પ્રયાગરાજ મેળા ઓથોરિટી' દ્વારા કરવામાં આવ્યું હતું.
- કુંભ ૨૦૧૯ના લોગોમાં પ્રયાગરાજના ત્રિવેણી સંગમમાં સ્નાન કરતાં સાધુઓ અને ઓમ લખેલ કળશનું ચિત્ર દર્શાવવામાં આવ્યું હતું.

**માન્યતા :**

- કુંભનો અર્થ કળશ થાય છે. તેનો સંબંધ સમુદ્ર મંથન દરમિયાન અંતમાં નિકળેલા અમૃત કળશ સાથે છે.
- માન્યતા છે કે દેવતા – અસુર અમૃત કળશ એકબીજા પાસેથી આંચકી રહ્યા હતા, ત્યારે તેના કેટલાક ટીપા ધરતીની ત્રણ નદીઓમાં પડ્યા હતા, જ્યાં આ ટીપાં પડ્યાં ત્યાં કુંભ થાય છે.
- આ નદીઓના નામ ગંગા, ગોદાવરી અને ક્ષિપ્રા છે.

**કુંભ :**

- ભારતમાં ૪ સ્થળપર ૫ર કુંભ થાય છે. તેના નામ – પ્રયાગરાજ, હરિદ્વાર, ઉજ્જૈન અને નાસિક છે.
- તેમાંથી દરેક સ્થળ પર ૧૨મા વર્ષે કુંભ થાય છે. પ્રયાગમાં બે કુંભ પર્વો વચ્ચે ૬ વર્ષના અંતરે અર્ધ કુંભ પણ થાય છે.
- પ્રયાગરાજમાં છેલ્લો કુંભ ૨૦૧૩માં થયો હતો.
- કુંભ મેળા ૨૦૨૨ માં હરિદ્વારમાં યોજવામાં આવશે અને ૨૦૨૫માં કુંભ ફરીથી પ્રયાગરાજમાં યોજવામાં આવશે
- કુંભ મેળાને યુનેસ્કો દ્વારા વર્ષ ૨૦૧૭માં ઇન્ટેનજીબલ કલ્ચરલ ઓફ હેરિટેજનો દરજ્જો આપ્યો હતો.

**ઇતિહાસ :**

- પ્રયાગ કુંભનો લેખિત ઇતિહાસમાં ઉલ્લેખ ગુપ્તકાળ (ચોથીથી છઠ્ઠી સદી) માં મળે છે.
- પ્રવાસી હ્યુન –ત્સાંગે તેમના પુસ્તકમાં કુંભનો ઉલ્લેખ કર્યો છે.
- તે ૬૧૭ થી ૬૪૭ સુધી ભારતમાં રહ્યો હતો. તેણે લખ્યું છે કે પ્રયાગમાં રાજા હર્ષવર્ધન પોતાનું બધું જ દાન કરી રાજધાની પાછા ફરે છે.

1. ગુજરાતનો પ્રથમ ડિ સેલિનેશન પ્લાન્ટનો શુભારંભ કયાં થયો?

- જોડિયા જામનગર

2. અમદાવાદ મેટ્રો ટ્રેનનું લોકાર્પણ કોના દ્વારા થયું? - નરેન્દ્ર મોદી

3. પ્રધાનમંત્રી જન ધન પેન્શન યોજનાનો આરંભ કયાંથી થયો હતો? - વસ્ત્રાલ

4. કુંભમેળો 2019ની થીમ શું હતી - સ્વચ્છ કુંભ, સુરક્ષિત કુંભ

5. કુંભનો અર્થ શું થાય? - કળશ

## 6.March 2019

**(૧) વિંગ કમાન્ડર અભિનંદ – ભગવાન મહાવીર અહિંસા પુરસ્કાર :**

- ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાનને પ્રથમ ભગવાન મહાવીર અહિંસા પુરસ્કારથી સન્માનીત કરવામાં આવશે.
- તેમને આ પુરસ્કાર ૧૭ એપ્રિલ ૨૦૧૯ના રોજ આપવામાં આવશે.
- આ પુરસ્કારની શરૂઆત અખિલ ભારતીય દિગંબર જૈન મહાસમિતિ દ્વારા કરવામાં આવી છે.
- આ પુરસ્કાર વિજેતાને ૨.૫૧ લાખના ઇનામ સાથે મોમેંટો તથા પ્રમાણપત્ર આપવામાં આવશે.
- વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન તામિલનાડુના વતની છે.

**(૨) સતિશ રેડ્ડી – મિસાઇલ સિસ્ટમ એવોર્ડ :**

- તાજેતરમાં સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડીઆરડીઓ) ના ચેરમેન જી. સતિશ રેડ્ડીને અમેરિકન ઇન્સ્ટિટ્યૂટ ઓફ એરોનોટિક્સ દ્વારા મિસાઇલ સિસ્ટમ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.
- જી. સતિશ રેડ્ડીએ આ પુરસ્કાર રેથીયોન મિસાઇલ સિસ્ટમના પ્રિન્સિપલ એન્જીનિયરિંગના જે વિલ્સન સાથે સંયુક્ત રીતે આપવામાં આવ્યો.
- જી. સતિશ રેડ્ડી આ પુરસ્કાર જીતનાર પ્રથમ ભારતીય અને ગેર અમેરિકી વ્યક્તિ છે.
- જી. સતિશ રેડ્ડી રક્ષા મંત્રીના વૈજ્ઞાનિક સલાહકાર છે.
- જી. સતિશ રેડ્ડી રોયલ એરોનોટિકલ સોસાયટી લંડન દ્વારા સિલ્વર મેડલ પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય વૈજ્ઞાનિક છે.

- DRDO : The Defence Research and Development Organisation
- DRDO ની સ્થાપના વર્ષ ૧૯૫૮માં થઇ હતી.

**(3) આર્મમેન્ટ ફેક્ટરીનું ઉદ્દઘાટન :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લામાં ભારત – રશિયાના આર્મમેન્ટ ફેક્ટરીનું ઉદ્દઘાટન કર્યું.
- ભારત – રશિયા (ઇન્ડો – રશિયા) રાઇફલ પ્રા. લિ. ભારત અને રશિયાનો સંયુક્ત પ્રોજેક્ટ છે.
- આ પ્રોજેક્ટ માટે ભારત અને રશિયા વચ્ચે ૭ લાખ ૫૦ હજાર રાઇફલના નિર્માણ માટે કરાર કરવામાં આવ્યા છે.
- કોરાવા આર્મમેન્ટ ફેક્ટરીમાં પ્રતિષ્ઠિત ક્લાશિનોવ રાઇફલ્સની નવી શ્રેણીઓનું નિર્માણ કરવામાં આવશે.
- રશિયાના સહયોગથી અમેઠીમાં AK-203 મોડર્ન રાઇફલનું નિર્માણ કરવામાં આવશે.

**(૪) કર્ણાટક સરકારે વર્ષ ૨૦૧૯ને ‘જળ વર્ષ’ ઘોષિત કર્યું. :**

- કર્ણાટક સરકારે ૨૦૧૯ના વર્ષને ‘જળ વર્ષ’ જાહેર કર્યું.
- જળના મહત્વમાં વધારો કરવાના ઉદ્દેશયથી આ જાહેરાત કરવામાં આવી.
- કર્ણાટક રાજધાની – બેંગ્લોર
- કર્ણાટક મુખ્યમંત્રી – એચ.ડી. કુમારસ્વામી
- કર્ણાટક રાજ્યપાલ – વજુભાઇ વાળા

**(૫) ભારતનો ૫૦૦મો વન–ડે વિજય :**

- ભારતે ઓસ્ટ્રેલીયા સામેની પાંચ મેચની વન–ડે સીરિઝ દરમ્યાન બીજી વન –ડેમાં ભારતીય ટીમે વન–ડેમાં પોતાની ૫૦૦ મી જીત મેળવી.
- આમ કરનારી તે દુનિયાની બીજી ટીમ બની ગઇ છે. ઓસ્ટ્રેલિયા ૫૫૮ મેચ જીત્યું છે.
- ભારતે અત્યાર સુધી કુલ ૯૬૩ વન–ડે મેચ રમી છે.
- મેચ દરમ્યાન કેપ્ટન કોહલીએ ૧૦૭ બોલમાં સદી પૂરી કરી હતી. આ સાથે જ કોહલીએ ૨૨૪ મી મેચમાં ૪૦ મી સદી કરી હતી.
- રવીન્દ્ર જાડેજાએ મેચમાં ૧૦ રન બનાવતા જ એક અનોખો વિક્રમ તેના નામે કર્યો હતો.
- તે વન–ડેમાં ૧૫૦ થી વધુ વિકેટ અને ૨૦૦૦ થી વધુ રન બનાવનાર ત્રીજો ભારતીય ખેલાડી બની ગયો છે.
- આ પહેલા કપિલ દેવ અને સચિન જ આવું કરી શક્યા છે.
- ભારતે પોતાની પ્રથમ વન–ડે ઇંગ્લેન્ડ સામે વર્ષ ૧૯૭૪માં રમી હતી.

1. તાજેતરમાં ભગવાન મહાવિર અહિંસા પુરસ્કાર કોને એનાયત થયો? - વિંગ કમાન્ડર અભિનંદન

2. વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન કયા રાજ્યના વતની છે?
- તામિલનાડુ

3. સતિશ રેડ્ડીને તાજેતરમાં કયો એવોર્ડ એનાયત થયો?
- મિસાઈલ સિસ્ટમ

3. DRDOની સ્થાપના ક્યા વર્ષમાં થઈ હતી? -1958

4. ભારત-રશિયાના આર્મમેન્ટ ફેક્ટરીનું ઉદઘાટન ક્યા રાજ્યમાં થયુ? - અમેઠી ઉત્તરપ્રદેશ

5. કર્ણાટકની સરકારે ક્યા વર્ષને 'જળવર્ષ' જાહેર કર્યું? 2019

6. ભારતે વનડેમાં 500મી જીત કઈ ટીમ સામે નોંધાવી?
- ઓસ્ટ્રેલિયા

## 7.March 2019

**(૧) જન ઔષધિ દિવસ : ૭ માર્ચ :**

**(૨) નેશનલ કૉમન મોબિલિટી કાર્ડ :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં નેશનલ કૉમન મોબિલિટી કાર્ડ લોન્ચ કર્યું.
- આ કાર્ડનો ઉપયોગ દેશના બધા જ સાર્વજનિક પરિવહન માધ્યમોમાં કરી શકશે.
- આ કાર્ડ ક્રેડિટ કાર્ડ તેમજ ડેબિટ કાર્ડની જેમ કાર્ય કરે છે.
- નેશનલ કૉમન મોબિલિટી કાર્ડની રજૂઆત વર્ષ ૨૦૦૬માં રાષ્ટ્રીય શહેરી પરિવહન નીતિ અંતર્ગત કેન્દ્રિય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.
- આ કાર્ડને ‘એક દેશ– એક કાર્ડ’ પણ કહેવામાં આવે છે.

**(૨) દેશના ૬ એરપોર્ટનું ખાનગીકરણ :**

- તાજેતરમાં ભારત સરકાર દ્વારા દેશના ૬ એરપોર્ટના ખાનગીકરણને મંજૂરી આપવામાં આવી.
- સરકાર દ્વારા યોજવામાં આવેલ કોન્ટ્રાક્ટ માટેની હરાજી બાદ ૬ એરપોર્ટના સંચાલનનો કોન્ટ્રાક્ટ અદાણી ગ્રૂપના અદાણી એન્ટરપ્રાઇસને આપવામાં આવ્યો.
- આ કોન્ટ્રાક્ટ ૫૦ વર્ષ માટે આપવામાં આવ્યો છે.
- અદાણી એન્ટરપ્રાઇસ દેશના અમદાવાદ, જયપુર, લખનૌ, મેંગલોર, ગુવાહાટી અને તિરુવનંતપુરમ્ એરપોર્ટનું સંચાલન કરશે.

**(3) સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૧૯ પુરસ્કાર :**

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૧૯ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.
- તેમણે વિજ્ઞાનભવનમાં આયોજિત સમારંભમાં આ પુરસ્કાર એનાયત કર્યા.
- સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૧૯ અંતર્ગત ૭૦ કેટેગરીમા પુરસ્કાર આપવામાં આવ્યા છે.
- આ પુરસ્કારની શરૂઆત ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.
- સ્વચ્છતા સર્વેક્ષણ ૪૦ કરોડની શહેરી વસતી પર કરાયું હતું.
- સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૧૯માં મધ્યપ્રદેશનું ઇન્દોર સ્વચ્છ શહેર કેટેગરીમાં સતત ત્રીજા વર્ષે પ્રથમ રહ્યું.

- ઇન્દોરને સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૧૯ અંતર્ગત સ્વચ્છ શહેર, સ્ટાર રેંકિંગ અને ઝીરો વેસ્ટ મેનેજમેન્ટ એમ ત્રણ કેટેગરીમાં પુરસ્કાર પ્રાપ્ત થાય છે.
- સ્વચ્છતામાં છત્તીસગઢનું અંબિકાપુર બીજા અને કર્ણાટકનું મૈસુર ત્રીજા ક્રમે છે.
- મધ્યપ્રદેશ રાજ્યના પાટનગર ભોપાલને દેશની સૌથી સ્વચ્છ રાજધાનીની શ્રેણીમાં પ્રથમ એવોર્ડ અને ઉજ્જૈનને ૩ થી ૧૦ લાખની વસ્તીવાળા શહેરની શ્રેણીમાં પ્રથમ એવોર્ડ મળ્યા છે.
- ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા સ્વચ્છ શહેરોમાં અમદાવાદ ટોચ પર રહ્યું છે.
- અમદાવાદ ૬ઠ્ઠા સ્થાને, રાજકોટ ૯મા સ્થાને, અને સુરત ૧૪માં સ્થાને સમાવેશ થાય છે.

**અન્યપુરસ્કાર :**

- સૌથી સ્વછ સ્મોલ સિટી – નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલ ક્ષેત્ર
- ગંગા કિનારે સૌથી શ્રેષ્ઠ કસબો – ગોચર, ઉત્તરાખંડ
- સૌથી ઝડપથી વિકસતું મોટું શહેર – રાયપુર– છત્તીસગઢ
- સૌથી ઝડપથી વિકસી રહેલું મધ્યમ શહેર – મથુરા–વૃંદાવન– ઉત્તરપ્રદેશ

**(૪) મુકેશ અંબાણી વિશ્વના ૧૩મા સૌથી શ્રીમંત :**

- તાજેતરમાં 'ફોર્બ્સ' બિઝનેસ મેગેઝિન દ્વારા વિશ્વના ટોચના ધનકુબેરોની યાદી જાહેર કરવામાં આવી આ યાદીમાં એમેઝોનના સ્થાપક જૈફ બેઝોસ પ્રથમ ક્રમે રહ્યા.
- સૌથી ધનિક ભારતીય મુકેશ અંબાણી વિશ્વના ટોચના ધનકુબેરોની યાદીમાં ૬ રેન્કની આગેકૂચ સાથે ૧૩માં ક્રમે આવી ગયા છે.
- મુકેશ અંબાણી ગત વર્ષે ૪૦.૧ અબજ ડોલરની સંપત્તિ સાથે આ યાદીમાં ૧૯ માં ક્રમે હતા આ વર્ષે તેમની સંપત્તિ વધીને ૫૦અબજ ડોલર પહોંચી છે.
- યાદીમાં સામેલ ૧૦૬ ભારતીય અબજપતિઓમાં મુકેશ અંબાણી મોખરે છે.
- ટોપ–૧૦૦ માં સ્થાન મેળવનારા અન્ય ભારતીય ધનકુબેરો પૈકી વિપ્રોના અઝીમ પ્રેમજી ૨૨.૬ અબજ ડોલરની સંપતિ સાથે ૩૬માં એચસીએલના શિવ નાદર ૮૨માં અને આર્સેલર મિત્તલના લક્ષ્મી મિત્તલ ૯૧માં ક્રમે છે.

1. જન ઔષધિ દિવસ ક્યારે મનાવાય છે? - 7 માર્ચ
2. નેશનલ કોમન મોબિલિટી કાર્ડને બીજા ક્યા નામે ઓળખવામાં આવે છે? - એક દેશ – એક કાર્ડ
3. સ્વચ્છ સર્વેક્ષણ-2019માં પ્રથમ ક્રમે ક્યુ શહેર રહ્યું? - ઈન્દોર મધ્યપ્રદેશ
4. દેશની સૌથી સ્વચ્છ રાજધાનીમાં પ્રથમ ક્રમે ક્યુ શહેર છે?ભોપાલ
5. વિશ્વના 13માં સૌથી શ્રીમંત ભારતીય જણાવો? - મુકેશ અંબાણી

## 8.March 2019

**(૧) આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ :**

- દર વર્ષે ૮ માર્ચે વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવે છે.
- વિશ્વ ભરમાં મહિલાઓના યોગદાનને સન્માનીત કરવા અને મહિલાઓને પ્રોત્સાહન આપવાના હેતુથી આ દિવસ મનાવવામાં આવે છે.
- ૨૮ માર્ચ ૧૯૦૯ના રોજ સોશ્યલિસ્ટ પાર્ટી ઓફ અમેરિકા દ્વારા પ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૮ માર્ચ ૧૯૭૫ થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૧૯ની ઉજવણીના ભાગ રૂપે ગૂગલ દ્વારા એક વિશેષ પ્રકારનું ડૂડલ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ સ્લાઇડ દ્વારા મહિલાઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.
- આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૧૯ થીમ : Think equal, build smart, innovate of change'
- રાષ્ટ્રીય મહિલા દિવસ ૧૩ ફેબ્રુઆરીના રોજ ભારતના રાષ્ટ્રીય નેતા અને સ્વતંત્રતા સેનાની સરોજિની નાયડુની યાદમાં મનાવવામાં આવે છે.
- સરોજિની નાયડુનો જન્મ ૧૩ ફેબ્રુઆરી ૧૮૭૯ના રોજ થયો હતો.
- તેઓ ૧૯૨૫ના કાનપુર અધિવેશનમાં કોંગ્રેસના પહેલા મહિલા પ્રમુખ બન્યા હતા.
- ભારતની સ્વતંત્રતા બાદ તેઓ ઉત્તરપ્રદેશના પ્રથમ રાજ્યપાલ બન્યા હતા.

**(૨) પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ચલણી સિક્કાની નવી શ્રેણી રજૂ કરી :**

- વડાપ્રધાને ૨૦ રૂપિયાનો નવો ચલણી સિક્કો રજૂ કર્યો .
- વડાપ્રધાનના નિવાસ સ્થાને તેમણે એક, બે, પાંચ અને ૧૦ રૂપિયાના નવા સિક્કા પણ જારી કર્યા હતા.
- દ્રષ્ટિથી દિવ્યાંગ પણ તેને સારી રીતે ઓળખી શકે તે હેતુથી તેને ડિઝાઇન કરવામાં આવ્યા છે.
- ૨૦ ના સિક્કામાં ૧૨ ખૂણા છે. તેનું વજન ૮.૫૪ ગ્રામ અને તેનો વ્યાસ ૨૭ મીમી છે.
- ૨૦ના સિક્કામાં અનાજના દાણાની પ્રતિકૃતિ મૂકવામાં આવી છે, જે દેશમાં કૃષિના મહત્વને દર્શાવે છે.
- તમામ નવા સિક્કાની ડિઝાઇન રાષ્ટ્રીય ડિઝાઇન સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવી છે.
- આ સિક્કાનું નિર્માણ સિક્યુરિટી પ્રિટિંગ એન્ડ મીન્ટિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા દ્વારા કરવામાં આવ્યું છે જે કેન્દ્રિય નાણાં મંત્રાલય અંતર્ગત આવે છે.

**(૩) અમદાવાદ એરપોર્ટને ત્રણ આંતરરાષ્ટ્રીય એવોર્ડ :**

- એરપોર્ટ કાઉન્સીલ ઇન્ટરનેશનલ દ્વારા સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટને વર્ષ ૨૦૧૮ માટે 'બેસ્ટ એન્વાયરમેન્ટ એન્ડ એમ્બિયન્સ', બેસ્ટ

કસ્ટમર સર્વિસ' અને 'બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ફેસિલિટેશન એમ ત્રણ આંતરરાષ્ટ્રીય એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી.

- એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલ દર વર્ષે એરપોર્ટ સર્વિસ ક્વોલિટી સર્વે હાથ ધરે છે.
- આ સર્વે માટે ૩૪૬ એરપોર્ટનું સર્વેક્ષણ કરાવમાં આવ્યું હતું.
- આ સર્વેમાં ચેક ઇન, સિક્યુરિટી, એરપોર્ટ ફેસિલિટીઝ, ફૂડ – બેવર્જીસ, રેટેઇલ એરપોર્ટ એન્વાયરમેન્ટ, એરાઇવલ સર્વિસીસ જેવા ૮ મુદ્દાઓનો સમાવેશ થાય છે.
- અમદાવાદ એરપોર્ટને આ એવોર્ડ ૫૦ લાખથી ૧.૫૦ કરોડ મુસાફરોની અવર– જવર કેટેગરીમાં મળ્યા છે.
- અમદાવાદ એરપોર્ટને આ એવોર્ડ કેનેડા મોન્ટ્રિયલ ખાતે એનાયત કરવામાં આવ્યો હતો.
- અમદાવાદ એરપોર્ટને એરપોર્ટ કાઉન્સીલ ઇન્ટરનેશનલ દ્વારા અગાઉ વર્ષ ૨૦૧૬માં 'નેશનલ ટુરિઝમ એવોર્ડ, વર્ષ ૨૦૧૭માં 'મોસ્ટ ઇમ્પ્રૂવ્ડ એરપોર્ટ ઇન ધ એશિયા પેસિફિક રિજીયન' એનાયત કરવામાં આવ્યા હતા.

**(૪) ઓલ ઇંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશીપ :**

- ઇંગ્લેન્ડના બર્મિંગમાં ઓલ ઇંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશીપ શરૂ થઇ.
- ૫ દિવસ ચાલનારી ટુર્નામેન્ટમાં બધી ઇવેન્ટ મળીને કુલ ૧૫૫ મેચ રમાશે.
- ઓલ ઇંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ બેડમિન્ટનની દુનિયાની સૌથી પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ્સમાંની એક છે.
- ૧૮૯૯માં પહેલી વખત આ ચેમ્પિયનશીપ રમાઇ હતી.
- ૧૨૦ વર્ષથી બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (બીડબ્લ્યુએફ) તેનું આયોજન કરી રહ્યું છે.
- ઓલ ઇંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશીપ બેડમિન્ટન દુનિયાની બીજી સૌથી વધુ ઇનામી રકમવાળી ટુર્નામેન્ટ છે. તેની પ્રાઇસમની અંદાજે ૭ કરોડ રૂપિયા છે.
- સિંગલ્સના વિજેતાઓને અંદાજે ૫૦ લાખ રૂપિયા અને ડબલ્સના વિજેતાને અંદાજે ૫૨ લાખ રૂપિયાનું ઇનામ મળે છે.
- આ વખતે ટુર્નામેન્ટમાં ભારતના પીવી સિંધુ, સાઇના નેહવાલ, કિદાંબી શ્રીકાંત, એચએસ પ્રણય અને બી.સાઇ પ્રણીત ભાગ લઇ રહ્યા છે.
- ઓલ ઇંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં ભારતને પહેલો વિજય ૧૯૮૦માં પ્રકાશ પાદુકોણે અપાવ્યો હતો.
- પ્રકાશ પાદુકોણ બેંગલુરૂના વતની છે.
- ૧૮ વર્ષ પહેલા ૨૦૦૧ માં ભારતના પુલેલા ગોપીચંદે પુરૂષ સિંગલ્સનું ટાઇટલ જીત્યું હતું

1. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ક્યારે ઉજવાય છે? - ૮ માર્ચ
2. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી ક્યા વર્ષથી કરવામાં આવે છે? - 1975
3. રાષ્ટ્રીય મહિલા દિવસ ક્યારે ઉજવાય છે? - 13 ફેબ્રુઆરી
4. કોંગ્રેસ અધિવેશનના પ્રથમ મહિલા પ્રમુખ જણાવો? - સરોજિની નાયડુ
5. તાજેતરમાં ગુજરાતના ક્યા એરપોર્ટને ત્રણ આંતરરાષ્ટ્રીય એવોર્ડ એનાયત થયા? - અમદાવાદ
6. ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2019ની શરૂઆત કયા શહેરમાં થઈ? - બર્મિંગહામ
7. પ્રકાશ પાદુકોણ ક્યાંના વતની છે? - બેંગ્લોર

## 9.March 2019

**(૧) સેફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટ :**

- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પાલનપુર ખાતેથી સેફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટની શરૂઆત કરાવી.
- રાજ્ય સરકાર દ્વારા નાગરિકોની સલામતી અને સુરક્ષા ક્ષેત્રે વધારો કરવાના હેતુથી આ પ્રોજેક્ટને શરૂ કરવામાં આવ્યો છે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત મુખ્યમંત્રીશ્રીએ સિટીઝન ફસ્ટૅ એપ લોન્ચ કરી, આ એપથી પ્રથમ તબક્કામાં રાજ્યના ૭ જિલ્લાઓના નાગરિકો સીસીટીવી કેમેરા આધારિત સર્વિસ સિસ્ટમ અને પોલીસ કામગીરીનો લાભ મેળવી શકશે.
- જેમાં ગાંધીનગર, રાજકોટ, મહેસાણા, બનાસકાંઠા, કચ્છ– ગાંધીધામ, બોટાદ અને નર્મદાનો સમાવેશ થાય છે.
- સેફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટસના પ્રથમ તબક્કામાં રૂા. ૧૮૭ કરોડના ખર્ચે રાજ્યના ૩૪ શહેરો, ૫ ધાર્મિક સ્થળો અને સ્ટેચ્યુ ઓફ યુનિટીને આવરી લેવામાં આવશે.

**(૨) ભારતીય ક્રિકેટરોએ આર્મી કેપ પહેરી વન–ડે મેચ રમી.**

- ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી વન–ડે મેચમાં ભારતનો ૩૨ ને પરાજય થયો.
- આ મેચમાં ભારતીય ક્રિકેટરો આર્મી કેપ પહેરીને મેદાનમાં ઉતર્યા હતા.
- પુલવામાં આતંકી હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટે આમ કરાયું હતું.
- તમામ ખેલાડીઓએ આ મેચની સંપૂર્ણ ફી નેશનલ ડિફેન્સ ફંડમાં આપવાનું નક્કી કર્યું છે.
- કર્નલની માનદ ઉપાધીથી સન્માનિત મહેન્દ્રસિંહ ધોનીએ તમામ ખેલાડીઓને આ કેપ આપી હતી.
- કેપ્ટન વિરાટ કોહલી (૧૨૩) એ વન–ડેમાં ૪૧ મી સદી નોંધાવી. કોહલીએ આ વન–ડે દરમ્યાન કેપ્ટન તરીકે ચાર હજાર રન પૂરા કર્યા હતા.
- આ વન–ડે મેચની જીત સાથે ઓસ્ટ્રેલિયાની ટીમ ભારતમાં ૫૦ વન–ડે મેચ જીતવાવાળી દુનિયાની પ્રથમ વિદેશી ટીમ બની છે.
- કોહલીએ રાંચીમાં ઓસ્ટ્રેલિયાની સામેની આ વન–ડે મેચમાં પોતાના વન–ડે કરિયરની ૪૧ મી સદી નોંધાવી.

- આની સાથે તેની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ ૬૬ સદી થઇ છે. કોહલીએ અત્યાર સુધીમાં ૭૭ ટેસ્ટમાં ૨૫ સદી નોંધાવી છે.
- ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધારે સદી બનાવનાર ખેલાડીઓમાં સચિન તેંડુલકર (૧૦૦) અને પોન્ટિંગ (૭૧) બનાવી છે. સચિને વન-ડે માં ૪૯ અને ટેસ્ટમાં ૫૧ સદી બનાવી છે.
- રોહિત શર્માએ ઇનિંગ્સમાં એક સિક્સ લગાવી, આની સાથે જ તેની ઇન્ટરનેશનલ ક્રિકેટ (ટેસ્ટ, વન-ડે, ટી-૨૦) માં ૩૫૦ સિક્સ પુરી થઇ ગઇ છે.
- આવું કરવાવાળો તે બીજો ભારતીય બેટ્સમેન અને દુનિયાનો છઠ્ઠો બેટ્સમેન છે.
- રોહિત શર્મા સિવાય ક્રિસ ગેલ (૫૧૭) પાકિસ્તાનના શાહિદ આફ્રિદીએ (૪૭૬) ન્યૂઝીલેન્ડના બેડમ મેક્કુલમે (૩૯૮), ધોનીએ (૩૫૪) અને સનથ જયસૂર્યા (૩૫૨) પણ આવું કરી ચૂક્યા છે. વેસ્ટ ઇન્ડિઝના ક્રિસ ગેલ ૫૦૦ થી વધારે સિક્સ લગાવનાર એકમાત્ર બેટ્સમેન છે.

**(૩) ગૂગલે વિદ્યાર્થીઓ માટે 'બોલો' એપ લોન્ચ કરી**

- તાજેતરમાં ગૂગલ દ્વારા 'બોલો' નામની એપ લોન્ચ કરવામાં આવી.
- આ એપનો હેતુ પ્રાથમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓને અંગ્રેજી અને હિન્દી ભાષા શીખવા માટે સહાયતા કરવામાંનો છે.
- પાયલોટ પ્રોજેક્ટ તરીકે આ એપને ઉત્તરપ્રદેશમાં લોન્ચ કરવામાં આવી છે.
- ઇન્ટરનેટ સર્ચ એન્જિન, ઇમેલ જેવી સેવા આપતી ઇન્ટરનેશનલ કંપની ગૂગલની સ્થાપના ૪ સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ થઇ હતી.
- તેનું મુખ્યાલય અમેરિકાના કેલીફોર્નિયા ખાતે આવેલ છે.
- ગૂગલની સ્થાપના લેરી પેજ અને સર્જી બ્રિન દ્વારા કરવામાં આવી હતી.
- હાલ ભારતીય મૂળના અમેરિકન સુંદર પિચાઇ ગૂગલના સીઇઓ છે તેઓ વર્ષ ૨૦૧૫ થી આ પદ પર છે.

**(૪) પ્રિત્ઝકર પુરસ્કાર-૨૦૧૯ :**

- તાજેતરમાં જાપાનના આર્કિટેક્ટ અરાતા ઇસોજાકીને પ્રિત્ઝકર પુરસ્કાર ૨૦૧૯થી સન્માનીત કરવામાં આવ્યા.
- તેઓ આ પુરસ્કાર જીતનાર ૪૬માં વ્યક્તિ છે. અને ૮માં જાપાની આર્કિટેક્ટ છે.
- તેમને પુરસ્કાર સાથે ૧ લાખ ડોલર ઇનામી રકમ અને એક કાંસ્ય પદક આપવામાં આવ્યું.
- પ્રિત્ઝકર પુરસ્કારને આર્કિટેક્ચર ક્ષેત્રનો નોબલ કહેવામાં આવે છે.
- આ પુરસ્કાર દર વર્ષે હયાત ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૧૯૭૯થી આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૮નો પ્રિત્ઝકર પુરસ્કાર ગુજરાતના બાલકૃષ્ણ દોશીને એનાયત કરવામાં આવ્યો હતો.
- તેઓ પ્રિત્ઝકર પુરસ્કાર જીતનાર દક્ષિણ એશિયામાં પ્રથમ વ્યક્તિ છે.

1. વિજયભાઈ રૂપાણીએ સેફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટની શરૂઆત ક્યાંથી કરી? - પાલનપુર
2. તાજેતરમાં ભારતીય ટીમે કઈ ટીમ સામે 'આર્મી કેપ' પહેરી વનડે મેચ રમી? - ઓસ્ટ્રેલિયા
3. તાજેતરમાં વિદ્યાર્થીઓ માટે 'બોલો' એપ કોણે લોન્ચ કરી?
   - ગુગલે
4. પ્રિત્ઝકર પુરસ્કાર-2019 કોને એનાયત થયો?
   - જાપાનના આર્કિટેક અરાત ઈસોજાકી
5. વર્ષ-2018નો પ્રિત્ઝકર પુરસ્કાર કોને એનાયત થયો હતો?
   - બાલકૃષ્ણ દોશી

## 10.March 2019

**(૧) નારી શક્તિ પુરસ્કાર – ૨૦૧૮**

- રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ૪૪ મહિલાઓને નારી શક્તિ પુરસ્કાર ૨૦૧૮થી સન્માનીત કરી.
- આ પુરસ્કાર સામાજિક કલ્યાણ અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે યોગદાન આપનાર મહિલાઓ અને સંસ્થાને આપવામાં આવે છે.
- આ પુરસ્કાર કેન્દ્રીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય દ્વારા એનાયત કરવામાં આવે છે.
- નારી શક્તિ પુરસ્કારની શરૂઆત વર્ષ ૧૯૯૧માં થઇ હતી.
- દર વર્ષે આ સન્માન ૮ માર્ચ એટલે કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવે છે.
- પુરસ્કારમાં પ્રમાણપત્ર અને ૧ લાખ રૂપિયાનું ઇનામ આપવામાં આવે છે.

**(૨) નાગપુર મેટ્રોનું પ્રધાનમંત્રી મોદીના હસ્તે ઉદ્‌ઘાટન :**

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના નાગપુર ખાતે મેટ્રોનું ઉદ્‌ઘાટન કર્યું.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગપુર મેટ્રોના ૧૩.૫ કિ.મી. માર્ગ ધરાવતા કોરિડોરનું ઉદ્‌ઘાટન કર્યું. તેમાં ૫ મેટ્રો સ્ટેશનનો સમાવેશ થાય છે.
- નાગપુર મેટ્રો બે કોરિડોર ધરાવે છે જેમાં કુલ ૩૮ સ્ટેશનનો સમાવેશ થાય છે.
- મહિલા સુરક્ષા અને સશક્તિકરણને પ્રોત્સાહન આપવા પ્રત્યેક મેટ્રો ટ્રેનમાં એક વિશેષ 'નારી શક્તિ' મહિલા કોચ રાખવામાં આવ્યા છે.

**(૩) સુભાષચંદ્ર ગર્ગ– નવનિયુક્ત નાણાં સચિવ :**

- આર્થિક બાબતોના સચિવ સુભાષચંદ્ર ગર્ગને નાણાં સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ રાજસ્થાન કેડરના ૧૯૮૩ બેચના આઇએએસ અધિકારી છે.

- તેઓ જૂન ૨૦૧૭ થી આર્થિક બાબતોના સચિવ તરીકે ફરજ બજાવે છે.
- સુભાષચંદ્ર ગર્ગ નાણાં સચિવ તરીકે અજય નારાયણ ઝાનું સ્થાન લેશે.
- અજય ઝા ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ નિવૃત્ત થશે.
- નાણાં મંત્રાલયમાં કુલ પાંચ સચિવ હોય છે. તેમના વડાને નાણાં સચિવ કહેવાય છે.

**(૪) પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના – ૭ કરોડ એલપીજી કનેક્શનનું વિતરણ :**

- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત લાભાર્થીની સંખ્યા ૭ કરોડ થઇ.
- ૮ માર્ચ ૨૦૧૯ના રોજ પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ૭ કરોડમાં લાભાર્થીને ગેસ કનેકશન પ્રદાન કર્યું.
- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાની સફળતા સાથે ભારત વિશ્વનો બીજા ક્રમનો સૌથી મોટો એલપીજી ઉપભોક્તા દેશ છે.
- ચીન વિશ્વનો પ્રથમ ક્રમનો સૌથી મોટો એલપીજી ઉપભોક્તા દેશ છે.

**પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના :**

- કેન્દ્ર સરકારે મે ૨૦૧૬માં પ્રધાનમંત્રી, ઉજ્જવલા યોજના લોન્ચ કરી હતી.
- તેની ટેગ લાઇન 'સ્વચ્છ ઇંધણ, બહેતર જીવન' છે.
- આ યોજના પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય અંતર્ગત કાર્યરત છે.
- યોજનાનો લાભ દેશના તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના નાગરિકો લઇ શકે છે.

**(૫) અયોધ્યા વિવાદનું સમાધાન કરવા ત્રણ મધ્યસ્થીની પેનલ :**

- સુપ્રીમ કોર્ટે અયોધ્યા વિવાદનું સમાધાન કરવા ત્રણ મધ્યસ્થીની પેનલની રચના કરી.
- સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ ફકીર મોહમ્મદ ઇબ્રાહીમ ખલીફુલ્લાની અધ્યક્ષતા હેઠળની પેનલમાં આધ્યાત્મિક ગુરૂ શ્રીશ્રી રવિશંકર અને વરિષ્ઠ વકીલ શ્રીરામ પંચુ પણ સામેલ છે.
- આ પેનલે ૪ સપ્તાહ પછી કોર્ટમાં એક સ્ટેટ્સ રિપોર્ટ આપવાનો રહેશે.
- ચીફ જસ્ટિસ રંજન ગોગોઇની અધ્યક્ષતાવાળી ૫ જજોની બંધારણીય બેન્ચ દ્વારા આ પેનલની રચના અંગે ચુકાદો આપવામાં આવ્યો હતો.

**જસ્ટિસ ખલ્ફુલ્લા :**

- તેઓ તમિલનાડુના છે.
- તેમને વર્ષ ૧૯૭૫માં વકીલાત શરૂ કરી હતી.
- તેઓ ૨૦૦૨માં મદ્રાસ હાઇકોર્ટમાં જજ બન્યા હતા.
- તેઓને વર્ષ ૨૦૧૨માં સુપ્રીમ કોર્ટના જજ તરીકે નીમવામાં આવ્યા હતા. ૨૦૧૬માં નિવૃત્ત થયા હતા.

**શ્રી શ્રી રવિશંકર**

- તેમનો જન્મ તમિલનાડુ થયો હતો.
- તેઓ આધ્યાત્મિક સંસ્થા આર્ટ ઓફ લિવિંગના સંસ્થાપક છે જેની ૧૫૧ દેશોમાં શાખા છે.

**શ્રી રામ પંચુ :**

- તેઓ વરિષ્ઠ વકીલ છે.
- ૨૦૦૫માં દેશની પ્રથમ મધ્યસ્થી ચેમ્બર બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી ચૂક્યા છે.

**(૬) રાજ્યના મંત્રીમંડળમાં ત્રણ મંત્રીઓનો સમાવેશ**

- ગાંધીનગર રાજભવન ખાતે યોજાયેલ શપથવિધિ સમારોહમાં રાજ્યકક્ષાના મંત્રી તરીકે વડોદરા માંજલપુર વિધાનસભાના યોગેશ પટેલ, જામનગરના ધર્મેન્દ્રસિંહ જાડેજા અને જવાહર ચાવડાએ કેન્દ્રીય મંત્રી પદે શપથ લીધા.
- મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની ઉપસ્થિતિમાં રાજ્યપાલ ઓ.પી. કોહલીએ ત્રણેય મંત્રીઓને હોદ્દો અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.
- વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી બાદ રૂપાણી સરકારમાં આ બીજી વખત મંત્રી મંડળનું વિસ્તરણ થયું છે.
- આ સાથે ૧૨ કેબિનેટ અને ૧૨ રાજ્યકક્ષાના મંત્રીઓ મળીને મંત્રીમંડળનું કદ ૨૪નું થયું છે.
- આદર્શ નિયમાનુસાર વિધાનસભાના સભ્યોના ૧૫ ટકા લેખે મંત્રીમંડળમાં સમાવી શકાય છે, ૧૮૨ વિધાનસભા બેઠક લેખે સરકારમાં કુલ ૨૭ મંત્રીઓનો સમાવેશ કરી શકાય છે.

1. નારી શક્તિ પુરસ્કારની શરૂઆત ક્યા વર્ષમાં થઈ? - 1991
2. 8 માર્ચે ક્યો દિવસ ઉજવાય છે? આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ
3. કેન્દ્રિય નવનિયુક્ત નાણાં સચિવ જણાવો?- સુભષચંદ્ર ગર્ગ
4. વિશ્વનો પ્રથમ ક્રમનો સૌથી મોટો LPG ઉપભોક્તા દેશ જણાવો?
 - ચીન
5. કેન્દ્રિય પેટ્રોલિયમ મંત્રી જણાવો? - ધર્મેન્દ્ર પ્રધાન
6. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના ક્યારે લોન્ચ થઈ? - મે-2016
7. ભારતના સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ જણાવો?
 - રંજન ગોગોઈ

## 11.March 2019

**(૧) ૧૭ મી લોકસભા માટે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત :**

- ચૂંટણી પંચે ૧૭મી લોકસભા માટે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી.
- આ સાથે જ દેશભરમાં આદર્શ આચાર સંહિતા લાગુ થઇ છે.
- ૫૪૩ બેઠકો માટે ૧૧ એપ્રિલથી ૧૯ મે સુધી તબક્કામાં મતદાન યોજાશે.
- લોકસભા ચૂંટણીમાં પ્રથમ વખત તમામ ઇવીએમ સાથે વીવીપેટનો ઉપયોગ કરાશે.

- EVM- Electronic Voting Machines
- VVPAT - Voter verifiable paper audit trail
- લોકસભા ચૂંટણીના પરિણામ ૨૩ મેના રોજ જાહેર થશે.
- જ્યાં સુધી ચૂંટણી પૂર્ણ ન થાય ત્યાં સુધી સમગ્ર સત્તા ચૂંટણીપંચ પાસે હોય છે.
- ગુજરાતની ૨૬ બેઠકો માટે લોકસભા ચૂંટણી ગુજરાતમાં મતદાન ૨૩ એપ્રિલે ત્રીજા તબક્કામાં થશે.
- ૨૦૧૪માં ૯ તબક્કામાં લોકસભા ચૂંટણીઓ થઇ હતી.
- મોદી સરકારે. ૨૦૧૪ની ૨૬ મેના રોજ શપથ લીધા હતા. લોકસભાનો કાર્યકાળ ૩ જૂને પૂરો થઇ રહ્યો છે.
- લોકસભા સંસદનું પ્રથમ અને નીચલું ગૃહ છે. લોકસભાની રચના અંગેની જોગવાઇ બંધારણના અનુચ્છેદ – ૮૧માં કરવામાં આવેલ છે.

**ચૂંટણીપંચ :**

- ચૂંટણી પંચની બંધારણીય જોગવાઇ અનુચ્છેદ –૩૨૪માં કરવામાં આવેલ છે.
- ચૂંટણી પંચની સ્થાપના ૨૫ જાન્યુઆરી ૧૯૫૦માં થઇ હતી, દર વર્ષે ૨૫ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવામાં આવે છે.
- ચૂંટણી પંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશ્નર અને બે અન્ય કમિશ્નર હોય છે જેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
- દેશના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશ્નર સુકુમાર સેન હતા તેઓ વર્ષ ૧૯૫૦ થી ૧૯૫૮ સુધી આ પદ પર રહ્યા હતા.
- મુખ્ય ચૂંટણી કમિશ્નર સુનીલ અરોરા (૨૨માં)
- રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશ્નર વરેશ સિન્હા

**આચાર સંહિતા :**

- આદર્શ આચાર સંહિતા રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવતી કેટલીક માર્ગરેખાઓ છે જેનું દરેક પક્ષો અને ઉમેદવારોએ પાલન કરવાનું હોય છે.
- આચાર, સંહિતા ચૂંટણી પંચ દ્વારા જ્યારે કોઇ લોકસભાની કે રાજ્ય વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરાય ત્યારે તત્કાળ અમલમાં આવે છે.
- આચાર સંહિતા પગલે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા નવી કોઇ જાહેરાત, ગ્રાન્ટ ફાળવણી કે અધિકારી – કર્મચારીઓની બદલીઓ પણ કરી શકશે નહીં.
- સરકારી વાહનોના ઉપયોગ પર પણ નિયંત્રણ આવી ગયા છે.
- આ ઉપરાંત આચારસંહિતા અંગે ખાસ ઇ–વિજિલ મોબાઇલ એપ્લિકેશન પણ ચૂંટણી પંચ દ્વારા કાર્યરત કરાઇ છે જેને પ્લેસ્ટોર પરથી મોબાઇલમાં ડાઉનલોડ કરી શકાશે.
- રાજ્યમાં આચારસંહિતાને લગતી ફરિયાદોના નિવારણ માટે ટોલ ફ્રી હેલ્પલાઇન ૧૯૫૦ કાર્યરત કરવામાં આવી છે.
- લોકસભામાં સભ્ય બનવા માટેની લઘુત્તમ વયમર્યાદા ૨૫ વર્ષ છે.
- ગુજરાત માટે લોકસભા ચૂંટણીના ઉમેદવાર માટે ચૂંટણી ખર્ચની ૭૦ લાખ સુધીની મર્યાદા પંચ દ્વારા નક્કી કરવામાં આવી છે.
- ઉમેદવારોએ પોતાની ગુનાહિત પૃષ્ઠભૂમિ વિશે ત્રણવાર અખબાર અને ટીવી પર એડની મદદથી માહિતી આપવી પડશે. તેની વિગત વેબસાઇટ પર રહેશે.
- ઉમેદવારોએ વિદેશોમાં હાજર તેમની અને પરિજનોની સંપત્તિની વિગતો આપવી પડશે.
- નોમિનેશન ફોર્મમાં કોઇપણ કોલમ ખાલી છોડશે તો ફોર્મ રદ થશે. ઉમેદવારોએ પાનકાર્ડ આપી ૫ વર્ષનું આઇટી રિટર્ન બતાવવું પડશે.
- વેરિફાઇડ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર જ એડ ચાલશે.

**ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન :**

- વર્ષ ૧૯૮૯–૯૦માં નિર્મિત ઇલેક્ટ્રોનિમ વોટિંગ મશીનનો પ્રાયોગિક આધાર પર પ્રથમવાર નવેમ્બર ૧૯૮૯ માં આયોજિત ૧૬ વિધાનસભાઓની સામાન્ય ચૂંટણીમાં ઉપયોગ કર્યો.
- ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ બેંગલોર અને ઇલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા– હૈદરાબાદના સહયોગથી ચુંટણી આયોગ દ્વારા તૈયાર તથા ડિઝાઇન કરવામાં આવ્યું.
- હવે ઇવીએમ ને ઉપર્યુક્ત બે કંપની દ્વારા નિર્માણ કરવામાં આવે છે.

**(૨) રઘુરામ રાજન– યશવંત રાવ ચવાણ પુરસ્કાર :**

- રિઝર્વ બેન્કના પૂર્વ ગર્વનર રઘુરામ રાજનને યશવંત રાવ ચવાણ રાષ્ટ્રીય પુરસ્કાર ૨૦૧૮થી સન્માનીત કરવામાં આવ્યા.
- તેમને આ સન્માન યશવંત રાવ ચવાણ પ્રતિષ્ઠાન દ્વારા આર્થિક વિકાસ ક્ષેત્રે યોગદાન બદલ આપવામાં આવ્યુ.
- તેમને આ સન્માન ૧૨ માર્ચના રોજ યશવંત રાવ ચવાણની ૧૦૬મી જન્મજયંતિ નિમિત્તે આપવામાં આવશે.
- યશવંત રાવ ચવાણ મહારાષ્ટ્રના પ્રથમ મુખ્યમંત્રી હતા.
- તેમનો જન્મ ૧૨ માર્ચ ૧૯૧૩ના રોજ મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં થયો હતો.
- રઘુરામ રાજને રિઝર્વ બેન્કના ૨૩માં ગર્વનર તરીકે વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૬ સુધી સેવા આપી હતી. તેમનો જન્મ મધ્યપ્રદેશના ભોપાલમાં થયો હતો.

**(૩) કચ્છમાં ૫૦૦૦ વર્ષ જૂનું કબ્રસ્તાન અને હાડપિંજર મળ્યાં**

- કચ્છ જિલ્લાના લખપત તાલુકાના રણ સરહદે આવેલાં ખેટિયા ગામથી નજીક છેલ્લા ૪૫ દિવસથી ચાલી રહેલાં ઉત્ખન્નને પ્રતાપે ૫૦૦૦ વર્ષ જૂના હાડપિંજરની સાથે કબ્રસ્તાનના અનુમાન સાથે હાડપિંજર અને માટીના વાસણોનો મોટો જથ્થો મળી આવ્યો છે.

Vivekanand Academy Gandhinagar

- આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાની મંજૂરી બાદ આ સાઇટનો સર્વે કરી ફેબ્રુઆરીના આરંભે ખોદકામ કરાયું હતું.

1. EVMનું પુરૂં નામ જણાવો? - Electronic Voting Machines

2. VVPATનું પુરૂં નામ જણાવો?

Voter Verifiable Paper audit trail

3. લોકસભાની રચના અંગેની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં આપેલ છે? - અનુચ્છેદ-81

4. ચૂંટણી પંચની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં આપેલ છે?

- અનુચ્છેદ-324

5. રાષ્ટ્રીય મતદાતા દિવસ ક્યારે ઉજવાય છે? - 25 જાન્યુઆરી

6. ગુજરાતના મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ જણાવો?

- વરેશ સિન્હા

7. આચારસંહિતાને લગતી ફરિયાદોના નિવારણ માટેના ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર જણાવો? - 1950

8. યશવંતરાવ ચ્વહાણ પુરસ્કાર-2018 કોને એનાયત થયો?

- રઘુરામ રાજન

9. તાજેતરમાં ગુજરાતમાં ક્યા જિલ્લામાં 5000 વર્ષ જુનુ કબ્રસ્તાન અને હાડપિંજર મળ્યા? - કચ્છ

## 12.March 2019

**(૧) ઐતિહાસિક દાંડી યાત્રાના ૮૯ વર્ષ પૂર્ણ :**

- ૧૨ માર્ચ ૧૯૩૦ના રોજ અમદાવાદના સાબરમતી આશ્રમ ખાતેથી શરૂ થયેલ દાંડીયાત્રાના ૮૯ વર્ષ પૂર્ણ થયા.
- ગાંધીજીએ નમક કાનૂન માટે ઐતિહાસિક દાંડી યાત્રા આજથી શરૂ કરી હતી.
- અમદાવાદના સાબરમતી આશ્રમથી લઇ નવસારીના દાંડી સુધીની યાત્રાને દાંડીયાત્રા કહેવામાં આવે છે.
- સાબરમતી આશ્રમથી શરૂ થયેલ દાંડી યાત્રામાં ગાંધીજી સાથે ૭૮ લડવૈયા જોડાયા હતા.
- દાંડી યાત્રાનો પ્રથમ પડાવ અસલાલી ગામે કરવામાં આવ્યો હતો.
- ૧૪ માર્ચના રોજ આ યાત્રા માતર પહોચી હતી ત્યાથી કાકાસાહેબ કાલેલકરના પુત્ર સતિષ અને ખડગ બહાદુરસિંહ કૂચમાં જોડયા હતા.
- તેમના જોડાયા બાદ કૂચ કરનારની સંખ્યા ગાંધીજી સહિત ૮૧ થઇ હતી.
- અમદાવાદથી નવસારી નજીક દાંડી વચ્ચેનું અંતર ૩૦૦ કિલોમીટર છે.
- ૬ એપ્રિલ ૧૯૩૦ના રોજ નવસારી નજીકના દાંડી ખાતે દરિયા કિનારેથી ગાંધીજી મીઠું ઉપાડી બોલ્યા હતા કે, 'મૈને નમક કા કાનુન તોડા હૈ' અને ભારતમાં બીજી ઘણીબધી જગ્યાએ પણ આ રીતે મીઠાના કાયદાનો ભંગ થવા લાગ્યો.
- દાંડીયાત્રાને મહાદેવભાઇ દેસાઇએ 'મહાભિનિષ્ક્રમણ' અને સુભાષચંદ્ર બોઝે 'નેપોલિયનની પેરિસ માર્ચ' સાથે સરખાવી હતી.
- ગાંધીજીના ૭૧માં નિર્વાણ દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાંડીમાં રાષ્ટ્રને રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારક સમર્પિત કર્યું હતું.
- જે દાંડી સત્યાગ્રહની યાદમાં તૈયાર કરવા આવ્યું છે.

**(૨) કાશી વિશ્વનાથ કોરિડોરનું ખાતમુહર્ત :**

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં કાશી વિશ્વનાથ કોરિડોરનું ખાતમુહૂર્ત કર્યું.
- આ પરિયોજના અંતર્ગત ધાર્મિક સ્થળનો જીર્ણોદ્ધાર કરવામાં આવશે.
- અગાઉ વર્ષ ૧૭૮૦માં મરાઠા રાણી અહિલ્યાબાઇ હોલકર દ્વારા મંદિર અને આસપાસના ક્ષેત્રોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.
- કાશી વિશ્વનાથ કોરિડોર અંતર્ગત ગંગા નદીના મણિકાર્ણિકા ઘાટ અને લલિતા ઘાટને કાશી વિશ્વનાથ મંદિર સાથે જોડવામાં આવશે.
- કોરીડોરમાં યાત્રિકો માટે પ્રાચીન ઇતિહાસ અને સંસ્કૃતિને દર્શાવતા સંગ્રહાલયનું નિર્માણ કરવામાં આવશે.
- કાશી વિશ્વનાથ મંદિર ગંગા નદીના કિનારે આવેલ ધાર્મિક સ્થળ છે. જે ઉત્તર પ્રદેશના વારણસી જિલ્લામાં આવેલ છે.

**(૩) પ્લસ પોલિયો કાર્યક્રમ –૨૦૧૯**

- કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં પ્લસ પોલિયો કાર્યક્રમ – ૨૦૧૯ને મંજૂરી આપવામાં આવી.
- આ કાર્યક્રમ અંતર્ગત ૫ વર્ષથી ઓછી ઉંમરના ૧૭ કરોડ બાળકોને પોલિયોની રસી આપવામાં આવશે.
- આ કાર્યક્રમનું આયોજન કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે પોલિયોના રોગથી બાળકોને રક્ષણ આપવાના હેતુથી કરવામાં આવે છે.
- ભારતને વર્ષ ૨૦૧૪માં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા પોલિયોમુક્ત દેશ જાહેર કરવામાં આવ્યો હતો.
- ભારતમાં પોલિયો અંતિમ કેસ વર્ષ ૨૦૧૧માં જોવા મળ્યો હતો.
- પોલિયોએ વાઇરસથી થતો રોગ છે.
- પોલિયોની રસીના શોધક : જોનાસ સાલ્ક

**(૪) હસમુખ અઢીયા : સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના ચાન્સેલર :**

- સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના ચાન્સેલર તરીકે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા પૂર્વ નાણા સચિવ ડૉ. હસમુખ અઢિયાની પાંચ વર્ષ માટે નિમણૂક કરવામાં આવી.
- ડૉ. હસમુખ અઢિયાની શિક્ષણ ક્ષેત્ર અને યોગા ક્ષેત્રની નિપુણતાને ધ્યાનમાં રાખીને આ નિયુક્તિ કરવામાં આવી છે.

- તેઓ ચાન્સેલર તરીકે પ્રો. વાય.કે. અલઘનું સ્થાન લેશે.
- અગાઉ તેમની નિમણૂક બેન્ક ઓફ બરોડાના નોન એક્ઝિક્યુટિવ ચેરમેનપદે કરવામાં આવી છે.
- ડૉ. હસમુખ અઢિયા નાણા સચિવ ૩૦ નવેમ્બરે નિવૃત્ત થયા હતા.
- ભારતીય વહીવટી સેવા (આઇએએસ) ના ગુજરાત કેડરના ૧૯૮૧ બેચના અધિકારી અઢિયા કેન્દ્રમાં મોદીના વડાપ્રધાન બન્યા પછી નવેમ્બર ૨૦૧૪માં તેમને નાણાકીય સેવાઓ વિભાગના સચિવ તરીકે નિમવામાં આવ્યા હતા.
- ઓગસ્ટ ૨૦૧૫માં નાણાં સચિવ બનાવવામાં આવ્યા હતા.
- સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતની સ્થાપના વર્ષ ૨૦૦૯માં થઇ હતી.
- આ સ્થાપના સેન્ટ્રલ યુનિવર્સિટી બિલ ૨૦૦૯ અંતર્ગત બિહાર, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ કશ્મીર, ઝારખંડ, કર્ણાટક, કેરળ, પંજાબ, ઓડિશામાં કરવામાં આવી હતી.

1. ઐતિહાસિક દાંડીયાત્રાને 2019માં કેટલા વર્ષ પૂર્ણ થયા?
 - 89 વર્ષ
2. દાંડીયાત્રાનો પ્રથમ પડાવ ક્યા ગામે થયો હતો? - અસલાલી
3. દાંડીયાત્રાને 'નેપોલિયનની પેરસિ માર્ચ' સાથે કોણે ઓળખાવી હતી? - સુભાષચંદ્ર બોઝ
4. કાશી વિશ્વનાથ કોરિડોરનું ખાતમુહૂર્ત કોણે કર્યું? - નરેન્દ્ર મોદી
5. ભારત ક્યા વર્ષથી પોલિયોમુક્ત થયેલ છે? - 2014
6. પોલિયોની રસીના શોધક જણાવો? - જોનાસ સાલ્ક
7. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતની સ્થાપના ક્યા વર્ષમાં થઈ?
 - 2009

## 13.March 2019

**(૧) બોઇંગ ૭૩૭ પર ભારત સહિત ૪૫ દેશોમાં પ્રતિબંધ :**

- ઇથિયોપિયામાં બોઇંગ ૭૩૭ મેક્સ–૮ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ ભારત સહિત ૪૫ દેશોએ તેના ઉડ્ડયન પર પ્રતિબંધ મુક્યો છે.
- બ્રિટન તથા ઓસ્ટ્રેલિયા સહિતના દેશોએ તો આ વિમાનને તેની વાયુ સીમામાં પ્રવેશવા પર પણ પ્રતિબંધ મૂક્યો છે.
- આ વિમાનનો ઉપયોગ પ્રતિબંધિત કરનાર પ્રથમ દેશ નેધરલેન્ડ છે.
- બોઇંગ ૭૩૭ મેક્સ –૮ વિમાન પેસેન્જર વિમાન છે.
- બોઇંગ કંપની દ્વારા વિશ્વભરમાં આ પ્રકારના ૩૫૦ વિમાનનું વેચાણ કરવામાં આવ્યું છે.

**બોઇંગ ૭૩૭ મેક્સ–૮ વિમાન દુર્ઘટના**

- તાજેતરમાં ઇથોપિયા દેશમાં ઇથોપિયન એરલાઇન્સનું બોઇંગ ૭૩૭ મેક્સ –૮ વિમાન એડિસ અબાબા નજીક ક્રેશ થયું હતું.
- જેમાં વિમાનમાં ચાર ભારતીયો સહિતના ૧૫૭ લોકોનું મોત નિપજ્યું હતું.
- છેલ્લા પાંચ મહિનામાં બોઇંગ ૭૩૭ મેક્સ – ૮ વિમાન બીજી વાર અકસ્માતનો ભોગ બન્યું છે.
- અગાઉ ઓક્ટોબર ૨૦૧૮માં ઇન્ડોનેશિયામાં લાયન એરલાઇન્સનું આ વિમાન ક્રેશ થયું હતું, જેમાં ૧૮૦ થી વધુ લોકોના મોત થયા હતા.

**(૨) યુનિવર્સિટી ઓફ પીસ દ્વારા ઉપરાષ્ટ્રપતિને માનદ પદવી :**

- યુનિવર્સિટી ઓફ પીસ દ્વારા ઉપરાષ્ટ્રપતિશ્રી વેંકૈયા નાયડુને માનદ ડોક્ટરેટની પદવી આપવામાં આવી.
- આ પદવી ભારતના સતત વિકાસ અને લોકતંત્રમાં તેમના યોગદાન બદલ આપવામાં આવી છે.
- ઉપરાષ્ટ્રપતિશ્રી વેંકૈયા નાયડુ યુનિવર્સિટી ઓફ પીસની માનદ ડોક્ટરેટ પદવી મેળવનાર પ્રથમ ભારતીય છે.
- યુનિવર્સિટી ઓફ પીસની સ્થાપના વર્ષ ૧૯૮૦માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના પ્રસ્તાવ બાદ કરવામાં આવી હતી.
- યુનિવર્સિટી ઓફ પીસનું મુખ્ય કેમ્પસ મધ્ય અમેરિકાના કોસ્ટા રિકા નામના દેશમાં આવેલ છે.
- વેંકૈયા નાયડુનો જન્મ વર્ષ ૧૯૪૯માં આંધ્રપ્રદેશમાં થયો હતો.
- તેઓ દેશના ૧૩માં ઉપરાષ્ટ્રપતિ તરીકે ૧૧ ઓગસ્ટ ૨૦૧૭ થી આ પદ પર છે.
- દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ હતા.
- ઉપરાષ્ટ્રપતિની જોગવાઇ બંધારણના અનુચ્છેદ ૬૩માં કરવામાં આવી છે.
- બંધારણના અનુચ્છેદ ૬૪ અંતર્ગત ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ હોય છે.

**(૩) ઇન્ટરનેશનલ ગોલ્ડન સિટી ગેટ ટુરિઝમ એવોર્ડ : ૨૦૧૯**

- ભારત સરકારના પર્યટન મંત્રાલયને તાજેતરમાં ઇન્ટરનેશનલ ગોલ્ડન સિટી ગેટ ટુરિઝમ એવોર્ડ ૨૦૧૯માં પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયો.
- ભારતને આ પુરસ્કાર ટીવી સિનેમા સ્પૉટ કેટેગરીમાં એનાયત થયો.
- પર્યટન મંત્રાલય દ્વારા અતુલ્ય ભારત ૨.૦ અભિયાન ના પ્રચાર માટે બનાવમાં આવેલ વિજ્ઞાપનને આ સન્માન પ્રાપ્ત થયું છે.
- ઇન્ટરનેશનલ ગોલ્ડન સિટી ગેટ ટુરિઝમ એવોર્ડ ફેડરલ એસોસિએશન ઓફ જર્મન ફિલ્મ એડ એન્ડ પ્રોડ્યુસર્સ દ્વારા આપવામાં આવે છે.
- પર્યટન મંત્રી – કે જે અલ્ફોંસ

**(૪) ડૉ. એ.કે. મોહંતી – ડાયરેક્ટર, ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર :**

- જાણીતા વિજ્ઞાની ડૉ. એ.કે. મોહંતીએ ભાભા પરમાણુ સંશોધન કેન્દ્રના ડાયરેક્ટર તરીકેનો હોદ્દો સંભાળ્યો.
- તેમણે કે.એન. વ્યાસનું સ્થાન લીધું છે.

Vivekanand Academy Gandhinagar

- તેમની નિમણૂક ત્રણ વર્ષ માટે કેન્દ્રીય મંત્રાલય દ્વારા કરવામાં આવી છે.
- ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર દેશની મુખ્ય પરમાણુ અનુસંધાન સંસ્થા છે.
- વર્ષ ૧૯૫૪માં ભારત સરકાર દ્વારા ટ્રોમ્બે એનર્જી એસ્ટાબ્લિશમેંટની સ્થાપના કરવામાં આવી હતી.
- વર્ષ ૧૯૬૬માં મહાન વૈજ્ઞાનિક ડૉ. હોમી જહાંગીર ભાભાના નિધન બાદ આ સંસ્થાનું નામ ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર કરવામાં આવ્યું.

1. બોઈંગ 737 વિમાન પ્રતિબંધિત કરનાર પ્રથમ દેશ જણાવો?

 - નેધરલેન્ડસ

2. યુનિવર્સીટી ઓફ પીસ દ્વારા તાજેતરમાં ક્યા ઉપરાષ્ટ્રપતિને માનદ ડોકટરેટની પદવી એનાયત કરી? - વૈંકેયા નાયડુ

3. દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ જણાવો? - ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

4. ઉપરાષ્ટ્રપતિની જોગવાઈ બંધારણના ક્યા અનુચ્છેદમાં આપેલ છે? - અનુચ્છેદ-63

5. કેન્દ્રિય પર્યટન મંત્રી જણાવો? - કે. જે. અલ્ફોંસ

6. દેશની મુખ્ય પરમાણુ અનુસંધાન સંસ્થા જણાવો?

 - ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર

## 14.March 2019

**(૧) વર્લ્ડ કિડની ડે :**

- દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરૂવાર વર્લ્ડ કિડની ડે મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી ઇન્ટરનેશનલ સોસાયટી ઓફ નેફ્રોલોજી અને કિડની ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન્સ ઓફ કિડની દ્વારા કરવામાં આવે છે.
- વર્લ્ડ કિડની ડેની પ્રથમ ઉજવણી વર્ષ ૨૦૦૬માં કરવામાં આવી હતી.
- ૨૦૧૯ થીમ : 'Kidney health for Everyone Everywhere'
- મનુષ્ય શરીરમાં કિડની લાલાશ પડતા કથ્થઇ રંગની વાલ જેવા આકારની હોય છે.

**(૨) ભારતની પ્રથમ બોલતી ફિલ્મ 'આલમઆરા'**

- ભારતની પ્રથમ બોલતી ફિલ્મ 'આલમઆરા' ૧૪ માર્ચ ૧૯૩૧ના રોજ રીલીઝ થઇ હતી.
- તેનું નિર્દેશન અર્દશીર ઈરાની દ્વારા કરવામાં આવ્યું હતું.
- મુંબઇના મેજેસ્ટિક સિનેમામાં આ ફિલ્મનો પ્રથમ શો ૧૪ માર્ચ ૧૯૩૧ના રોજ થયો હતો.
- ફિલ્મના હીરોની મુખ્ય ભૂમિકા માસ્ટર વિઠ્ઠલ દ્વારા નિભાવવામાં આવી હતી.
- ફિલ્મમાં હિરોઇન તરીકે જુબૈદા દ્વારા ભૂમિકા નિભાવવામાં આવી હતી.
- આ ફિલ્મ ઉર્દુ ભાષામાં બનાવવામાં આવી હતી.
- ભારતની પ્રથમ ફિલ્મ રાજા હરીશચંદ્ર હતી જે મૌન ફિલ્મ હતી.
- તે વર્ષ ૧૯૧૩માં રીલીઝ થઇ હતી.

**(૩) 'વર્લ્ડ ફ્રેમ-૧૦૦' -ઇએસપીએન :**

- તાજેતરમાં ઇએસપીએન દ્વારા દુનિયાના ૧૦૦ સૌથી ચર્ચિત ખેલાડી 'વર્લ્ડ ફ્રેમ-૧૦૦' ની યાદી જાહેર કરવામાં આવી.
- જેમાં ભારતના ૯ ખેલાડીનો સમાવેશ થયો છે.
- આ યાદીમાં દિગ્ગજ ફૂટબોલર રોનાલ્ડો પ્રથમ ક્રમે છે. બીજા નંબરે અમેરિકાના બાસ્કેટ બોલ ખેલાડી લેબ્રન જેમ્સ અને ત્રીજા ક્રમે આર્જેન્ટિનાનો ફૂટબોલર લિયોનલ મેસ્સી છે.
- ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી સાતમા ક્રમ સાથે ભારતીયોમાં ટોપ પર છે.
- આ યાદી ધોની ૧૩માં ક્રમે, યુવરાજ સિંહ, ૧૮માં, રૈના ૨૨માં અને અશ્વિન ૪૨માં ક્રમે છે.
- આ સિવાય લિસ્ટમાં રોહિત, હરભજન, ધવન અને સાનિયા મિર્ઝાનું નામ છે.
- યાદીમાં ખેલાડીઓની પોઝીશન નક્કી કરવા માટે ત્રણ માપદંડો રાખવામાં આવ્યા છે.
- ખેલાડીને ગુગલ પર કેટલો સર્ચ
- બ્રાન્ડ એન્ડોર્સમેન્ટમાંથી ખેલાડીની કમાણી
- ખેલાડીની સોશિયલ મીડિયા ફોલોઇન્ગ

1. વર્લ્ડ કિડની ડે ક્યારે મનાવાય છે? - માર્ચ મહિનાના બીજા ગુરૂવારે

2. ભારતની પ્રથમ બોલતી ફિલ્મનું નામ જણાવો? - આલમઆરા

3. ભારતની પ્રથમ મૌન ફિલ્મનું નામ જણાવો? - રાજ હરિશચંદ્ર

4. ઈએસપીએન દ્વારા બહાર પાડેલી યાદીમાં વલ્ડ ફ્રેમ-100માં કુલ કેટલા ભારતીય છે? - ભારતના 9 ખેલાડી

## 15.March 2019

**(૧) વિશ્વ પાઇ દિવસ – ૧૪ માર્ચ**

- ૧૪ માર્ચના રોજ વિશ્વભરમાં પાઇ ડે ઉજવવામાં આવે છે.
- પાઇ એ ગણિતમાં વપરાયેલા પ્રતીક છે જેની કિંમત એલેકઝાન્ડ્રીયાના ખગોળશાસ્ત્રી ટોલેમીએ ૩.૧૪૧૫૯ આંકી હતી.

**(૨) વિશ્વ ગ્રાહક દિવસ-૧૫ માર્ચ :**

- દર વર્ષે ૧૫ માર્ચના રોજ વિશ્વભરમાં 'વિશ્વ ગ્રાહક દિવસ' ઉજવવામાં આવે છે.
- અમેરિકાના રાષ્ટ્રપતિ જ્હોન.એફ કેનેડી આંતરરાષ્ટ્રીય ગ્રાહકની બદલતી પરિભાષા ઉપર પ્રથમવાર ભાષણ આપ્યું હતું.
- આ જ ઇતિહાસીક ભાષણ પરથી ૧૯૮૩ પ્રથમવાર 'વિશ્વ ગ્રાહક દિવસ' ઉજવવામાં આવ્યો હતો.

Vivekanand Academy Gandhinagar

- આ દિવસ ગ્રાહકોમાં ખરીદી પ્રત્યે જાગૃતતા લાવવાના હેતુથી મનાવવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૯ થીમ : Trusted Smart Products
- દર વર્ષે ભારતમાં ૨૪ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ મનાવવામાં આવે છે.
- ૨૪ ડિસેમ્બર ૧૯૮૬ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા ગ્રાહક સુરક્ષા કાયદાને, ૧૯૮૬ ને મંજૂરી આપવામાં આવી હતી.
- સ્ટેટ કન્જ્યુમર હેલ્પલાઇન નંબર – ૧૮૦૦૨–૨૩૩–૦૨૨૨

**(૨) રાષ્ટ્રપતિના હસ્તે સૈન્ય પુરસ્કાર :**

- રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલ ડિફેન્સ ઇન્વેસ્ટિયર સેરેમનીમાં કીર્તિચક્ર, શૌર્યચક્ર તથા અન્ય સન્માન એનાયત કર્યા.
- ભારત સરકાર દ્વારા સૈનિકોને યુદ્ધ સમયે પરમ વીર ચક્ર, મહાવીર ચક્ર અને વીર ચક્ર આપવમાં આવે છે.
- ભારત સરકાર દ્વારા સૈનિકોને શાંતિ સમયે (જે સમય દરમ્યાન યુદ્ધ ન હોય) અશોક ચક્ર, કીર્તિ ચક્ર, અને શૌર્ય ચક્ર આપવામાં આવે છે.
- સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન નિર્મલા સિતારમણ અને પ્રધાનો, સૈન્યના અધિકારીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.
- રાષ્ટ્રપતિએ પરમ વિશિષ્ટ સેવા મેડલ સાથે આર્મીના વડા બિપિન રાવતને સન્માનિત કર્યા

**પરમ વિશિષ્ટ સેવા મેડલ**

- આ મેડલ પુરસ્કાર ભારત સરકાર દ્વારા આર્મી, નેવી અને એરફોર્સના અધિકારીઓને આપવામાં આવે છે.
- આ પુરસ્કાર વર્ષ ૧૯૬૦ થી આપવામાં આવે છે.
- સેવા દરમ્યાન શાંતિ અને અસાધારણ સેવા એનાયત કરવામાં આવે છે.
- આ પુરસ્કાર મરણોત્તર પણ આપવામાં આવે છે.
- રાષ્ટ્રપતિએ સિપાહી બ્રહ્મ પાલ સિંહ (મરણોપરાંત) અને સીઆરપીએફના બે જવાનો રાજેન્દ્ર નૈન અને નવીન બબ્બન ધનવાડેને મરણોપરાંત કીર્તિચક્રથી સન્માનિત કર્યા.

**કિર્તિચક્ર :**

- કિર્તિ ચક્ર ભારતનો શાંતિ સમયનો વીરતા પુરસ્કાર છે.
- આ સન્માન સૈન્ય અને નાગરિકોને અસાધારણ બહાદુર, શુરતા અને બલિદાન માટે આપવામાં આવે છે.
- આ પુરસ્કાર વર્ષ ૧૯૫૨ થી આપવામાં આવે છે.
- વર્ષ ૧૯૬૭ પહેલા આ પુરસ્કાર અશોકચક્ર વર્ગ–૨ તરીકે ઓળખવામાં આવતો હતો.
- આ પુરસ્કાર મરણોત્તર પણ આપવામાં આવે છે.
- બહાદુરી સાથે આતંકવાદીઓને મારનાર મેજર પવન ગૌતમ, નાયક સૂબેદાર વિજયકુમાર અને કેપ્ટન સી. રાજકુમારને શૌર્ય ચક્રથી સન્માનીત કરવામાં આવ્યા.

**શૌર્યચક્ર :**

- શૌર્ય ચક્ર ભારતનો શાંતિ સમયનો વીરતા પુરસ્કાર છે.
- આ સન્માન સૈન્ય અને નાગરિકોને અસાધારણ બહાદુરી, શુરતા અને બલિદાસ માટે આપવામાં આવે છે.
- વર્ષ ૧૯૬૭ પહેલા આ પુરસ્કાર અશોક ચક્ર વર્ગ–૩ તરીકે ઓળખવામાં આવતો હતો.
- આ પુરસ્કાર મરણોત્તર પણ આપવામાં આવે છે.

1. વિશ્વ પાઈ દિવસ ક્યારે ઉજવાય છે? - 14 માર્ચ
2. વિશ્વ ગ્રાહક દિવસ ક્યારે મનાવાય છે? - 15 માર્ચ
3. ભારતમાં 'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ' ક્યારે મનાવાય છે? - 24 ડિસેમ્બર
4. પરમ વિશિષ્ટ સેવા મેડલ 2019માં કોને એનાયત થયો? - બિપિન રાવત
5. પરમ વિશિષ્ટ સેવા મેડલ ક્યા વર્ષથી આપવામાં આવે છે? - 1960 થી

**16.March 2019**

### રામનાથ કોવિંદની એક દિવસની ગુજરાત મુલાકાત

- ❖ રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ ગુજરાતની એક દિવસની મુલાકાતે આવ્યા.
- ❖ રાષ્ટ્રપતિ ગાંધીનગર નજીકની ગ્રામ ભારતી સંસ્થા ખાતે નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ રાષ્ટ્રીય ગ્રાસરૂટ ઈનોવેશન અને વિશિષ્ટ પારંપરિક જ્ઞાન પુરસ્કાર સમારોહ તથા ઈનોવેશન ફેસ્ટિવલ એક્ઝિબિશનમાં ઉપસ્થિત રહ્યા હતા.
- ❖ નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે નેશનલ એવોર્ડસ ઉપરાંત સ્ટેટ એવોર્ડસ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવે છે.
- ❖ દર વર્ષે આ આયોજન રાષ્ટ્રપતિભવન ખાતે થાય છે.
- ❖ ગાંધીજીની 150મી જન્મ જયંતિ ઉજવાઈ રહી હોવાથી પ્રથમ વખતે આ કાર્યક્રમ રાષ્ટ્રપતિભવનની બહાર થયો છે.
- ❖ રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દેશના 14માં રાષ્ટ્રપતિ છે.

### એમ.આર. કુમાર - LIC ચેરમેન

- ❖ એમ.આર. કુમારને LICના ચેરમેન નિયુક્ત કરવામાં આવ્યા.
- ❖ તેઓ શ્રી વી.કે. શર્માનું સ્થાન લેશે.
- ❖ તેઓ હાલ LICના નોર્થ ઝોન ઝોનલ મેનેજરપદે કાર્યરત્ત છે.
- ❖ તેમની નિમણૂંક 5 વર્ષ માટે કરવામાં આવી છે.
- ❖ ઓરિએન્ટલ લાઈફ કંપનીની સ્થાપના કોલકત્તા ખાતે બિપિનદાસ ગુપ્તા અને અન્ય દ્વારા 1818માં કરવામાં આવી હતી.
- ❖ ઓરિએન્ટલ લાઈફ કંપની ભારતની પ્રથમ વીમા કંપની હતી.
- ❖ ભારતીય સંસદ દ્વારા 19 જૂન 1956ના રોજ "ભારતીય જીવન વીમા બિલ" પસાર કરવામાં આવ્યું હતું.
- ❖ જેના હેઠળ, ભારતનું જીવન વીમા કોર્પોરેશન 01 સપ્ટેમ્બર, 1956માં અસ્તિત્વમાં આવ્યું.

❖ બોમ્બે મ્યુચ્યુઅલ લાઈફ એશ્યુરન્સ સોસાયટી દ્વારા 1870માં દેશનો પ્રથમ વીમા પ્રદાતા છે.

❖ ભારતીય જીવન વીમા નિગમ મુખ્ય મથક: મુંબઈ

**માનવ – પોર્ટેબલ એન્ટિટેન્ક મિસાઈલનું સફળ પરીક્ષણ**

❖ રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા સ્વદેશી માનવ એન્ટિટેન્ક ગાઈડેડ મિસાઈલનું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું.

❖ આ પરીક્ષણ રાજસ્થાનના પોખરણ ખાતે કરવામાં આવ્યું.

· આ મિસાઈલ ઈસરો દ્વારા વિકસાવવામાં આવેલ માનવ એન્ટિ-ટેન્ક મિસાઈલની ત્રીજી પેઢી છે.

· તેની મારક ક્ષમતા 2.5 કિ.મી. છે.

**ફિફા 2020 અંડર 17 મહિલા ફૂટબોલ વિશ્વકપનું આયોજન – ભારત**

· તાજેતરમાં ફિફાના અધ્યક્ષ જીયાની ઈન્ફેન્તિનો દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે.

· અમેરિકા ખાતે યોજાયેલ ફિફા પરિષદની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો.

· અગાઉ ભારતમાં વર્ષ 2017માં અંડર 17 ફૂટબોલ વિશ્વકપનું આયોજન થયું હતું.

· અંડર 17 ફૂટબોલ મહિલા વિશ્વકપ વર્ષ 2018થી દર બે વર્ષે કરવામાં આવે છે.

· વર્ષ 2018માં અંડર 17 ફૂટબોલ મહિલા વિશ્વકપનું આયોજન ઉરુગવે ખાતે થયું હતુ.

· ફિફા વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય ફૂટબોલ પ્રતિયોગિતાનું આયોજન કરે છે.

· ફિફાની સ્થાપના વર્ષ 1904માં થઈ હતી, જેનું મુખ્ય મથક જ્યુરિક ખાતે આવેલ છે.

---

1. ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનો ક્રમ જણાવો? - 14માં રાષ્ટ્રપતિ
2. LICના નવા ચેરમેન જણાવો? - એમ. આર. કુમાર
3. ભારતીય જીવન વિમા નિગમનુ મુખ્યમથક જણાવો? - મુંબઈ
4. ફિફા-2020 અંડર-17 મહિલા ફૂટબોલ વિશ્વકપનું આયોજન ક્યાં થશે? - ભારત

**17.March 2019**

**પદ્મ પુરસ્કાર 2019**

· ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ પદ્મ પુરસ્કાર 2019 વિજેતાઓને એનાયત થયા.

· આ વર્ષે કુલ 112 મહાનુભાવોને આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.

· વર્ષ 2019ના પદ્મ પુરસ્કારની યાદીમાં 11 વિદેશી નાગરિકો સાથે 21 મહિલાઓ અને 1 ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે.

· આ વર્ષે પ્રથમ વખત ટ્રાન્સજેન્ડરને આ સન્માન આપવામાં આવ્યું છે જેમાં તામીલનાડુના ભરત નાટ્યકાર નટરાજ પ્રથમ ટ્રાન્સજેન્ડર બન્યા છે.

· રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિભવન ખાતે નાગરિક સન્માન સમારોહમાં બે પદ્મ વિભૂષણ, 6 પદ્મભૂષણ અને 48 પદ્મશ્રી પુરસ્કાર એનાયત કર્યા.

· પદ્મ પુરસ્કાર સામાજીક કાર્ય, વિજ્ઞાન, વ્યાપાર, ઉદ્યોગ, શિક્ષણ, રમત-ગમત જેવા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ યોગદાન બદલ આપવામાં આવે છે.

· આ પુરસ્કારના વિજેતાની જાહેરાત દર વર્ષે પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ કરવામાં આવે છે.

**પદ્મ પુરસ્કારો**

પદ્મ વિભૂષણ – કોઈ ક્ષેત્રે વિશેષ યોગદાન બદલ

પદ્મ ભૂષણ – કોઈ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ

પદ્મશ્રી – કલા, સાહિત્ય, શિક્ષણ, વિજ્ઞાન જેવે ક્ષેત્રે યોગદાન બદલ.

**પદ્મ વિભૂષણ**

પદ્મ વિભૂષણ સન્માન ભારત સરકાર દ્વારા આપવામાં આવતું બીજા ક્રમનું સન્માન છે.

આ સન્માન ભારતના રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવે છે. જેની શરૂઆત 2 જાન્યુઆરી 1954માં થઈ હતી.

ભારત રત્ન દેશનું પ્રથમ ક્રમનું સર્વોચ્ચ સન્માન છે.

**પદ્મ વિભૂષણ પુરસ્કાર વિજેતા મહાનુભાવો.**

| નામ | ક્ષેત્ર | રાજ્ય |
|---|---|---|
| તીઝનબાઈ | લોકગાયક | છત્તીસગઢ |
| ઈસ્માઈલ ઉંમર ગુલેહ (વિદેશી નાગરિક) | જાહેર બાબતો | જીબુતીતી |
| અનિલકુમાર નાઈક | વ્યાપાર અને ઉદ્યોગ | મહારાષ્ટ્ર |
| બળવંત મોરેશ્વર પુરંદરે | અભિનય | મહારાષ્ટ્ર |

**પદ્મ ભુષણ**

· પદ્મ ભૂષણ સન્માન ભારત સરકાર દ્વારા આપવામાં આવતું ત્રીજા ક્રમનું સન્માન છે.

· વર્ષ 2019ના પદ્મ વિભૂષણ પુરસ્કારમાં એક માત્ર સ્પોર્ટસ પર્સન અને એક માત્ર મહિલા સુશ્રી બછેન્દ્રી પાલ છે.

**પદ્મ એવોર્ડ મેળવનાર કેટલીક હસ્તીઓ**

| નામ | એવોર્ડ |
|---|---|
| તીજનબાઈ (લોકગાયક) | પદ્મ વિભૂષણ |
| અનિલકુમાર નાયક (સીઈઓ, એલ એન્ડ ટી) | પદ્મ વિભૂષણ |
| દર્શનલાલ જૈન (આરએસએસ | પદ્મ ભૂષણ |

| | |
|---|---|
| નેતા) | |
| મહાશય ધર્મપાલ (એમડીએચના સ્થાપક) | પદ્મ ભૂષણ |
| અશોક લક્ષ્મણરાવ કૂકાડ (મેડીકલ પ્રોફેસર) | પદ્મ ભૂષણ |
| નામ્બી નારાયણ (વિજ્ઞાની) | પદ્મ ભૂષણ |
| બચેન્દ્રીપાલ (પર્વતારોહક) | પદ્મ ભૂષણ |
| વી. કે. શુંગલ (પૂર્વ કેગ) | પદ્મ ભૂષણ |
| મનોજ બાજપાઈ (અભિનેતા) | પદ્મ શ્રી |
| સ્વપ્ન ચૌધરી (તબલા વાદક) | પદ્મ શ્રી |
| એચ. એસ.  ફૂલકા (વકિલ) | પદ્મ શ્રી |
| સુદામ લક્ષ્મણ કાટે (વિજ્ઞાની) | પદ્મ શ્રી |
| મુહમ્મદ કે કે (આર્કેલોજિસ્ટ) | પદ્મ શ્રી |
| સાલુમરદા થિમક્કા (પર્યાવરણવિદ) | પદ્મ શ્રી |
| સુનિલ છેત્રી (ફૂટબોલર) | પદ્મ શ્રી |
| એલ બોમ્બાયલાદેવી (તિરંદાજ) | પદ્મ શ્રી |
| ગૌતમ ગંભીર (ક્રિકેટર) | પદ્મ શ્રી |
| પ્રશાંતિ સિંહ (બાસ્કેટ બોલ) | પદ્મ શ્રી |
| દિનિયાર આર. કોન્ટ્રાકટર (પારસી ગુજરાતી થિયેટરના કલાકાર) | પદ્મ શ્રી |
| ફ્રાઈડેરિકા ઈરીના (જર્મનીમાં ગાયોની સારવાર) | પદ્મ શ્રી |
| જોરાવરસિંહ જાદવ (લોક કલા) | પદ્મ શ્રી |

- પદ્મશ્રી સન્માન ભારત સરકાર દ્વારા આપવામાં આવતું ચોથા ક્રમનું સન્માન છે.

**પદ્મશ્રી વિજેતા ગુજરાતી મહાનુભાવો**

| નામ | ક્ષેત્ર |
|---|---|
| જ્યોતિ ભટ્ટ | પેઈન્ટીગ – કલા |
| અબ્દુલ ગફુર ખત્રી | પેઈન્ટીગ – કલા |
| જોરાવરસિંહ જાદવ | સાહિત્ય  – કલા |
| મુક્તાબેન ડગલી | સામાજિક સેવા |
| વલ્લભભાઈ મારવાણીયા | કૃષિ |
| બિમલ પટેલ | આર્કિટેકચર |

**પદ્મશ્રી વિજેતા ગુજરાતી મહાનુભાવો**

**જ્યોતિ ભટ્ટ**

- જ્યોતિ ભટ્ટનો જન્મ ગુજરાતના ભાવનગરમાં થયો હતો.
- તેઓનું પુરૂ નામ જ્યોતીન્દ્ર માણશંકર ભટ્ટ છે.
- વર્ષ 1956માં રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ દ્વારા તેમને રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

**અબ્દુલ ગફુર ખત્રિ**

- અબ્દુલ ગફુર ખત્રિ કચ્છ જિલ્લાના નિરોના ગામના વતની છે.
- તેમને "રોગન પેંટિંગ"ની કલાને જાળવી રાખવા બદલ આ સન્માન મળ્યું.
- રોગન પેંટિંગ કાપડ પર  તૈયાર કરવામાં આવે છે.
- તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલ પેંટિંગ "ટ્રી ઓફ લાઈફ" વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકા પ્રવાસ દરમ્યાન તત્કાલિન રાષ્ટ્રપતિ બરાક ઓબામાને ભેટ કર્યું હતું.

**જોરાવરસિંહ જાદવ**

- જોરાવરસિંહ જાદવ અમદાવાદ જિલ્લાના ધંધુકાના વતની છે.
- તેઓ ગુજરાતનાં પ્રસિધ્ધ કલાવિદ્ અને સર્જક છે.
- તેમણે ગુજરાતી ભાષામાં સંગીત, કલા, સાહિત્યમાં 90થી વધુ પુસ્તકનું સર્જન કર્યું છે.

**મુક્તાબેન ડગલી**

- મુક્તાબેન ડગલી મહિલાઓને સ્વનિર્ભર થવા માટે અભ્યાસ કરાવે છે.
- તેમનો જન્મ અમરેલી જિલ્લાના અંકેડિયા ખાતે થયો હતો.
- તેઓ સુરેન્દ્રનગરના વતની છે.
- તેઓ સુરેન્દ્રનગરની સી.યુ.  શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજના સંચાલક છે.
- તેમને વર્ષ 2009માં સામાજિક સેવા અને વર્ષ 2001માં સ્ત્રી શક્તિ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**વલ્લભભાઈ મારવાણીયા**

- વલ્લભભાઈ મારવાણીયા જુનાગઢ જિલ્લાના વતની છે.
- તેમને આ સન્માન ગાજરની ખેતીમાં કરેલ  સંશોધન બદલ એનાયત થયો છે.
- તેમને વર્ષ 2017માં નેશનલ ગ્રાસરૂટસ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**બિમલ પટેલ**

- બિમલ પટેલ અમદાવાદના વતની છે.
- તેઓ આર્કિટેકટ અને અર્બન પ્લાનર છે.

• તેઓ ભોપાલની સ્કૂલ ઓફ પ્લાનિંગ એન્ડ આર્કિટેકચરના બોર્ડ અધ્યક્ષ છે.

**પેસેફિક માસ્ટર્સ ચેમ્પિયનશિપ –**

**સોનલ પુરોહિત**

• ગુજરાત પોલીસમાં ફરજ બજાવતી સોનલ પુરોહિતે આંતરરાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધામાં 5 – 5 મેડલ મેળવી ગુજરાત પોલીસમાં પ્રથમ જલપરીનું બહુમાન મેળવ્યું છે.

• તેણે મલેશિયામાં યોજાયેલી પેસિફિક માસ્ટર્સ ચેમ્પિયનશિપમાં 30 થી 34 વર્ષના વયજૂથમાં ભાગ લીધો હતો.

• આ ચેમ્પિયનશિપમાં સોનલે ઉત્કૃષ્ટ દેખાવ કરી 100 મી. બ્રેસ્ટ સ્ટ્રોક, 200 મી., 400 મી. ફ્રી સ્ટાઈલ તેમજ મિક્સ ફ્રી સ્ટાઈલ રીલેમાં ગોલ્ડ અને 50 મી. બ્રેસ્ટ સ્ટ્રોકમાં સિલ્વર મેડલ મેળવ્યા હતા.

• સોનલે વર્ષ 2006 અને વર્ષ 2008માં ઓસ્ટ્રેલિયન પાન પેસિફિક માસ્ટર્સ ગેમ્સમાં ભાગ લઈ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

• તેણી હાલ કરાઈ ખાતે ગુજરાત પોલીસ એકેડમીમાં સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર તરીકે પોલીસના તરણવીરોને તાલીમ આપી રહ્યા છે.

**રેલ્વે હેરિટેજ મ્યુઝિયમ – ભાવનગર**

• ભાવનગર ખાતે રેલ્વેનું સૌથી મોટું હેરિટેજ મ્યુઝિયમ ખુલ્લુ મુકાયું.

• આ મ્યુઝિયમને પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર એ.કે. ગુપ્તા દ્વારા ખુલ્લુ મૂકવામાં આવ્યું.

• 100 વર્ષ પહેલાની રેલ્વે નેરોગેજ સ્ટીમ એન્જિન, નેરોગેજ ડિઝલ હાઈડ્રોલિક એન્જિન, મીટરગેજ ક્રેન સહિતના મશીનો અને ઉપકરણો મૂકવામાં આવ્યા છે.

• ગુજરાતમાં અમદાવાદ, વડોદરા રાજકોટ રેલ્વે સ્ટેશનપર હેરિટેજ ગેલેરી આવેલ છે.

1. પદ્મ પુરસ્કાર-2019માં કુલ કેટલા વ્યક્તિને એનાયત થયા?
 - 112
2. દેશનું પ્રથમ ક્રમનું સર્વોચ્ચ સન્માન જણાવો? - ભારત રત્ન
3. પદ્મ વિભુષણ વિજેતા તીઝનબાઈનું કાર્યક્ષેત્ર જણાવો?
 - લોકગાયક
4. પદ્મશ્રી વિજેતા બિમલ પટેલ ક્યા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે?
 - આર્કિટેકચર
5. સોનલ પુરોહિતનું કાર્યક્ષેત્ર જણાવો? - તરણ

**18.March 2019**

**ગોવાના મુખ્યમંત્રી મનોહર પાર્રિકરનું નિધન**

• ગોવાના મુખ્યમંત્રી મનોહર પાર્રિકરનું 17 માર્ચ, 2019ના રોજ નિધન થયું.

• કેન્દ્ર સરકાર દ્વારા તેમને શ્રધ્ધાંજલી અર્પણ કરવા 18 માર્ચ, 2019ના દિવસે રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે.

• રાષ્ટ્રીય શોક દરમ્યાન દેશની રાજધાની, દરેક રાજ્યની રાજધાની તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાષ્ટ્રધ્વજને અડધો નીચે ફરકાવવામાં આવે છે.

• ગોવા સરકાર દ્વારા સાત દિવસનો રાજકીય શોક જાહેર કરવામાં આવ્યો છે.

• તેમનો જન્મ 13 ડિસેમ્બર, 1955ના રોજ ગોવાના માપુસા ગામમાં થયો હતો.

• તેમનું પુરૂ નામ મનોહર ગોપાલકૃષ્ણ પર્રિકર હતું.

• પાર્રિકર દેશના પ્રથમ મુખ્યમંત્રી હતા જે IIT પાસ હતા. 1978માં IIT મુંબઈથી મેટલર્જિકલમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો.

• 2001માં IIT મુંબઈએ તેમને એલ્યૂમની એવોર્ડથી સન્માનિત કર્યા.

• ડૉ. મનોહર પાર્રિકર ગોવાના 4 વખત મુખ્યમંત્રી રહ્યા હતા.

• 24 ઓકટોબર, 2000ના પ્રથમ વખત ગોવાનું મુખ્યમંત્રી પદ સંભાળ્યુ હતું.

• બીજી વખત 2002 થી 2005 સુધી, ત્રીજી વખત 14 માર્ચ, 2017થી સીએમ પદે રહ્યા હતા.

• ચોથી વખત તેઓએ મુખ્યમંત્રી તરીકે 14 માર્ચ, 2017ના રોજ શપથ લીધા હતા.

• તેઓ ગોવાના 10માં મુખ્યમંત્રી હતા.

• તેઓ વર્ષ 2014થી 2017 દરમ્યાન દેશના સંરક્ષણ મંત્રી રહ્યાં હતા.

• તેમના કાર્યકાળ દરમ્યાન ભારતીય સેનાએ 29 સપ્ટેમ્બર, 2016ના રોજ એલઓસી પર સર્જીકલ સ્ટ્રાઈક કરી હતી.

• સંરક્ષણ મંત્રીના કાર્યકાળ દરમ્યાન તેઓ ઉત્તરપ્રદેશ રાજ્યસભાના સાંસદ હતા.

• તેઓ પહેલી લોકસભા ચૂંટણી 1991માં લડ્યા પણ હારી ગયા. 1994ની વિધાનસભા ચૂંટણીમાં તેઓ પણજી વિધાનસભાથી પ્રથમ વખત જીત્યા હતા.

• ગોવાની રાજધાની પણજી છે.

• ગોવાના રાજ્યપાલ મૃદુલા સિંહા છે.

• ગોવા વિસ્તારની દ્રષ્ટિએ દેશનું 29મુ રાજ્ય છે. વસ્તીની દ્રષ્ટિએ દેશનું 26મુ રાજ્ય છે.

**દેશના પ્રથમ લોકપાલ પિનાકીચંદ્ર ઘોષ**

• તાજેતરમાં "લોકપાલ નિમણૂંક સમિતિ" દ્વારા દેશના પ્રથમ લોકપાલના નામની મંજૂરી આપવામાં આવી.

• લોકપાલ નિમણૂંક સમિતિની રચના પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવી હતી.

• લોકપાલ નિમણૂંક સમિતિના સભ્યો તરીકે લોકસભા સ્પીકર, લોકસભાના વિપક્ષી નેતા, ભારતના મુખ્ય ન્યાયાધિશ, સર્વોચ્ચ અદાલતના એક ન્યાયાધિશ અને એક ઉચ્ચ કાયદાશાસ્ત્રી હોય છે.

• સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ જજ પિનાકીચંદ્ર ઘોષ દેશના પ્રથમ લોકપાલ બનશે.

· કેન્દ્ર સરકાર દ્વારા તેમનું નામ રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવ્યું હતું જેને રાષ્ટ્રપતિ દ્વારા મંજૂરી આપવામાં આવી.

· જસ્ટિસ ઘોષ મે, 2017માં સર્વોચ્ચ અદાલતમાંથી નિવૃત્ત થયા હતા અને હાલ તેઓ માનવાધિકાર પંચના સભ્ય છે.

· લોકપાલના અધ્યક્ષ બનવા માટે ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધિશ અથવા સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશની લાયકાત જરૂરી છે.

· લોકપાલ સમિતિમાં એક અધ્યક્ષ અને વધુમાં વધુ આઠ સભ્યો હોય છે.

· સમિતિના આઠ સભ્યો પૈકી ચાર સભ્યો ન્યાયપાલિકાના હોય છે, જ્યારે બાકીના ચાર સભ્યોમાં એસસી, એસટી, ઓબીસી, લઘુમતી અને મહિલા હોવા ફરજિયાત છે. તેમની વય 70 વર્ષથી વધુ ન હોવી જોઈએ.

· લોકપાલ અધ્યક્ષ અને સભ્યોનો સમયગાળો 5 વર્ષનો છે.

· તેમનો પગાર સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ જેટલો હોય છે.

· લોકપાલ વર્તમાન તેમજ પૂર્વ વડાપ્રધાન, વર્તમાન તેમજ પૂર્વ કેન્દ્રિય મંત્રી, સંસદસભ્યો, સરકારી તેમજ જાહેરક્ષેત્રોના કર્મચારીઓ અને 10 લાખથી વધુ વિદેશી યોગદાન મેળવતા એનજીઓની તપાસ કરી શકે છે.

· વિશ્વના સૌપ્રથમ લોકપાલની નિમણૂંક વર્ષ 1809માં સ્વીડન ખાતે કરવામાં આવી હતી.

· ભારતમાં સૌપ્રથમ વર્ષ 1971માં લોકપાલની નિમણૂંક અંગે ખરડો રજૂ થયો હતો.

· ત્યારબાદ વર્ષ 1985માં તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીએ આ અંગે ખરડો રજૂ કર્યો હતો.

· પિનાકીચંદ્ર ઘોષનો જન્મ પશ્ચિમ બંગાળના કોલકત્તામાં થયો હતો.

· તેઓએ વર્ષ 2013થી 2017 દરમ્યાન સર્વોચ્ચ અદાલતના જજ તરીકે સેવા આપી હતી.

**બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુધ્ધની પ્રતિમાના અવશેષો**

· મહેસાણા જિલ્લાના સતલાસણથી 10 કિ.મી. દૂર આવેલા નેદરડી ગામેથી બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બૌદ્ધ ની પ્રતિમાનો માથાનો ભાગ મળી આવ્યો.

· જે 4 થી 5 સદીનો હોવાનું અનુમાન છે.

· અડધી આંખો ખુલ્લી અને લાંબા કાન ધરાવતી પ્રતિમા મળી આવી છે.

· બૌદ્ધ ધર્મના ગુજરાત સાથેના સંબંધોની સાક્ષી પૂરતા કેટલાક અવશેષો તારંગા અને વડનગરથી મળી આવ્યા છે.

· તારંગામાં 300 મીટર ઉંચા પર્વત પરથી મળી આવેલ બૌદ્ધ સ્તૂપો તેની સાબિતી છે.

· કેન્દ્રીય પુરાતન વિભાગના અભિજિત આબેકરના નેતૃત્વ હેઠળ તેમની ટીમ વનગર અને તારંગામાં પુનઃ ઉત્ખન્નની પ્રક્રિયા શરૂ કરી છે.

· તારંગામાંથી 54 જેટલી કુદરતી ગૂફાઓ પણ મળી છે. આ કુદરતી ગૂફાઓમાં બૌદ્ધ ભિક્ષુક રહેતા હતા.

· આ દરમિયાન સતલાસણા તાલુકાના નેદરડી ગામેથી ગૌતમ બુદ્ધની પ્રતિમાનો માથાનો ભાગ મળતાં પુરાતન વિભાગે સંશોધન કર્યું છે.

· તારંગાના ડુંગર પર બૌદ્ધ ધર્મનો ઇતિહાસ ધરબાયેલો છે.

1. તાજેતરમાં નિધન થનાર ગોવાના મુખ્યમંત્રીનું નામ જણાવો?
 - મનોહર પરિકર
2. એમ. પરિકરનું પુરૂ નામ જણાવો?
 - મનોહર ગોપાલકૃષ્ણ પરિકર
3. ગોવાની રાજધાનીનું નામ જણાવો? - પણજી
4. દેશના પ્રથમ લોકપાલનું નામ જણાવો? - પિનાકીચંદ્ર ઘોષ
5. લોકપાલ સમિતિમાં વધુમાં વધુ કેટલા સભ્યો હોય છે?
- એક અધ્યક્ષ અને વધુમાં વધુ આઠ સભ્યો
6 વિશ્વમાં સૌપ્રથમ લોકપાલની નિમણૂંક ક્યા દેશે કરી? - સ્વીડન
7. પિનાકીચંદ્ર ઘોષ ક્યા રાજ્યના વતની છે? - પશ્ચિમ બંગાળ
8. તારંગા ડુંગર ક્યા જિલ્લામાં આવેલ છે? - મહેસાણા

**19.March 2019**

**બ્રિક્સ શેરપા બેઠક - બ્રાઝિલ**

❖ તાજેતરમાં બ્રાઝિલના કરિતિબા ખાતે બ્રિક્સ શેરપા બેઠકનું આયોજન થયું.

❖ બ્રાઝિલની અધ્યક્ષતામાં આયોજિત થયેલ આ પ્રથમ બેઠક હતી.

❖ આ બેઠકમાં હાજર રહેલ ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ મંત્રાલયના આર્થિક સંબંધોના સચિવ ટી.એસ. તિરૂમુર્તિ દ્વારા કરવામાં આવ્યું હતું.

❖ બ્રિક્સ પાંચ દેશોનો સમૂહ છે જેની સ્થાપના વર્ષ 2001માં થઈ હતી.

❖ BRICSના સભ્યો દેશોમાં BRAZIL, RUSSIA, INDIA, CHAINA અને SOUTH AFRICAનો સમાવેશ થાય છે.

❖ તેનું મુખ્ય મથક શાંઘાઈ ખાતે આવેલું છે.

**ઈન્ડિયા આફ્રિકા જોઈન્ટ ફિલ્ડ ટ્રેનીંગ એકસરસાઈઝ**

· ઈન્ડિયા આફ્રિકા જોઈન્ટ ફિલ્ડ ટ્રેનીંગ એકસરસાઈઝનું આયોજન પુણે ખાતે કરવામાં આવ્યું.

· આ એકસરસાઈઝમાં ભારતીય સેના અને આફ્રિકાના 16 દેશોએ ભાગ લીધો.

· આ અભ્યાસનું નામ "AFINDEX-19" રાખવામાં આવ્યું છે.

· અભ્યાસમાં ભારતીય સેના તરફથી મરાઠા લાઇટ ઈન્ફેંટ્રીના સૈનિકોઓ ભાગ લીધો છે.

- "AFINDEX-19"નો ઉદ્દેશ સૈનિકોને માનવ સહાયતા અને સંયુક્ત રાષ્ટ્રના શાંતિ મિશન વિશે શિક્ષણ આપવાનો છે.

**પ્રમોદ સાવંત – ગોવા મુખ્યમંત્રી**

- ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય પ્રમોદ સાવંતે ગોવાના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
- ગોવાના રાજ્યપાલ મૃદલા સિંહાએ તેમને શપથ લેવડાવ્યા.
- પ્રમોદ સાવંત હાલ ઉત્તર ગોવાના સંખાલિમ વિધાનસભાના ધારાસભ્ય છે.
- તેમની સાથે મંત્રીમંડળના 11 મંત્રીઓએ શપથ લીધા.
- પ્રમોદ સાવંત વ્યવસાયે આયુર્વેદિક ડોકટર છે.
- ગોવાના પૂર્વ મુખ્યમંત્રી મનોહર પર્રિકરના નિધન બાદ નવી સરકારની રચના કરવામાં આવી છે.
- ગોવાની રાજધાની પણજી છે.

**દેશના પદ પર નિધન પામેલ મુખ્યંત્રી**

| મુખ્યમંત્રી | રાજ્ય |
|---|---|
| ગોપીનાથ બોર્દોલોઈ | આસામ |
| રવિશંકર શુક્લા | મધ્યપ્રદેશ |
| શ્રીકૃષ્ણ સિંઘ | બિહાર |
| બિધાનચંદ્ર રોય | પશ્ચિમ બંગાળ |
| મેરોત્રા કન્નવર | મહારાષ્ટ્ર |
| બળવંત મહેતા | ગુજરાત |
| સીએન અન્નાદુરાઈ | તામિલનાડુ (મદ્રાસ) |
| દયાનંદ બંદોકર | ગોવા |
| બરકત ઉલ્લાખાન | રાજસ્થાન |
| શૈખ અબ્દુલ્લા | જમ્મુ કાશ્મીર |
| એમ જી રામચંદ્રન | તામિલનાડુ |
| ચીમનભાઈ પટેલ | ગુજરાત |
| બેઅંતસિંહ | પંજાબ |
| એસ રાજશેખરરેડ્ડી | આંધ્રપ્રદેશ (વિભાજન પહેલા) |
| દોરજી ખાંડુ | અરુણાચલ પ્રદેશ |
| મુફ્તી મહોમ્મદ સૈયદ | જમ્મુ કાશ્મીર |
| જયલલિતા | તામિલનાડુ |
| મનોહર પાર્રિકર | ગોવા |

- મુખ્યમંત્રી રાજ્યની કારોબારીના વાસ્તવિક વડા છે.
- મુખ્યમંત્રીની નિમણૂંક વિધાનસભામાં બહુમત મેળવનાર પક્ષના નેતા તરીકે રાજ્યપાલ કરે છે.
- રાજ્યમાં અન્ય મંત્રીઓ (મંત્રી મંડળ)ની નિમણૂંક રાજ્યપાલ મુખ્યમંત્રીની સલાહથી કરે છે.
- મુખ્યમંત્રીએ બંધારણના અનુચ્છેદ 166 મુજબ મંત્રીમંડળની નીતિઓ અને નિર્ણયોની માહિતી રાજ્યપાલને કરવાની હોય છે.
- મુખ્યમંત્રી હોદ્દાની રૂએ નીતિ આયોગ અને આંતરરાજ્ય પરિષદના સભ્ય હોય છે.
- રાજ્યમંત્રી મંડળમાં ત્રણ પ્રકારના મંત્રી હોય છે.
- 1. કેબિનેટ મંત્રી 2. રાજ્યમંત્રી 3. ઉપમંત્રી

**GI ટેગ**

- તાજેતરમાં ભારતના વિવિધ રાજ્યોની વસ્તુઓને GI ટેગ આપવામાં આવ્યા.
- GI ટેગ તે વસ્તુ અથવા ઉત્પાદનને આપવામાં આવે છે, જે વિશિષ્ટ ક્ષેત્રે પ્રતિનિધિત્વ કરતી હોય અથવા વિશિષ્ટ સ્થાન પર જ મળતી હોય.
- GI ટેગ કૃષિ ઉત્પાદનો, પ્રકૃતિક વસ્તુઓ તથા નિર્મિત વસ્તુઓને તેમની વિશિષ્ટ ગુણવત્તા માટે આપવામાં આવે છે.
- આ ટેગ 10 વર્ષ માટે આપવામાં આવે છે, જે બાદમાં રિન્યૂ કરી શકાય છે.
- થોડા સમય અગાઉ કેન્દ્રિય નાગરિક વિમાન મંત્રાલય દ્વારા ગોવાના ડાબોલીમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે દેશનો પ્રથમ GI ટેગ સ્ટોર શરૂ કરવામાં આવ્યો હતો.
- GI ટેગ પ્રાપ્ત ઉત્પાદન-દાર્જિલંગ ચા, તિરુપત્તિ લાડુ, કાંગડા પેંટિંગ, નાગપુર સંતરા, કશ્મીર પશ્મિના, ઓડિશાની કંધામલ વગેરે.

**તાજેતરમાં મળેલ GI ટેગ ઉત્પાદન**

- કેરલના ઈડ્ડુક્કી જિલ્લાના મરયુર ગોળને તાજેતરમાં GI ટેગ આપવામાં આવ્યો.
- મરયુર ગોળનું નિર્માણ પારંપારિક વિધિ દ્વારા કરવામાં આવે છે.
- તામિલનાડુના ઈરોડની હળદરને તાજેતરમાં GI ટેગ આપવામાં આવ્યો.
- તામિલનાડુના ઈરોડ અને કોઈમ્બતુર જિલ્લામાં 70 થી 75% ઈરોડની હળદરનું ઉત્પાદન થાય છે.
- કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લાની સિરસી સોપારીને તાજેતરમાં GI ટેગ આપવામાં આવ્યો.
- આ સોપારીનું વેચાણ ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન તથા નવી દિલ્હી થાય છે.

1. બ્રિક્સ શેરપા બેઠક-2019નું આયોજન ક્યાં થયું હતું?
   - કરિતિબા, બ્રાઝીલ
2. AFINDEX-19નું આયોજન ક્યાં થયું હતું? - પુણે
3. ગોવાના નવા મુખ્યમંત્રીનું નામ જણાવો? - પ્રમોદ સાવંત

4. ગોવાના રાજ્યપાલનું નામ જણાવો? - મૃદુલા સિંહા
5. ક્યા રાજ્યમાં ઈરોડની હળદરને GI ટેગ આપવામાં આવ્યો?
- તામિલનાડુ

**20.March 2019**

## "વિશ્વ ચકલી દિવસ"

- દર વર્ષે 20 માર્ચના રોજ વિશ્વ ચકલી દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી વિશ્વભરમાં લુપ્ત થતી ચકલી વિશે જાગરૂકતા લાવવામાં માટે કરવામાં આવે છે.
- ચકલીના સંરક્ષણ માટે વિશ્વ ચકલી દિવસની પ્રથમ ઉજવણી વર્ષ 2010માં કરવામાં આવી હતી.
- વર્ષ 2019 થીમ I Love Sparrows (વર્ષ 2018માં પણ I Love Sparrows થીમ હતી.)

તારો વૈભવ રંગ મહેલ નોકર ચાકરનું ધાડુ,
મારે ફળિયે ચકલી બેસે એજ મારુ રજવાડું

-રમેશ પારેખ

## વર્લ્ડ હેપિનેશ ડે

- દર વર્ષે 20 માર્ચના રોજ વર્લ્ડ હેપિનેસ ડે ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવે છે.
- વર્લ્ડ હેપિનેસ ડેની પ્રથમ ઉજવણી વર્ષ 2013માં કરવામાં આવી હતી.
- વર્ષ 2019 થીમ – Happier Togheter

## ગુજરાત સ્ટેટ ટેબલટેનિશ એસોસિએશન – બેસ્ટ એસોસિએશન 2019

- ગુજરાત સ્ટેટ ટેબલટેનિસ એસોસિએશનને ટેબલટેનિશ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા બેસ્ટ એસોસિએશન 2018 એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.
- ગુજરાત સ્ટેટ ટેબલટેનિસ એસોસિએશનને આ એવોર્ડ ચોથી વખત એનાયત થયો છે.
- ગુજરાત સ્ટેટ ટેબલટેનિસ એસોસિએશન પ્રમુખ – વિપુલ મિત્રા
- ટેબલટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયાની સ્થાપના વર્ષ 1926માં થઈ હતી.
- તેનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે આવેલ છે.

## અબેલ પુરસ્કાર 2019 કરેન ઉલેનબેકન

- અમેરિકાના મહિલા શિક્ષક કરેન ઉલેનબેકને ગણિતના પ્રસિદ્ધ અબેલ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા.
- અબેલ પુરસ્કાર ગણિત ક્ષેત્રે આપવામાં આવતો સર્વોચ્ચ પુરસ્કાર છે.
- આ સન્માન મેળવનારાં તેઓ વિશ્વના પ્રથમ મહિલા છે.
- કરેનને જ્યોમેટ્રિક એનાલિસિસમાં કરાયેલા કાર્ય બદલ પુરસ્કાર તરીકે 4.88 કરોડ રૂપિયા મળશે.
- આ પુરસ્કાર નોર્વેના ગણિતજ્ઞ નીલ્સ હેનરિક અબેલની યાદમાં નોર્વે સરકાર દ્વારા આપવામાં આવે છે.
- તેની શરૂઆત વર્ષ 2003માં થઈ હતી.
- પ્રથમ અબેલ પુરસ્કાર વિજેતા જીન પિયર સેરેને વર્ષ 2003માં એનાયત થયો હતો.
- વર્ષ 2007માં આ પુરસ્કાર ભારતીય મૂળના અમેરિકન શ્રીનિવાસ વર્ધનને એનાયત થયો હતો.
- તેઓ આ પુરસ્કાર જીતનાર એકમાત્ર ભારતીય છે.

## લિવિંગ કોસ્ટ રિપોર્ટ

- તાજેતરમાં ઈકોનોમિક ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા લિવિંગ કોસ્ટ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.
- આ રિપોર્ટમાં હોંગકોંગ, સિંગાપોર અને પેરિસ વિશ્વના સૌથી મોંઘા શહેર છે.
- 30 વર્ષથી કરાતા આ સરવે માં પ્રથમ વખત ત્રણ શહેર એક સાથે પ્રથમ ક્રમે આવ્યા છે.
- ગત વર્ષ મોંઘવારી મામલે પેરિસ બીજા ક્રમે હતું.
- સસ્તા શહેરોની યાદીમાં ભારતના બેંગલુરુ, ચેન્નઈ અને દિલ્હી ટોપ-10માં છે.
- રિપોર્ટ અનુસાર વેનેઝુએલાનું કરાકાસ શહેર વિશ્વનું સૌથી સસ્તું શહેર છે.
- ઈકોનોમિક ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા વિશ્વના 133 શહેરના ભાવોનો તુલનાત્મક અભ્યાસ કરીને રેન્કિંગ જારી કરે છે.

---

1. વિશ્વ ચકલી દિવસ ક્યારે મનાવાય છે? - 20 માર્ચ
2. વિશ્વ ચકલી દિવસની થીમ જણાવો? - I Love Sparrows
3. વર્લ્ડ હેપિનેશ ડે ક્યારે મનાવાય છે? - 20 માર્ચ
4. ગણિત ક્ષેત્રે આપવામાં આવોત સર્વોચ્ચ પુરસ્કારનું નામ જણાવો? - અબેલ પુરસ્કાર
5. અબેલ પુરસ્કાર-2019 વિજેતા જણાવો? - કરેન ઉલેનબેકન
6. લિવિંગ કોસ્ટ રિપોર્ટ અનુસાર વિશ્વનું સૌથી સસ્તુ શહેર જણાવો?
- વેનેઝુએલાનું કરાકસ

**21.March 2019**

## વિશ્વ વન દિવસ

- દર વર્ષે 21 માર્ચના રોજ વિશ્વભરમાં વિશ્વ વન દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ પર્યાવરણીય સ્થિરતા અને ખાદ્ય સુરક્ષામાં જંગલોના મહત્વ અને ભૂમિકા વિશે જાગરૂકતા લાવવા માટે ઉજવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભા દ્વારા 28 નવેમ્બર, 2012ના રોજ આ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- વર્ષ 2013માં પ્રથમ વખત વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2018 થીમ – "Forests and Sustainable Cities"

- વર્ષ 2019 થીમ – "Forests and Education"

**વિશ્વ કવિતા દિવસ**

- દર વર્ષે 21 માર્ચના રોજ વિશ્વભરમાં કવિતા દિવસ મનાવવામાં આવે છે.

વિશ્વભરમાં કવિતા અને તેના શિક્ષણને પ્રોત્સાહન આપવાના અને માનવ રચનાને વેગ આપવાના હેતુથી આ દિવસ મનાવવામાં આવે છે.

પેરીસ ખાતે યોજાયેલ યુનેસ્કોના 30માં સત્ર દરમ્યાન યુનેસ્કો દ્વારા 21 માર્ચને વિશ્વ કવિતા દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.

યુનેસ્કોની સ્થાપના વર્ષ 1946માં થઈ હતી.

તેનું મુખ્ય મથક પેરિસ ખાતે આવે આવેલ છે.

UNESCO- United Nations Educational, Scientific and Cultural Organization

મને શ્રદ્ધા ભલે ન હોય કે ઈશ્વર બધાનો છે
દુઆ એવી કરૂં છું જાણે મારા એકલાનો છે

- મરીઝ

**નીરવ મોદી - પીએનબી કૌભાડ**

- પંજાબ નેશનલ બેન્કના કરોડો રૂપિયાના લોન કૌભાંડના ભાગેડુ ઉદ્યોગપતિ નીરવ મોદીની લંડનમાં ધરપકડ કરાઈ હતી.
- લંડનના વેસ્ટમિંસ્ટર કોર્ટે તેની જામીન અરજી ફગાવી દેતાં તેની ધરપકડ કરવામાં આવી.
- ભારતીય એજન્સી સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) નીરવ મોદી, મેહુલ ચોકસી અને અન્યો વિરૂદ્ધ પી.એન.બી. કૌભાંડ સામે તપાસ કરી રહી છે.
- કૌભાંડ બાદ પીએનબીએ તેના 10 અધિકારીઓને સસ્પેન્ડ કરી દીધા હતા.
- આ કૌભાંડ લેટર ઓફ અંડરટેકિંગ પર આધારિત છે તે એક ગેરંટીપત્ર હોય છે જેના આધારે અન્ય બેન્કના ખાતેદારને પત્ર દ્વારા નાણાં ઉપલબ્ધ કરવામાં આવે છે.
- જો કોઈ ખાતેદાર નાણાં જમા ન કરી શકે તો લેટર ઓફ અંડરટેકિંગ જાહેર કરનાર બેન્કને તે નાણાં જમા કરાવવાની જવાબદારી હોય છે.
- પંજાબ નેશનલ બેન્કની સ્થાપના વર્ષ 1894માં થઈ હતી.
- મુખ્ય મથક – નવી દિલ્હી.

1. વિશ્વ વન દિવસ ક્યારે મનાવાય છે? - 21, માર્ચ
2. વિશ્વ વન દિવસ-2019ની થીમ જણાવો? - Forest and ducation
3. વિશ્વ કવિતા દિવસ ક્યારે ઉજવાય છે? - 21 માર્ચ
4. યુનેસ્કોનુ મુખ્યમથક ક્યાં આવ્યુ છે? - પેરિસ
5. પંજાબ નેશનલ બેંકની સ્થાપના ક્યા વર્ષમાં થઈ? - 1894
6. વિશેષ ઓલમ્પિક-2019નું આયોજન ક્યાં થયુ હતુ? - અબુધાબી
7. વિશેષ ઓલમ્પિકનુ આયોજન દર કેટલા વર્ષે થાય છે? - બે વર્ષે
8. હેપિનેસ રીપોર્ટ-2019માં ભારતનો ક્રમ જણાવો? - 140
9. સૈફ ફૂટબોલ ચેમ્પિયનશીપ-2019 વિજેતા ટીમ જણાવો? - ભારત

**22.March 2019**

**વિશ્વ જળ દિવસ**

- દર વર્ષે 22 માર્ચના રોજ વિશ્વભરમાં વિશ્વ જળ દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ સ્વચ્છ અને સુરક્ષિત પાણીના મહત્વ સમજાવવા અને પાણીના સંરક્ષણને પ્રોત્સાહન આપવાના હેતુથી ઉજવવામાં આવે છે.
- વર્ષ 1992માં સંયુક્ત રાષ્ટ્રના પર્યાવરણ અને વિકાસપરના સંમેલનમાં વિશ્વ જળ દિવસને 22 માર્ચના રોજ મનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ, 1993માં પ્રથમ વખત વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2018 થીમ - "નેચર ફોર વોટર"
- વર્ષ 2019 થીમ – "લિવિંગ નો વન બિહાઈન્ડ"

**ગૌરી સાવંત – ભારતના પ્રથમ ટ્રાંસજેન્ડર ચૂંટણી એમ્બેસેડર**

- તાજેતરમાં ભારતીય ચૂંટણી આયોગ દ્વારા ગૌરી સાવંતને ચૂંટણી એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ મહારાષ્ટ્રના 12 ચૂંટણી એમ્બેસેડર પૈકી એક છે.
- તેઓ ભારતના પ્રથમ ટ્રાંસજેન્ડર ચૂંટણી એમ્બેસેડર છે.
- ચૂંટણી પંચ દ્વારા થર્ડ જેન્ડર મતદાતાઓને મતદાન માટે પ્રોત્સાહન આપવાના હેતુથી તેમની નિમણૂંક કરવામાં આવી છે.
- સર્વોચ્ચ અદાલતના નિર્દેશ અનુસાર વર્ષ 2014માં ટ્રાંસજેન્ડરને મતદાન કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.
- પ્રથમ ટ્રાંસજેન્ડર વકીલ સત્યશ્રી શર્મિલા
- પ્રથમ ટ્રાસજેન્ડર પોલીસ સબ-ઈન્સપેકટર પૃથિકા યાશિની.
- પ્રથમ ટ્રાન્સજેન્ડર ડોકટર – અક્કાઈ પદ્મશાળી.
- ભારતના વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશ્નર – સુનિલ અરોડા.

**કઝાકિસ્તાનની રાજધાનીનું નામ "નૂરસુલ્તાન" રાખવામાં આવ્યું**

- કઝાકિસ્તાનની રાજધાની "અસ્તાના"નું નામ બદલીને પૂર્વ રાષ્ટ્રપતિ નૂરસુલ્તાન નજરબાયેવના નામ પર "નૂરસુલ્તાન" કરવામાં આવ્યું.
- આ નિર્ણય અંગેની જાહેરાત કઝાકિસ્તાનના વર્તમાન રાષ્ટ્રપતિ કૈસિમ જોમાર્ત દ્વારા કરવામાં આવી.
- નૂરસુલ્તાન નજરબાયેવ દ્વારા થોડા સમય અગાઉ રાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપવામાં આવ્યું.
- તેઓએ કઝાકિસ્તાનના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે 24 એપ્રિલ, 1990થી 19 માર્ચ, 2019 સુધી 30 વર્ષ સેવા આપી છે.

કઝાકિસ્તાન બધી બાજુથી જમીન સરહદ ધરાવતો વિશ્વનો સૌથી મોટો દેશ છે.

- ક્ષેત્રફળની દ્રષ્ટિએ કઝાકિસ્તાન વિશ્વનો 9માં ક્રમનો દેશ છે.
- ક્ષેત્રફળની દ્રષ્ટિએ ભારત વિશ્વનો 7માં ક્રમનો દેશ છે.

**લીલાધર જગુડી - વ્યાસ સન્માન 2018**

- તાજેતરમાં હિન્દી ભાષાના પ્રખ્યાત લેખક લીલાધર જગુડીએ વ્યાસ સન્માન 2018 જીત્યો.
- તેમને આ સન્માન તેમના કાવ્યસંગ્રહ "જીતને લોગ ઉતને પ્રેમ" માટે આપવામાં આવ્યું.
- લીલાધર જગુડીનો જન્મ ઉતરાખંડમાં થયો છે.
- તેમને વર્ષ 2004માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રીથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- તેઓ સાહિત્ય અકાદમી એવોર્ડ, આકાશવાણી રાષ્ટ્રીય પુરસ્કાર, ઉત્તરપ્રદેશ હિંદી સંસ્થાન પુરસ્કાર ઉત્તરાખંડ ગૌરવ સન્માનથી સન્માનીત કરવામાં આવ્યા છે.
- વ્યાસ સન્માન સાહિત્ય ક્ષેત્રે આપવામાં આવે છે.
- વ્યાસ સન્માનની શરૂઆત વર્ષ 1991માં કે.કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી. વર્ષ 2017માં મમતા કાલીયાને "દુકખમ સુકખમ" માટે વ્યાસ સન્માનથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

1. વિશ્વ જળ દિવસ ક્યારે ઉજવાય છે? - 22 માર્ચ
2. વિશ્વ જળ દિવસ-2019ની થીમ જણાવો?
 - લિવિંગ નો વન બિહાન્ડ
3. ભારતના પ્રથમ ટ્રાંસજેન્ડર ચૂંટણી એમ્બેસેડરનું નામ જણાવો?
 - ગૌરી સાવંત
4. સર્વોચ્ચ અદાલતના નિર્દેશ મુજબ ક્યા વર્ષથી ટ્રાંસજેન્ડરને મતદાન કરવાનો અધિકાર અપાયો? - 2014માં
5. કઝાકિસ્તાનની રાજધાનીનું નવું નામ જણાવો?
 - નૂરસુલ્તાન
6. વ્યાસ સન્માન-2019 વિજેતા જણાવો? - લીલાધર જગુડી
7. લીલાધર જગુડીનો જન્મ ક્યા રાજ્યમાં થયો?- ઉત્તરાખંડ

**23.March 2019**

**ખેડા સત્યાગ્રહ**

- 22 માર્ચ, 1918ના રોજ ગાંધીજીએ ખેડા સત્યાગ્રહની જાહેરાત કરી હતી.
- 22 માર્ચ 2019એ ખેડા સત્યાગ્રહના 101 વર્ષ પૂર્ણ થયા
- ગાંધીજી ખેડા સત્યાગ્રહની જાહેરાત નડિયાદમાં દશા શ્રીમાળીની વાડીએ યોજાયેલ જનસભામાં કરી હતી.
- વર્ષ 1917માં ખેડા જિલ્લામાં અતિશય વરસાદના કારણે ખેડૂતોના પાકને નુકસાન થયું હતું. અંગ્રેજ સરકારે સંપૂર્ણ મહેસૂલ ઉઘરાવતા ખેડૂતોની માંગણી અનુસાર ગાંધીજીએ આ સત્યાગ્રહની જાહેરાત કરી હતી.
- સત્યાગ્રહ માટે ગાંધીજી દ્વારા ખેડૂતો પાસે મહેસૂલ ન ભરવા માટે પ્રતિજ્ઞાપત્ર ભરાવવામાં આવ્યા હતા.
- સત્યાગ્રહ દરમ્યાન માતર તાલુકામાં નવાગામ ખાતે અંગ્રેજો ડુંગળીનો પાક જપ્ત ન કરે તે માટે મોહનલાલ પંડયાએ 200 લોકો સાથે મળીને ડુંગળીના પાકને ખોદી નાખ્યો હતો.
- આ ઘટનાથી મોહનલાલ પંડયાને ગાંધીજીએ "ડુંગળી ચોર"નું બિરૂદ આપ્યું હતું.
- આ સત્યાગ્રહથી સરદાર વલ્લભભાઈ પટેલ વકીલાત છોડી સ્વતંત્ર સંગ્રામમમાં જોડાયા હતા.
- ખેડા સત્યાગ્રહ દરમ્યાન ગાંધીજીએ સૌપ્રથમ વખત "અહિંસાનો નારો" આપ્યો હતો.
- ખેડા સત્યાગ્રહ દરમ્યાન ગાંધીજીએ પાઘડી ન પહેરવાનો સંકલ્પ અમલમાં મૂક્યો હતો.
- 29 જૂન, 1918ના રોજ ખેડા સત્યાગ્રહનો પૂર્ણાહુતિ ઉત્સવ નડિયાદ ખાતે ઉજવાયો હતો, જેમાં ફુલચંદભાઈ દ્વારા ગાંધીજીને માનપત્ર આપવામાં આવ્યું હતું.

**શહિદ દિવસ – 23 માર્ચ**

- ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન 23 માર્ચ, 1931ના રોજ વિર ક્રાંતિકારી ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂને ફાંસી આપવામાં આવી હતી.
- લાહોર ષડયંત્ર કેસમાં આ મહાન સ્વતંત્રતા સેનાનિયોને 24 માર્ચ, 1931ના રોજ મૃત્યુદંડના આદેશ આપવામાં આવ્યા હતા પરંતુ તેમને 23 માર્ચ 1931ના રોજ સાંજે 7 વાગ્યે ફાંસી આપવામાં આવી હતી.
- સાયમન કમિશનના વિરૂધ્ધ દેશભરમાં પ્રદર્શન કરવામાં આવ્યા હતા જેમાં લાલા લજપતરાય દ્વારા લાહોર ખાતે પ્રદર્શન કરવામાં આવ્યુ જેમાં અંગ્રેજોએ કરેલ લાઠી ચાર્જમાં તેઓ શહીદ થયા.
- લાલા લજપતરાયના મૃત્યુના વિરોધમાં વિર ક્રાંતિકારી ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂએ બ્રિટિશ પોલીસ ચીફ સ્કોટની હત્યાની યોજના બનાવી હતી.
- પરંતુ તેમણે DSP જે.પી. સૌન્ડેર્સ પર ગોળી ચલાવી અને તેમનું મૃત્યુ થયું હતું.
- આ ગુના અતર્ગત દિલ્હી એસેમ્બલી ખાતે કરવામાં આવેલ બોમ્બ હુમલા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી.
- આ વિર શહીદોની યાદમાં દર વર્ષે 23 માર્ચના દિવસે રાષ્ટ્રીય શહીદ દિવસ મનાવવામાં આવે છે.

**વિશ્વ હવામાન દિવસ – 23 માર્ચ**

- દર વર્ષે 23 માર્ચના રોજ વિશ્વભરમાં વિશ્વ હવામાનશાસ્ત્ર દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ મનાવવાનો ઉદ્દેશ હવામાનશાસ્ત્ર અને તેના ફેરફારો વિશે લોકોને જાગૃત કરવાનો છે.

• દર વર્ષે વિશ્વ હવામાનશાસ્ત્ર દિવસ નિમિત્તે હવામાનશાસ્ત્ર સંશોધન માટે પુરસ્કાર આપવામાં આવે છે.

• આ પુરસ્કારોમાં પ્રોફેસર ડૉ. વિલ્હો વાઈસાઈલા એવોર્ડ, ઈન્ટરનેશનલ મેટરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન પ્રાઈઝ અને ધ નોર્બર્ટ ગેરબીયર – મુમ્મ ઈન્ટરનેશનલ એવોર્ડનો સમાવેશ થાય છે.

• વર્ષ 2019 થીમ – "The Sun, the Earth and the Weather"

**મોજાંબિક ખાતે આવેલ ચક્રવાતની સહાય માટે ભારતીય નૌસેના**

• મોજાંબિક ખાતે આવેલ ચક્રવાત "ઈડાઈ"માં માનવીય મદદે આપત્કાલીન રાહત માટે મોજાંબિક સરકારના અનુરોધ બાદ ભારતીય નૌસેનાના ત્રણ જહાજ સાથે પ્રશિક્ષત સૈનિકો બચાવ કાર્યમાં જોડાયા.

• બચાવ કાર્યમાં જોડાયેલ ત્રણ જહાજોમાં સુજાત, સારથી અને શાર્દૂલનો સમાવેશ થાય છે.

• ચક્રવાતનું ઉદ્‌ગ્મ સ્થાન મોજાંમ્બિક હતું.

• મોજાંબિક રાજધાની - માપુતો

• મોજાંબિક રાષ્ટ્રપતિ - આર્માન્દો ગેબુજાં

---

1. ખેડા સત્યાગ્રહ ક્યારે ક્યાં થયો હતો? - 22 માર્ચ 1918
2. મોહનલાલ પંડયાને 'ડુંગળી ચોર'નું બિરુદ કોણે આપ્યુ? - ગાંધીજીએ
3. ખેડા સત્યાગ્રહ દરમ્યાન ગાંધીજીએ ક્યો નારો આપ્યો? - અહિંસાનો નારો
4. રાષ્ટ્રીય શહિદ દિવસ ક્યારે મનાવાય છે? - 23 માર્ચ
5. વિશ્વ હવામાનશાસ્ત્ર દિવસ ક્યારે મનાવાય છે? - 23 માર્ચ
6. મોજાંબિક ખાતે આવેલ ચક્રાવાતનું નામ જણાવે? - ઈડાઈ

**24.March 2019**

**વિશ્વ ક્ષય દિવસ**

• દર વર્ષે 24 માર્ચના રોજ વિશ્વભરમાં વિશ્વ ક્ષય દિવસ મનાવવામાં આવે છે.

• આ દિવસ લોકોને ક્ષય રોગ વિશે જાગૃત કરવા માટે ઉજવવામાં આવે છે.

• 24 માર્ચ, 1882ના રોજ ડૉ. રોબર્ટ કોચએ સૌ પ્રથમ વખત ક્ષયના જંતુઓ શોધ્યા હતા.

• ભારત સરકાર દ્વારા આરોગ્ય નીતિ 2017 અંતર્ગત વર્ષ 2025 સુધીમાં દેશમાંથી ક્ષયને નાબૂદ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

• ક્ષય રોગને ટીબી તરીકે પણ ઓળખવામાં આવે છે.

• ક્ષય "માઈક્રોબેકટેરિયમ ટ્યુબકર્યુલોસિસ" નામના બેકટેરિયાથી થાય છે.

• ટીબી - ટયુબરક્યુલોસિસ

• વર્ષ 2019 થીમ – "Its time"

**કરમવિરસિંહ નૌકાદળના નવા વડા**

• કરમવિરસિંહ નૌકાદળના નવા વડા બનશે.

• તેઓ 31 માર્ચે નિવૃત્ત થઈ રહેલા હાલના વડા સુનિલ લાંબાનું સ્થાન લેશે.

• હાલ, વાઈસ એડમિરલ કરમવિરસિંહ પૂર્વી નૌસેનિક કમાન્ડના ફલેગ ઓફિસર કમાંડીંગ ઈન ચીફ તરીકે સેવા આપે છે. તેઓ 31 મે, 2016થી આ પદ પર કાર્યરત છે.

• તેઓ નેશનલ ડિફેન્સ એકેડમી ખડકવાસલાના વિદ્યાર્થી છે. તેઓ વર્ષ 1980માં નૌસેનામાં જોડાયા હતા.

• વર્ષ 1982માં તેઓ હેલિકોપ્ટર પાઈલટ બન્યા હતા.

• ભારતના નવા 24મા નેવી ચીફ કરમબીરસિંહ બનશે.

• દેશની સમુદ્ર સીમાઓની સુરક્ષા નૌસેના દ્વારા કરવામાં આવે છે. ભારતીય નૌસેનાની સ્થાપના વર્ષ 1612માં થઈ હતી.

• મહાન મરાઠા શાસક છત્રપતિ શિવાજીને ભારતીય નૌસેનાના પિતા કહેવામાં આવે છે.

• ભારતીય નૌસેનાનું આદર્શ વાક્ય (મોટો) "શં નો વરુણઃ" છે.

• ભારતના રાષ્ટ્રપતિ ભારતીય નૌકાદળ સુપ્રીમ કમાન્ડર હોય છે.

• ભારતીય નૌસેના દિવસ – 4 ડિસેમ્બર.

**આઈપીએલ - 12**

• 23 માર્ચથી આઈપીએલની 12મી સિઝનની શરૂઆત થઈ.

• પહેલી વખત ટુર્નામેન્ટની મેચનું આયોજન વન-ડે વર્લ્ડકપથી પહેલા થઈ રહ્યું છે.

• આઈપીએલની પહેલી મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની વચ્ચે રમાઈ હતી.

• પુલવામાં હુમલામાં શહીદ જવાનોની શ્રદ્ધાંજલી આપતાં આ વખતે ટુર્નામેટની ઓપનિંગ સેરેમની રદ કરવામાં આવી હતી.

• ઓપનિંગ સેરમનીમાં ખર્ચ થનાર 20 કરોડ રૂપિયા પુલવામાં હુમલાના શહિદ સૈનિકોના પરિવારને આપવામાં આવશે.

• આઈપીએલની ફાઈનલ 12 મેએ યોજાશે જ્યારે વન-ડે વર્લ્ડકપની શરૂઆત આ વર્ષે 20 મેથી ઈંગ્લેન્ડમાં થઈ રહી છે.

• આઈપીએલની 12મી સિઝનમાં કુલ 8 ટીમ ભાગ લઈ રહી છે.

**આઈપીએલ**

• ઈન્ડિયન પ્રિમયર લીગ ભારતની પ્રોફેશનલ ટી-20 લિગ છે.

• આઈપીએલનું આયોજન ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા કરવામાં આવે છે.

• આઈપીએલની શરૂઆતમાં લલિત મોદીની મહત્વની ભૂમિકા હતી. તેઓ આઈપીએલના પ્રથમ ચેરમેન હતા.

• ભારતીય શહેરો અને કેટલાક રાજ્યોની પ્રતિનિધિત્વ કરતા ટીમો દ્વારા આ ટુર્નામેન્ટમાં ભાગ લેવામાં આવે છે.

• આઈપીએલની પ્રથમ સીરિઝ રાજસ્થાન રોયલ્સએ જીતી હતી.

• ચેન્નાઈ સુપર કિંગ અને મુંબઈ ઈન્ડિયન્સ આઈપીએલની સૌથી સફળ ટીમો છે. બંનેએ ત્રણ વખત ટુર્નામેન્ટનું ટાઈટલ જીત્યું છે.

**જમ્મુ-કશ્મીર લિબરેશન ફ્રંટ પર પ્રતિબંધ**

- તાજેતરમાં કેન્દ્ર સરકારે જમ્મુ-કશ્મીર લિબરેશન ફ્રંટ પર પ્રતિબંધ મૂક્યો.
- આ પ્રતિબંધ રોકથામ અધિનિયમ અંતર્ગત મૂકવામાં આવ્યો છે.
- જમ્મુ-કશ્મીર લિબરેશન ફ્રંટ જમ્મુ-કશ્મીરમાં અલગતાવાદી કશ્મીરમાં સક્રિય છે.
- જમ્મુ-કશ્મીર લિબરેશન ફ્રંટ પર કશ્મીરી પંડિતોની હત્યાના ઘણા આરોપો છે.
- પ્રતિબંધ અંતર્ગત જમ્મુ-કશ્મીર લિબરેશન ફ્રંટના અલગતાવાદી નેતાઓના અભિવ્યક્ત અધિકારો અને એકઠા થવાના અધિકારો પર અંકુશ લાગશે.

**રાષ્ટ્રીય અકાદમી પુરસ્કાર**

- તાજેતરમાં લલિત કલા અકાદમી દ્વારા 60માં વાર્ષિક રાષ્ટ્રીય અકાદમી પુરસ્કારના 15 વિજેતાઓના નામ જાહેર કરવામાં આવ્યા.
- આ વિજેતાઓના નામની પસંદગી નિર્ણાયક મંડળ દ્વારા કરવામાં આવી છે.
- 15 વિજેતાઓમાં ગુજરાતના એકમાત્ર હિરેન છોટુભાઈ પટેલનો સમાવેશ થાય છે.
- લલિત કલા અકાદમીની સ્થાપના વર્ષ 1954માં કેન્દ્રિય સાંસ્કૃતિક મંત્રાલય અંતર્ગત કરવામાં આવી હતી.
- અકાદમીનો ઉદ્દેશ્ય ભારતીય કલાનો પ્રચાર-પ્રસાર કરવાનો છે.

1. વિશ્વ ક્ષય દિવસ ક્યારે ઉજવાય છે? - 24 માર્ચ
2. ક્ષય રોગ ક્યા બેકટેરીયાથી થાય છે?
 - માક્રો બેકટેરિયમ ટ્યુબરક્યુલોસિસ
3. નૌકાદળના વડા કોણ બનશે? - કરમવિરસિંહ
4. નૌસેનાની સ્થાપના ક્યારે થઈ હતી? - 1612
5. નૌ સેના દિવસ ક્યારે ઉજવાય છે? - 4 ડિસેમ્બર
6. તાજેતરમાં આઈપીએલની કઈ સીઝન શરૂ થઈ? - 12 મી

**25.March 2019**

**ભારતીય સેનામાં સ્વદેશી ધનુષ તોપ સામેલ કરવામાં આવશે**

- ભારતીય સેનામાં સ્વદેશી રૂપે નિર્મિત ધનુષ તોપ સામેલ કરવામાં આવશે.
- ધનુષ 155 મીમી. X 45 મી.મી.ની એક આર્ટલરી તોપ છે.
- ભારતીય સેનાની જરૂરિયાતના આધારે ઓર્ડનેસ ફેકટરી બોર્ડ કોલકતા દ્વારા તેને વિકસાવવામાં આવી છે.
- આ તોપનું નિર્માણ ગન કૈરીજ ફેકટરી જબલપુર દ્વારા કરવામાં આવ્યું છે.
- આ તોપ સ્વીડિશ 155 મિમી બાફોર્સ હવીટ્ઝર તોપનું વિકસિત સંસ્કરણ છે.
- સ્વીડિશ 155મિમી. બાફોર્સ હેવીટ્ઝર તોપને વર્ષ 1980માં ભારતીય સેનામાં જોડવામાં આવી હતી.

**ચિત્રકાર હકુ શાહનું નિધન**

- અમદાવાદના જાણીતા ભારતીય ચિત્રકાર હકુ શાહનું 21 માર્ચ, 2019ના રોજ નિધન થયું.
- હકુ શાહનો જન્મ વર્ષ 1934માં તાપી જિલ્લાના વાલોદમાં થયો હતો.
- તેમનું પુરૂ નામ હકુભાઈ વજુભાઈ શાહ છે.
- તેઓ આદિવાસી અને લોક કલાના વિષયોના ચિત્રોથી જાણીતા હતા.
- તેમણે વર્ષ 1980માં રાજસ્થાનના ઉદયપુરમાં શિલ્પગ્રામની સ્થાપના કરી.
- હકુ શાહને કલામાં યોગદાન બદલ 1989માં પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયો હતો.
- તેમને જવાહરલાલ નહેરૂ ફેલોશિપ પુરસ્કાર અને કલારત્ન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**ફિલ્મફેર એવોર્ડસ્**

- ભારતીય સિનેમાની ફિલ્મો માટે એનાયત કરવામાં આવતા પ્રસિદ્ધ ફિલ્મફેર એવોર્ડસ્ 2019 તાજેતરમાં મુંબઈ ખાતે એનાયત કરવામાં આવ્યા હતા.
- આ પુરસ્કાર 27 શ્રેણીમાં એનાયત કરવામાં આવ્યા.
- ફિલ્મફેર એવોર્ડસની શરૂઆત વર્ષ 1954માં થઈ હતી.
- આ પુરસ્કાર જનતાના મત અને જ્યુરી મેમ્બરના મતના આધારે દર વર્ષે એનાયત કરવામાં આવે છે.

**64માં ફિલ્મફેર એવોર્ડસના વિજેતા**

| કેટેગરી | વિજેતા | ફિલ્મ |
|---|---|---|
| શ્રેષ્ઠ અભિનેત્રી (પુરૂષ) | રણબીરકપુર | સંજુ |
| શ્રેષ્ઠ અભિનેતા (મહિલા) | આલિયા ભટ્ટ | રાઝી |
| ક્રિટીક્સ કેટેગરી શ્રેષ્ઠ અભિનેતા (પુરૂષ) | રણવિરસિંહ | પદ્માવત |
| | આયુષ્માન ખુરાના | અંધાધુન |
| ક્રિટીક્સ કેટેગરી શ્રેષ્ઠ અભિનેતા (મહિલા) | નીના ગુપ્તા | બધાઈ હો |
| શ્રેષ્ઠ દિગ્દર્શક | મેઘના ગુલઝાર | રાઝી |
| શ્રેષ્ઠ સ્ટોરી | અનુભવ સિન્હા | મુલ્ક |
| શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી (મહિલા) | સુરેખા સિક્રી | બધાઈ હો |
| શ્રેષ્ઠ સહાયક એકટર | વિક્કી કૌશલ | સંજુ |

Vivekanand Academy Gandhinagar

| | | |
|---|---|---|
| | ગજરાજ રાવ | બધાઈ હો |
| બેસ્ટ ડેબ્યુ (પુરૂષ) | ઈશાન ખટ્ટર | બિયોન્ડ ધ કલાઉડ્સ |
| બેસ્ટ ડેબ્યુ (સ્ત્રી) | સારાઅલી ખાન | કેદારનાથ |
| શ્રેષ્ઠ સ્ક્રીનપ્લે | અંધાધુન | |
| શ્રેષ્ઠ સંવાદ | બધાઈ હો | |
| ક્રિટીકસ શ્રેષ્ઠ ફિલ્મ શ્રેણી | અંધાધુન | |
| પોપ્યુલર ચોઈસ કેટેગરી શ્રેષ્ઠ ફિલ્મ | રાઝી | |

**ભારતીય સેનામાં ચિનૂક હેલિકોપ્ટરનો સમાવેશ**

- ભારતીય સેનામાં ચિનૂક હેલિકોપ્ટરનો સમાવેશ કરવામાં આવ્યો.
- ચંદીગઢ ખાતે યોજાયેલ એક સમારોહમાં આ હેલિકોપ્ટરને સામેલ કરવામાં આવ્યા.
- ભારતીય સેનામાં સામેલ કરવામાં આવેલ ચિનૂકનું થોડા સમય અગાઉ ગુજરાતના મુંદ્રા બંદર પર આગમન થયું હતું.
- આ હેલિકોપ્ટરનો ઉપયોગ સૈનિકોને ઓછા સમયમાં કોઈ સ્થાને તેનાત કરવા માટે થશે
- આ હેલિકોપ્ટર માટે ભારત અને અમેરિકા વચ્ચે સપ્ટેમ્બર, 2015માં કરાર કરવામાં આવ્યા હતા.
- કરાર મુજબ અમેરિકાથી કુલ 15 ચિનૂક હેલિકોપ્ટર CH-47F ચિનૂક હેલિકોપ્ટર 10 ટન વજન ઊંચકવા સક્ષમ છે.
- આ હેલિકોપ્ટરનો મોટાપાયે તોપખાના, યુદ્ધભૂમિના પુનર્પ્રાપ્તિ અને સૈન્યના પરિવહન માટે ઉપયોગ થાય છે.
- હાલ વિશ્વના 18 દેશો આ હેલિકોપ્ટરનો ઉપયોગ કરે છે.

1. ધનુષ તોપનું નિર્માણ કોના દ્વારા થયું?
 - ગન કૈરીજ ફેક્ટરી, જબલપુર
2. ચિત્રકાર હકુ શાહનો જન્મ ક્યાં થયો હતો?
 - તાપી જિલ્લાના વાલોડમાં
3. ફિલ્મફેર એવોર્ડસની શરૂઆત ક્યા વર્ષમાં થઈ હતી? - 1954
4. 64માં ફિલ્મફેર એવોર્ડસ શ્રેષ્ઠ અભિનેતા (પુરૂષ) વિજેતા જણાવો?
 - રણબીરકપુર
5. ભારતીય સેનાએ તાજેતરમાં ક્યા હેલિકોપ્ટરનો સમાવેશ કર્યો?
 - ચિનુક હેલિકોપ્ટર
6. 'ચિનુક હેલિકોપ્ટર' માટે ભારત અને અમેરિકા વચ્ચે કઈ સાલમાં કરાર થયા હતા? - 2015
7. ભારતે ચિનુક હેલિકોપ્ટર ક્યા દેશમાંથી આયાત કર્યા? - અમેરિકા

**26.March 2019**

**ગ્લોબલ એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ 2019**

- તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા ગ્લોબલ એનર્જી ટ્રાન્ઝિકશન ઈન્ડેકસ 2019 જાહેર કરવામાં આવ્યો.
- આ ઈન્ડેક્સમાં ભારત 76મા સ્થાને રહ્યું 2018માં ભારત 78મા ક્રમે હતું.
- 115 દેશની યાદીમાં સ્વીડન પ્રથમ સ્થાને રહ્યું.
- આ ઈન્ડેક્સમાં સ્વિત્ઝર્લેન્ડ અને નોર્વે અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- એશિયામાં મલેશિયા સૌથી સારા પ્રદર્શન સાથે 31માં સ્થાને છે.
- 2019ની શરૂઆત સુધી ભારતની સૌર ઊર્જા ક્ષમતા 73 ગીગાવોટ સુધી પહોંચી ગઈ છે.
- જે દેશની કુલ ઊર્જા ક્ષમતાના 20% છે.

જ્યારે 2017-18માં આ હિસ્સો 7.8% હતો. આ પહેલાં 2015માં આ હિસ્સો 5.6% હતો.

- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ 1971 આ કલાઉસ શ્વાબ દ્વારા સાર્વજનિક સહયોગથી વિશ્વની સ્થિતિમાં સુધારો કરવાના હેતુથી કરવામાં આવી હતી.
- તેનું મુખ્યાલય સ્વિત્ઝર્લેન્ડના જીનીવા ખાતે આવેલ છે.
- આ સંસ્થા રાજનીતિ, વ્યાપાર, શિક્ષા તથા ઉદ્યોગ જેવા ક્ષેત્રે રિપોર્ટ જાહેર કરે છે.

**કેન્દ્રિય માધ્યમિક શિક્ષા બોર્ડ - સીબીએસઈ**

- તાજેતરમાં કેન્દ્રિય માધ્યમિક શિક્ષા બોર્ડ (સીબીએસઈ) દ્વારા શિક્ષા વાણી નામની એપ્લીકેશન લોન્ચ કરવામાં આવી.
- આ એપ્લીકેશનથી માધ્યમિકના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને મહત્વની સૂચના અને માહિતી આપવામાં આવશે.
- આ એપ્લીકેશન પોડકાસ્ટ એપ્લીકેશન છે. જે ગુગલ પ્લે પરથી ડાઉનલોડ કરી શકાય છે.
- એપ્લીકેશન સાથે કેન્દ્રિય માધ્યમિક શિક્ષા બોર્ડ (સીબીએસઈ) દ્વારા તાજેતરમાં આર્ટિફિશિયલ ઈંટેલીજેન્સ, શરૂઆતના શિક્ષણની કાળજી અને યોગ કૌશલ એમ ત્રણ નવા વિષયોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો.
- આ વિષયો 2019-20ના શૈક્ષણિક સત્રથી અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવશે.
- અભ્યાસક્રમમાં આર્ટિફિશિયલ ઈંટેલીજેન્સ વિષયને 9માં ધોરણથી વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક વિષય તરીકે શરૂ કરવામાં આવશે.

**કેન્દ્રિય માધ્યમિક શિક્ષા બોર્ડ - સીબીએસઈ**

Vivekanand Academy Gandhinagar

- કેન્દ્રિય માધ્યમિક શિક્ષા બોર્ડ (સીબીએસઈ) દેશની સરકારી તેમજ ખાનગી શાળાઓ માટેનું રાષ્ટ્રીય બોર્ડ છે.
- સીબીએસઈ અંતર્ગત 19316 શાળાઓ ભારતમાં તેમજ 211 શાળાઓ વિશ્વના 28 દેશોમાં છે.
- કેન્દ્રિય માધ્યમિક શિક્ષા બોર્ડ (સીબીએસઈ)ની સ્થાપના વર્ષ, 1962માં કરવામાં આવી હતી.
- તેનું મુખ્યાલય નવી દિલ્હી ખાતે આવેલ છે.
- સીબીએસઈ કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

## આરબીઆઈ દ્વારા ડિજિટલ પેમેન્ટના પ્રોત્સાહન માટે સમિતિની રચના

- ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા નંદન નિલેકણીની અધ્યક્ષતામાં ડિજિટલ પેમેન્ટમાં વધારો કરવાના હેતુથી પાંચ સદસ્યની એક સમિતિની રચના કરવામાં આવી.
- આ સમિતિ ડિજિટલ પેમેન્ટની સલામતી, ડિજિટલ પેમેન્ટ માટે લોકોને પ્રોત્સાહન અને ડિજિટલ પેમેન્ટનું સ્તર ઊંચુ લાવવા અંગે સૂચન આપશે.
- સમિતિ 90 દિવસમાં તેમનો રિપોર્ટ આરબીઆઈને રજૂ કરશે.
- નંદન નિલેકણી ઈન્ફોસિસના સહસ્થાપક છે.
- તેઓ યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરીટી ઓફ ઈન્ડિયા (UDAI)ના પ્રથમ અધ્યક્ષ હતા.
- ભારતીય રિઝર્વ બેન્કની સ્થાપના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એકટ 1934 અંતર્ગત 1 એપ્રિલ, 1935ના રોજ થઈ હતી.
- પ્રારંભિક વર્ષોમાં આરબીઆઈ ખાનગી બેન્ક તરીકે કાર્ય કરતી હતી બાદમાં 1 જાન્યુઆરી, 1949ના રોજ તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
- આરબીઆઈના વર્તમાન ગવર્નર – શક્તિકાંત દાસ

## પીટર તબિચી - ગ્લોબલ ટીચર પ્રાઈઝ 2019

- કેન્યાના વિજ્ઞાન અધ્યાપક ગ્લોબલ ટીચર પ્રાઈઝ 2019થી સન્માનીત કરવામાં આવ્યા.

આ પુરસ્કાર વિશ્વના સર્વશ્રેષ્ઠ અધ્યાપકને એનાયત કરવામાં આવે છે.

તેમને આ પુરસ્કાર શિક્ષાથી વંચિત વિદ્યાર્થીઓને શિક્ષા આપવા માટે એનાયત કરવામાં આવ્યો.

પીટર તબિચીને આ પુરસ્કાર સંયુક્ત અરબ અમીરાતના પ્રધાનમંત્રી મોહમ્મદ બિન રશિદ અલ મક્તુમના હસ્તે એનાયત થયો.

ગ્લોબલ ટીચર પ્રાઈઝની શરૂઆત વર્ષ 2015માં વરકે ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી.

1. ગ્લોબલ એનર્જી ટ્રાઝિશન ઈન્ડેક્સ-2019માં ભારતનો ક્રમ જણાવો? - 76
2. વર્લ્ડ ઈકોનોમિક ફોરમનું મુખ્યાલય ક્યા આવેલ છે?
 - જીનીવા સ્વિત્ઝરલેન્ડ
3. 'શિક્ષાવાણી' એપ્લીકેશન કોના દ્વારા લોંચ થઈ? - CBSE
4. CBSEની સ્થાપના ક્યારે થઈ હતી? - 1962
5. CBSEનું મુખ્યાલય ક્યાં આવેલ છે? - નવી દિલ્હી
6. ગ્લોબલ ટીચર પ્રાઈઝ-2019 વિજેતા જણાવો? - પીટર તબિચી

**27.March 2019**

## વિશ્વ રંગમંચ દિવસ

- દર વર્ષે વિશ્વમાં 27 માર્ચના રોજ વિશ્વ રંગભૂમિ દિવસ ઉજવવામાં આવે છે.
- 27 માર્ચને “વિશ્વ રંગમંચ દિવસ” તરીકે ઉજવવાની શરૂઆત વર્ષ 1961માં ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવી હતી.
- ભગવદ ગોમંડલ ગ્રંથના આધારે જાણી શકાય છે કે વર્ષ 1280માં ગુજરાતીમાં પહેલું નાટક લખાયેલ ત્યારબાદ 1851 નર્મદ દ્વારા બિધ્ધિનવર્ધનામની સંસ્થા શરૂ કરવામાં આવી.
- આ સમયમાં ગુજરાતી રંગભૂમિનો ઉદભવ સમય હોવાનું આ ગ્રંથ લખે છે. એ સમયમાં સ્ત્રી પાત્રો રંગમંચ ઉપર આવતા નહિ. તેથી પુરૂષો જ સ્ત્રી પાત્રોનો અભિનય ભજવતા.
- ગુજરાતી રંગભૂમિના પિતા તરીકે રણછોડભાઈ ઉદયરામ દવેને ઓળખવામાં આવે છે.

## ગોળ ગધેડાનો મેળો

- દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે છઠના રોજ પરંપરાગત ગોળ ગધેડાના મેળાનું આયોજન થયું.
- સામાન્ય રીતે આ મેળાનું આયોજન હોળી પછીના દિવસોમાં કરવામાં આવે છે.
- મેળામાં ગામના ચોક વચ્ચે 30 થી 35 ફુટ ઊંચુ લાકડું રોપી તેની ટોચ પર ગોળની પોટલી બાંધવામાં આવે છે.
- યુવકો આ લાકડાં પર ચડવા પ્રયાસ કરે છે અને યુવતીઓ સોટીથી માર મારે છે.
- ગોળની પોટલી ઉતારવામાં સફળ થનાર યુવાન યુવતીઓ પૈકી કોઈ એકને પોતાના જીવનસાથી તરીકે પસંદ કરે છે.
- આ મેળામાં ગામના સ્થાનિક લોકો જ ભાગ લઈ શકે છે.
- ગરબાડામાં સૂર્યનું પ્રથમ કિરણ પડે છે બાદમાં સમગ્ર ગુજરાતમાં પ્રકાશિત થાય છે.

## શૈલેન્દ્ર હાન્ડા – ગુજરાત ચૂંટણી ખર્ચ નિરીક્ષક

- ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે કેન્દ્રિય ચૂંટણી પંચ દ્વારા સ્પિશિયલ એકસ્પેન્ડચર ઓબ્ઝર્વર તરીકે શૈલેન્દ્ર હાન્ડાની નિમણૂંક કરવામાં આવી.
- તેઓ ગુજરાત સાથે મહારાષ્ટ્રનો પણ ચાર્જ સંભાળશે.
- તેઓ 1980 બેચના નિવૃત્ત આઈઆરએસ અધિકારી છે.

• અગાઉ તેઓ અમદાવાદનાં ઈન્કમટેકસ વિભાગના ચીફ કમિશ્નર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે.

• તેઓ રાજ્યમાં ચૂંટણી ખર્ચ, ભેટ સોગાદો પર મોનિટરીંગ કરશે.

**"મિત્ર શક્તિ યુધ્ધ અભ્યાસ"**

• ભારત અને શ્રીલંકા વચ્ચે 26 માર્ચથી "મિત્ર શક્તિ" યુધ્ધ અભ્યાસની શરૂઆત થઈ.

• આ અભ્યાસનું આયોજન 8 એપ્રિલ સુધી શ્રીલંકાના દિયાતલાવા ખાતે કરવામાં આવ્યું છે.

• આ અભ્યાસમાં ભારતીય સેનાના બિહાર રેજિમેન્ટના 120 સૈનિકોએ ભાગ લીધો છે.

• "મિત્ર શક્તિ" યુધ્ધ અભ્યાસની શરૂઆત વર્ષ 2012માં કરવામાં આવી હતી.

---

1. વિશ્વ રંગમંચ દિવસ ક્યારે ઉજવાય છે? - 27 માર્ચ
2. બુધ્ધિવર્ધમાન સંસ્થાની સ્થાપના કોણે અને ક્યારે કરી?
   - નર્મદ, 1851
3. ગુજરાતી રંગભુમીના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે?
   - રણછોડભાઈ ઉદયરામ દવે
4. ગોળ ગધેડાનો મેળો ક્યા જિલ્લામાં ભરાય છે? - દાહોદ
5. ગુજરાતમાં સૂર્યનું પ્રથમ કિરણ ક્યાં પડે છે? - ગરબાડા
6. ગુજરાત ચૂંટણી ખર્ચ નિરીક્ષક તરીકે કોની નિમણૂંક કરાઈ?
   - શૈલેન્દ્ર હાન્ડા
7. 'મિત્ર શક્તિ' યુધ્ધ અભ્યાસ ક્યા બે દેશો વચ્ચે યોજાયો?
   - ભારત અને શ્રીલંકા

**28.March 2019**

**મિશન શક્તિ**

• ભારતે અંતરિક્ષમાં લો અર્થ ઓર્બિટ સેટેલાઈટને તોડી પાડવાનું સફળ પરીક્ષણ કર્યું.

• વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રને સંબોધી આ માહિતી આપી

• આ પરીક્ષણને મિશન શક્તિ નામ આપવામાં આવ્યું.

• ડૉ. એ.પી.જે અબ્દુલકલામ આઈલેન્ડ લોન્ચ કોમ્પલેક્સ ખાતેથી એન્ટિ સેટેલાઈટ મિસાઈલ ટેસ્ટ હાથ ધરાયો હતો.

• એ-સેટ અગ્નિ મિસાઈલ અને એડવાન્સ એર ડિફેન્સ સિસ્ટમનું મિશ્રણ છે. ભારતે 2012માં જ એ બંનેને મિક્સ કરીને એન્ટિ સેટેલાઈટ (એ-સેટઃ મિસાઈલ સિસ્ટમ તૈયાર કરી હતી.

• આ ટેકનોલિજકલ મિશન ડીઆરડીઓ દ્વારા પાર પાડવામાં આવ્યું છે.

• આ મિશન 3 મિનિટ જેટલા સમયમાં સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું છે.

• મિશનથી 300 કિમિ. ઊંચાઈએ પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં લાઈવ સેટેલાઈટ તોડી પાડવામાં આવ્યું.

• મિશન શક્તિ માટે ડીઆરડીઓ દ્વારા બેલસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ઈન્ટરસેપ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

• આ સંપૂર્ણ સ્વદેશી ટેકનિક છે. એન્ટિ સેટેલાઈટ મિસાઈલ પણ ભારતમાં જ બની છે.

• અમેરિકા, રશિયા, ચીન બાદ ભારત આ પ્રકારની ક્ષમતા ધરાવતો વિશ્વનો ચોથો દેશ બની ગયો છે.

• અમેરિકાએ વર્ષ 1959માં બોલ્ડ ઓરિઓન ન્યુકિલયર બોલસ્ટિક મિસાઈલ દ્વારા પોતાનો એક્સપ્લોરર-6 નામનો સેટેલાઈટ તોડી પાડવામાં આવ્યો હતો.

• રશિયાએ વર્ષ 1969-70માં આ પ્રકારનું મિશન પાર પાડ્યું હતું.

• વર્ષ 2007માં ચીને એન્ટિ સેટેલાઈટ એરેના દ્વારા પોતાનો એક સેટેલાઈટ તોડી પાડ્યો હતો.

**લો અર્ત ઓર્બિટ**

• લો અર્થ ઓર્બિટ એટલે કે પૃથ્વીની નજીકની ભ્રમણકક્ષા.

• લો અર્થ ઓર્બિટ પૃથ્વીથી160 કિમી.થી2000 કિમી વચ્ચે આવેલ કક્ષા છે

• લો અર્થ ઓર્બિટ બાદ મીડિયમ અર્થ ઓર્બિટ અને જીઓસિન્ક્રોનસ ઓર્બિટ અને છેલ્લે હાઈ અર્થ ઓર્બિટ આવે છે.

• હાઈ અર્થ ઓર્બિટ પૃથ્વીથી 35786 કિમી. દૂર છે.

**વિશ્વનો પ્રથમ રોબોટ જજ - એસ્ટોનિયા**

• ઉત્તર યુરોપના નાના દેશ એસ્ટોનિયાએ વિશ્વનો પ્રથમ રોબોટ જજ વિકસાવ્યો.

• આ રોબોટ જજ નાની કોર્ટમાં પેન્ડીંગ કેસ અંગે ચૂકાદો આપશે.

• એસ્ટોનિયામાં કામ કરનારા અન્ય જજ પરનો કામનો બોજો ઘટે અને તેઓ અન્ય મોટા અને મહત્વપૂર્ણ કેસની સૂનાવણી કરી શકે તે માટે રોબોટ જજ પાસે કામ લેવામાં આવશે.

• આ માટે રોબોટ જજનું કાનૂની દસ્તાવેજો આધારે પ્રોગ્રામિંગ કરાયું છે.

• અલગોરિધમ અને તાલીમના આધારે તેનું વિશ્લેષણ પણ કરાઈ રહ્યું છે.

• રોબટ જજ દ્વારા અપાયેલ ચૂકાદા કાનુની રીતે માન્ય રહેશે.

• તેના દ્વારા અપાયેલ ચૂકાદાને માનવ જજ સમક્ષ પડકારી શકાશે.

• મે મહિનાના અંત સુધીમાં રોબોટ જજ ચુકાદો આપવાનું શરૂ કરશે.

• કાનુની નિષ્ણાંતોની સલાહ અને તેમની અંતિમ મંજૂરી મળ્યા પછી તેને ફરજ પર મૂકાશે.

• એસ્ટોનિયાની યુરોપની સિલિકોનવેલી માનવામાં આવે છે. એસ્ટોનિયાની વસ્તી 14 લાખ છે.

• એસ્ટોનિયા સામાન્ય ચૂંટણીમાં ઓનલાઈન વોટિંગ શરૂ કરનાર વિશ્વનો પ્રથમ દેશ છે.

Vivekanand Academy Gandhinagar

**12મી એશિયન એરગન ચેમ્પિયનશિપમાં ભારતના શૂટરનો વર્લ્ડ રેકોર્ડ**

• ભારતના યુવા શૂટર મનુ ભાકર અને સૌરભ ચૌધરીએ 12મી એશિયન એરગન ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીત્યો.

• તેઓ 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં પહેલાં ક્રમે રહ્યા.

• મનુ અને સૌરભની જોડીએ ક્વોલિફીકેશનમાં વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.

• મનુ-સૌરભે રશિયાના વિતાલીના બતસરાશકિના અને એર્ટમ ચેરનૂસેવાનો રેકોર્ડ તોડ્યો.

**વિશ્વના સૌથી વધુ ઊંચાઈ ધરાવતા પોલીસ જવાન**

• પંજાબ પોલિસમાં સેવા બજાવતા જગદીપસિંહ વિશ્વના સૌથી વધુ ઊંચાઈ ધરાવતા પોલીસ જવાન છે.

• તેમની ઊંચાઈ 7 ફૂટ 6 ઈંચ છે.

• તાજેતરમાં તેણે લોસ એન્જેલ્સ ખાતે યોજાએલ America's Got Talent શોમાં ભાગ લીધો હતો.

**રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ – ક્રોએશિયા સર્વોચ નાગરિક સન્માન**

• ભારતીય રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને ક્રોએશિયાના સર્વોચ નાગરિક સન્માન "ગ્રેન્ડ ઓર્ડર ઓફ ધ કિંગ ઓફ તોમિસ્લાવ"થી સન્માનીત કરવામાં આવ્યા.

• તેમને આ સન્માન ક્રોએશિયા યાત્રા દરમ્યાન બંને દેશોના દ્વિપક્ષીય સંબધો મજબૂત બનાવવા માટે આપવામાં આવ્યું.

• આ સન્માન વિશ્વના રાષ્ટ્ર પ્રમુખોને મહત્વપૂર્ણ યોગદાન બદલ આપવામાં આવે છે.

• રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ક્રોએશિયાની યાત્રા કરનાર પ્રથમ ભારતીય રાષ્ટ્રપતિ છે.

• ક્રોએશિયાની રાજધાની ઝાગ્રેવ છે.

• રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દેશના 14માં રાષ્ટ્રપતિ છે.

---

1. ભારત દ્વારા લો અને ઓર્બિટ સેટેલાઈટ ને તોડી પાડવાના સફળ પરિક્ષણને નામ શું આપ્યું?- મિશન શક્તિ
2. લો અર્થ ઓબિટનો અર્થ શું થાય છે?
- પૃથ્વીની સૌથી નજીકની ભ્રમણકક્ષા
3. વિશ્વનો પ્રથમ રોબોટ જજ ક્યા દેશે વિકસાવ્યો?- એસ્ટોનિયા
4. ચૂંટણીમાં ઓનલાઈન વોટિંગ શરૂ કરનાર વિશ્વનો પ્રથમ દેશ જણાવો?- એસ્ટોનિયા
5. મનુ ભાકરનું કાર્યક્ષેત્ર જણાવો?- શુટર
6. ક્રોએશિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન ક્યા ભારતીયને મળ્યું?
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

**29.March 2019**

**તાશીગંગ – વિશ્વનું સૌથી ઊંચું મતદાન મથક**

---

• હિમાચલ પ્રદેશનું એક ગામ "તાશીગંગ" વિશ્વનું સૌથી ઊંચુ મતદાન મથક છે.

• આ મતદાન મથક હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પીતી જિલ્લામાં આવેલ છે.

• આ મતદાન મથક સમુદ્રતટથી 15,256 ફૂટ ઊંચાઈ પર આવેલ છે.

• તાશીગંગ હિમાચલની મંડી લોકસભા સીટ અંતર્ગત આવે છે.

• મંડી લોકસભા ક્ષેત્ર 17 વિધાનસભા સાથે ભારતનું બીજા ક્રમનું સૌથી મોટુ મતદાન ક્ષેત્ર છે.

• તાશીગંગ ભારત-ચીન સરહદથી 29 કિમી.દૂર આવેલ છે.

• તાશીગંગ મતદાન મથકમાં તાશીગંગ અને ગેટે બે ગામના 48 મતદાતાનો સમાવેશ થાય છે.

• હિમાચલ પ્રદેશની રાજધાની શિમલા છે (ધર્મશાળા શિયાળા દરમ્યાનની રાજધાની છે).

• હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જય રામ ઠાકુર છે.

• હિમાચલ પ્રદેશના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત છે.

**લોકપાલ**

• તાજેતરમાં લોકપાલના નવનિયુક્ત સભ્યોએ શપથ લીધા.તેમને દેશના પ્રથમ લોકપાલ પિનાકીચંદ્ર ઘોષે શપથ લેવડાવ્યા.

• પિનાકી ઘોષ લોકપાલના અધ્યક્ષ છે. લોકપાલમાં એક અધ્યક્ષ અને 8 સભ્યો હોય છે.

• લોકપાલના નિયમો અનુસાર સમિતિમાં 8 સભ્યો પૈકી ચાર સભ્યો ગેર-ન્યાયીક્ષેત્રના હોય છે.

• લોકપાલના ચાર ન્યાયક્ષેત્રે જોડાયેલ સભ્યોમાં જસ્ટિસ દિલિપ ભોસલે પ્રદીપકુમાર મોહંતી, અભિલાષા કુમારી અને અજય કુમાર ત્રિપાઠીનો સમાવેશ થાય છે.

• લોકપાલના ચાર ગેર-ન્યાયીક્ષેત્રના સભ્યોમાં અર્ચના રામાસુંદરમ (સશત્ર સીમા બળના પ્રથમ મહિલા પ્રમુખ), દિનેશકુમાર જૈન (મહારાષ્ટ્રના મુખ્ય સચિવ) મહેન્દ્રકુમાર (પૂર્વ આઈઆરએસ અધિકારી) તથા ઈન્દ્રજીત પ્રસાદ ગૌતમ (ગુજરાત કેડરના પૂર્વ આઈએએસ અધિકારી)નો સમાવેશ થાય છે.

• થોડા સમય અગાઉ સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ જજ પિનાકીચંદ્ર ઘોષને દેશના પ્રથમ લોકપાલ તરીકે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા પદની ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા.

• "લોકપાલ નિમણૂંક સમિતિ" દ્વારા દેશના પ્રથમ લોકપાલના નામની મંજૂરી આપવામાં આવી હતી.

**લોકપાલ મુખ્યમાહિતી**

• લોકપાલ નિમણૂંક સમિતિની રચના પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવી હતી.

- લોકપાલ નિમણૂંક સમિતિના સભ્યો તરીકે લોકસભા સ્પીકર, લોકસભાના વિપક્ષ નેતા,ભારતના મુખ્ય ન્યાયાધીશ, સર્વોચ્ચ અદાલતના એક ન્યાયાધીશ અને એક ઉચ્ચ કાયદાશાસ્ત્રી હોય છે.
- જસ્ટીસ ઘોષ મે-2017માં સર્વોચ્ચ અદાલતમાંથી નિવૃત્ત થયા હતા અને હાલ તેઓ માનવાધિકાર પંચના સભ્ય છે.
- લોકપાલના અધ્યક્ષ બનવા માટે ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અથવા સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશની લાયકાત જરૂરી છે.
- સમિતિના આઠ સભ્યો પૈકી ચાર સભ્યો ન્યાયપાલિકાના હોય છે, જ્યારે બાકીના ચાર સભ્યોમાં એસસી, એસટી, ઓબીસી,લઘુમતી અને મહિલા હોવા ફરજિયાત છે. તેમની વય 70 વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- લોકપાલ અધ્યક્ષ અને સભ્યોનો સમયગાળો 5 વર્ષનો છે.
- તેમનો પગાર સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ જેટલો હોય છે.
- લોકપાલ વર્તમાન તેમજ પૂર્વ વડાપ્રધાન, વર્તમાન તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી, સંસદસભ્યો, સરકારી તેમજ જાહેરઠક્ષેત્રના કર્મચારીઓ અને 10 લાખથી વધુ વિદેશી યોગદાન મેળવતા એનજીઓની તપાસ કરી શકે છે.
- વિશ્વના સૌપ્રથમ લોકપાલની નિમણૂંક વર્ષ 1809માં સ્વીડન ખાતે કરવામાં આવી હતી.
- ભારતમાં સૌપ્રથમ વર્ષ 1971માં લોકપાલની નિમણૂંક અંગે ખરડો રજૂ થયો હતો.
- ત્યારબાદ વર્ષ 1985માં તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીએ આ અંગે ખરડો રજૂ કર્યો હતો.

### YONO CASH -SBI

- તાજેતરમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા ગ્રાહકોની સુવિધા માટે YONO CASH સેવા શરૂ કરવામાં આવી.
- આ સેવા અંતર્ગત ગ્રાહક ડેબિટ કાર્ડનો ઉપયોગ વિના પણ ATM મારફતે નાણાં ઉપાડી શકશે.
- ગ્રાહકો માટે શરૂ કરવામાં આવેલ YONO CASH સેવા SBIના ડિજિટલ બેકિંગનો એક ભાગ છે.
- SBIના ગ્રાહકો YONO એપ્લીકેશન ડાઉનલોડ કરી આ સેવાનો લાભ લઈ શકશે.
- YONO CASH માટે ભારતભરમાં SBI દ્વારા 16500 ATM પર આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.
- YONOનું પુરૂ નામ YOU ONLY NEED ONE છે.
- ATM – automated teller machine
- SBI ભારતની સૌથી મોટી બેન્ક છે.

### એસબીઆઈ મુખ્ય માહિતી

- અધ્યક્ષ - રજનીશકુમાર
- મુખ્ય મથક - મુંબઈ
- સ્થાપના- 1 જુલાઈ, 1955

1. વિશ્વનું સૌથી ઉંચુ મતદાન મથક ક્યુ છે?
- તાશીગંગ, હિમાચલ પ્રદેશ
2. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જણાવો?
- જયરામ ઠાકુર
3. દેશના પ્રથમ લોકપાલનુ નામ જણાવો?
- પિનાકીચંદ્ર ઘોષ
4. લોકપાલ અધ્યક્ષ અને સભ્યોનો સમયગાળો કેટલો હોય છે?
- 5 વર્ષનો
5. ભારતમાં સૌપ્રથમ ક્યા વર્ષમાં લોકપાલની નિમણૂંક અંગે ખરડો રજૂ થયો?
- 1971

**30.March 2019**

### ઈઝરાયલ – વિશ્વની સૌથી લાંબી મીઠાની ગુફા

- ઈઝારયલના સંસશોધકોએ ડેડ સી (મૃત સમુદ્ર) નજીક માઉન્ટ સોડોમમાં વિશ્વની સૌથી લાંબી મીઠાની ગુફા શોધી કાઢી.
- તેની લંબાઈ 10 કિમી.થી વધુ છે.
- માઉન્ટ સોડોમ ઈઝરાયલનો સૌથી લાંબો પહાડ છે. આ ગુફાનું નામ માલ્હમ છે.
- તે ડેડ સીના દઠક્ષિણ-પશ્ચિમી ખૂણા સુધી ફેલાયેલી છે.
- વિશ્વની સૌથી લાંબી મીઠાની ગુફાનો રેકોર્ડ આ અગાઉન ઈરાનના નામે હતો.
- યુનિવર્સિટીના ગુફા સંશોધન કેન્દ્ર (સીઆરસી), ગુફા સંશોધક કલબ અને બલ્ગેરીયાની સોફિયા સ્પેલિયો કલબે 9 દેશના 88 સંશોધક સાથે તાજેતરમાં જ ગુફાની વીડિયોગ્રાફી પૂરી કરી છે.

**ઈઝરાયલની મુખ્ય માહિતી -**

- રાષ્ટ્રપતિ – રેવેન રિવિલિન
- કેપિટલ – જેરૂસલેમ
- વડાપ્રધાન–બેન્જામિન નેતાનાહુ

### કાઉન્સિલમેન રોબર્ટ કાર્નેગી – વિશ્વના સૌથી ઊંચા પુરુષ

- અમેરિકામાં ન્યૂયોર્ક સિટીના 7 ફૂટ 10 ઈંચ ઊંચા કાન્સિલમેન રોબર્ટ કાર્નેગીને વિશ્વના સૌથી ઊંચા પુરુષ રાજકારણીનો ખિતાબ મળ્યો છે. તેમને સિટી હોલમાં સન્માનિત કરાયા.
- તેને ગિનીસ બુક દ્વારા વર્લ્ડ રેકોર્ડનું સર્ટિફિકેટ સોંપવામાં આવ્યું.
- 14 જાન્યુઆરીએ રોબર્ટનું નામ વિશ્વના સૌથી ઊંચા રાજકારણીઓની યાદીમાં સામેલ થયું હતું..
- અગાઉ આ રેકોર્ડ બ્રિટિશ સાંસદ લુઈસ ગલસ્ટીનના નામે હતો. તેમની ઊંચાઈ 6 ફૂટ 7 ઈંચ હતી.

### ભારતની વિવિધ કોફી જાતોને GI ટેગ

- તાજેતરમાં વિવિધ ભારતની વિવિધ કોફી જાતોને GI ટેગ આપવામાં આવ્યા.
- ભૌગોલિક સંકેત રજીસ્ટ્રી દ્વારા કુર્ગ અરેબિકા કોફી, વાયંદ રોબસ્ટા કોફી, ચિકમંગલૂર અરેબિકા કોફી, અરાકુ વેલી કોફી તથા બાબાબુદનગિરિ અરેબિકા કોફીને GI ટેગ આપવામાં આવ્યા.
- કુર્ગ અરેબિકા કોફી કર્ણાટકના કોડાગુ જિલ્લાની પ્રખ્યાતકોફી છે.
- વાયંદ રોબસ્ટા કોફી કેરલમાં થાય છે તે કેરલની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ હિસ્સો ધરાવે છે.
- ચિકમંગલૂર અરેબિકા કોફીનું ઉત્પાદન ચિકમંગલૂર જિલ્લામાં થાય છે. ભારતમાં સૌપ્રથમ કોફી ઉત્પાદન ચિકમંગલૂર જિલ્લામાં થયું હતું.
- અરાકુ વેલી કોફીનું ઉત્પાદન આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ અને ઓડિશના કોરાપુર જિલ્લામાં થાય છે.
- બાબાબુદનગિરિ અરેબિકા કોફીનું ઉત્પાદન કર્ણાટકના બાબાબુદનગિરિ ક્ષેત્રમાં થાય છે.

**GI ટેગ**

- GI ટેગ તે વસ્તુ અથવા ઉત્પાદનને આપવામાં આવે છે જે વિશિષ્ટ ક્ષેત્રે પ્રતિનિધિત્વ કરી હોય અથવા વિશિષ્ટ સ્થાન પર જ મળતી હોય.
- GI ટેગ કૃષિ ઉત્પાદનો, પ્રાકૃતિક વસ્તુઓ તથા નિર્મિત વસ્તુઓ તેમની વિશિષ્ટ ગુણવત્તા માટે આપવામાં આવે છે. આ ટેગ 10 વર્ષ માટે આપવામાં આવે છે, જે બાદમાં રિન્યૂ કરી શકાય છે.
- થોડા સમય અગાઉ કેન્દ્રિય નાગરિક વિમાન મંત્રાલય દ્વારા ગોવાના ડાબોલીંમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે દેશનો પ્રથમ GI ટેગ સ્ટોર શરૂ કરવામાં આવ્યો હતો.
- GI ટેગ પ્રાપ્ત ઉત્પાદન – દાર્જીલીંગ ચા, તિરૂપતિ લાડુ, કાંગડા પેંટીંગ, નાગપુર સંતરા, કશ્મીર પશ્મિના, ઓડિશાની કંધમલ હળદર વગેરે, મરયુર ગોળ, ઈરોડની હળદર,સિરસી સોપારી.

**વિવેક ગુપ્તા – લોજિસ્ટિક ડાયરેકટર**

- તાજેતરમાં વિવેક ગુપ્તાએ સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયામાં કાચા માલ અને લોજિસ્ટિક વિભાગમાં ડાયરેકટર તરીકે કાર્યભાર સંભાળ્યો.
- તેઓ વર્ષ 1980માં સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયામાં સિવિલ ઈજનેર તરીકે જોડાયા હતા..
- સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ભારતની સૌથી મોટી સ્ટીલ નિર્માતા કંપની છે.
- તે વિશ્વની 24મી સૌથી સ્ટીલ નિર્માતા કંપની છે.
- તેની સ્થાપના વર્ષ 1954માં ભારત સરકાર દ્વારા કરવામાં આવી હતી.
- તેનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે આવેલ છે.
- તેના ચેરમેન અનિલકુમાર ચૌધરી છે.

**IDBI – ઈન્ડિયન ડેવલોપમેન્ટ બેન્ક ઓફ ઈન્ડિયા**

- તાજેતરમાં ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા આઈડીબીઆઈ બેન્કને જાહેર બેન્કોની યાદીમાથી દૂર કરી ખાનગી બેન્કોની યાદીમાં સામેલ કરવામાં આવી.
- થોડા સમય અગાઉ ભારતીય જીવન વીમા નિગમ દ્વારા આઈડીબીઆઈ બેન્કના 51% શેર ખરીદવામાં આવ્યા હતા.
- આથી જાહેર ક્ષેત્રની આ બેંકને ખાનગી ક્ષેત્રની જાહેર કરવામાં આવી હતી.
- તે વિશ્વની 24મી સૌથી સ્ટીલ નિર્માતા કંપની છે.
- આઈડીબીઆઈની સ્થાપના વર્ષ 1964માં થઈ હતી.
- તેનું મુખ્ય મથક મુંબઈ ખાતે આવેલ છે.
- તેની સ્થાપના ભારતીય રિઝર્વ બેન્કની સંપૂર્ણ માલિકી અંતર્ગત પેટા બેન્ક તરીકે થઈ હતી.
- વર્ષ 1976માં આ બેન્કની માલિકી આરબીઆઈ દ્વારા કેન્દ્ર સરકારને આપવામાં આવી હતી.

**ફિનટેક કેન્કલેવ 2019**

- નીતિ આયોગ દ્વારા ફિનટેક કોન્કલેવ 2019નું આયોજન નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યુ હતું.
- આ કાર્યક્રમનું ઉદઘાટન ભારતીયા રિઝર્વ બેન્કના ગર્વનર શક્તિકાન્ત દાસ દ્વારા કરવામાં આવ્યું હતું.
- ફિનટેક કોન્કલેવ 2019નું આયોજન નાણાંકીય ટેકનોલોજી ક્ષેત્રે સુધાર કરવા એન નવી નીતિઓના નિર્માણ પર ચર્ચા કરવાના હેતુથી કરવામાં આવ્યું હતું.
- આ કોન્કલેવમાં કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલય, બેન્કર્સ સેવા પ્રદાતાઓ ઉદ્યોગપતિઓ સહિત 300 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

---

1. વિશ્વની સૌથી મોટી મીઠાની ગુફા ક્યા દેશમાં મળી?- ઈઝરાયલ
2. ઈઝરાયલની રાજધાની જણાવો? - જેરુસલેમ
3. તાજેતરમાં કોને વિશ્વના સૌથી ઊંચા પુરૂષ રાજકારણીનો ખિતાબ મળ્યો?- કાઉન્સિલમેન રોબર્ટ કોર્નેગી
4. GI ટેગ મળેલ દુર્ગ અરેબિકા કોફી ક્યા રાજ્યની પ્રખ્યાત કોફી છે?- કર્ણાટકના, કોડાગુ જિલ્લાની

**31.March 2019**

**ભારતના પ્રથમ મહિલા ડોકટર આનંદીબાઈ જોષી**

- ભારતના પ્રથમ મહિલા ડોકટર આનંદીબાઈ જોષીની આજે 154મી જન્મજયંતિ છે.
- તેમનો જન્મ 31 માર્ચ, 1865ના રોજ મહારાષ્ટ્રના પૂણેમાં થયો હતો.
- આનંદીબાઈનું નાનપણનું નામ યમુના હતું.

- તેમના લગ્ન વિધુર ગોપાળરાવ સાથે થયા. પતિએ આનંદીબાઈ નામ આપ્યું.
- આનંદીબાઈએ 1883માં અમેરિકાની પેનસિલવેનિયાની વુમન મેડિકલ કોલેજમાં પ્રવેશ લીધો 12 માર્ચ, 1886ના રોજ એમડી પદવી મળી.
- વર્ષ 1887માં તેમનું અવસાન થયું હતું.

**રાજસ્થાન સ્થાપના દિન – 30 માર્ચ**

- 30 માર્ચના રોજ રાજસ્થાન સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી.
- રાજસ્થાનની સ્થાપના 30 માર્ચ,1949ના રોજ થઈ હતી.
- રાજસ્થાન દેશનું સૌથી વધુ વિસ્તાર ધરાવતું રાજ્ય છે.
- વસ્તીની દ્રષ્ટિએ રાજસ્થાન ભારતનું સાતમાં ક્રમનું રાજ્ય છે.
- રાજસ્થાન ભારતનું સૌથી મોટુ રણ “થાર” ધરાવે છે. તેનો વિસ્તાર 60% વિસ્તાર રાજસ્થાનમાં આવેલ છે.
- રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશ સાથે આંતરરાજ્ય સરહદ ધરાવે છે.
- રાજસ્થાન પાકિસ્તાન સાથે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે.
- રાજધાની - જયપુર
- રાજ્યપાલ - કલ્યાણસિંહ
- મુખ્યમંત્રી – અશોક ગહલોત
- ઉપ મુખ્યમંત્રી – સચિન પાઈલોટ

**લંગકાવી ઈન્ટરનેશનલ મેરીટાઈમ એરો એક્સ્પો - 2019**

- તાજેતરમાં મલેશિયા ખાતે લંગકાવી ઈન્ટરનેશનલ મેરીટાઈમ એરો એક્સ્પો 1019 (LIMA-19) નું આયોજન થયું.
- તેનું ઉદઘાટન મલેશિયાના પ્રધાનમંત્રી મહાતિરબિન મોહમ્મદ દ્વારા કરવામાં આવ્યું.
- આ મેરીટાઈમ એરો એકસપોમાં ભારતીય વાયુસેના પ્રથમ વખત ભાગ લઈ રહી છે.
- આ LIMAનું 15મું આયોજન છે.
- આ એકસપોમાં ભારતીયા વાયુસેના સ્વેદશી નિર્મિત લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસનું પ્રદર્શન થયું
- તેજસનું નિર્માણ હિન્દુસ્તાન એરોનોમિકસ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.
- તેજસ સાથે આ એકસપોમાં આઈએનએસ કદમત્ત સ્ટેલ્થ એન્ટિસબમરીન કાર્વેટ ભાગ લઈ રહી છે.
- લંગકાવી ઈન્ટરનેશનલ મેરીટાઈમ એરો એકસપો ઉદ્યોગ જગતનું સ્ટેકહોલ્સ પ્લેટફોર્મ છે.
- આ એકસપોનું પ્રથમ આયોજન વર્ષ 1991માં થયું હતું.

**ડૉ. રાજેન્દ્ર જોશી– પ્રવાસી ભારતીય સન્માન**

- તાજેતરમાં સ્વિટઝરલેન્ડના વતની એનઆઈરઆઈ ડૉ. રાજેન્દ્ર જોશીને પ્રવાસી ભારતીય સન્માનથી સન્માનીત કરવામાં આવ્યા.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તાક્ષર કરેલ પ્રમાણપત્ર સાથે સ્વીટ્ઝરલેન્ડના ભારતીય એમ્બેસેડર સીબી જ્યોર્જ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું.
- ડૉ. રાજેન્દ્ર જોશીને આ સન્માન તેમના વિજ્ઞાન ક્ષેત્રના યોગદાન બદલઆપવામાં આવ્યું.
- પ્રવાસી ભારતીય સન્માન ભારતીય મૂળના વ્યક્તિઓ અને તેમના દ્વારા શરૂ કરવામાં આવેલ સંસ્થાઓને આપવામાં આવે છે.

**સ્કાયટેક્સ વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ 2019**

- તાજેતરમાં સ્ક્યટેકસ વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ 2019 એનાયત કરવામાં આવ્યા.
- આ એવોર્ડ યુનાઈટેડ કિંગડમની કંસ્લેટંસી ફર્મ સ્કાયટેકસ દ્વારા આપવામાં આવ્યા.
- આ પુરસ્કાર લંડન ખાતે યોજાયેલ પેસેંજર ટર્મિનલ એકસપો 2019માં અપાયા.
- સ્કાયટેકસ વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ 2019માં સિંગાપુરના ચાંગી એરપોર્ટને વિશ્વના સૌથી શ્રેષ્ઠ એરપોર્ટનો એવોર્ડ એનાયત થયો.
- ચાંગી એરપોર્ટએ સાતમી વખત આ સન્માન જીત્યું છે.
- ટોક્યો આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (હાનેડા) વિશ્વના સૌથી શ્રેષ્ઠ એરપોર્ટમાં બીજા સ્થાને છે.
- વિશ્વના સૌથી શ્રેષ્ઠ એરપોર્ટમાં ત્રીજા સ્થાને દક્ષિણ કોરિયાનું ઈંચોયોન એરપોર્ટ છે.
- આ યાદીમાં ભારતના દિલ્હી ખાતે આવેલ ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ 59માં સ્થાને છે જે વર્ષ 2018માં 66માં સ્થાને હતું.
- મુંબઈનું છત્રપતિ શિવાજી એરપોર્ટ 64મુ સ્થાન ધરાવે છે. જે વર્ષ 2018માં 63માં સ્થાને હતું.
- આ યાદીમાં હૈદરાબાદનું રાજીવ ગાંધી એરપોર્ટ અને બેંગલોરનું કેમ્પગૌડા એરપોર્ટ અનુક્રમે 66માં અને 69માં સ્થાને છે.

---

1. ભારતના પ્રથમ મહિલા ડોકટરનું નામ જણાવો? - આનંદીબાઈ જોષી
2. આનંદીબાઈ જોષીનું બાળપણનું નામ જણાવો? - યમુના
3. દેશનું સૌથી વધુ વિસ્તાર ધરાવતુ રાજ્ય જણાવો?
- રાજસ્થાન
4. તાજેતરમાં પ્રવાસી ભારતીય સન્માન વિજેતા જણાવો?
- ડૉ. રાજેન્દ્ર જોષી
5. સ્કાય ટેકસ વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ-2019 વિજેતા જણાવો?
- ચાંગી એરપોર્ટ, સિંગાપુર